ISSN-0971-8397

# યોજના

મે-૨૦૧૫ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૧૦

## પ્રવાસન : ઊભરતો ઉદ્યોગ

ઇ-ટુરિસ્ટ વિઝા : પ્રવાસન માટે વિઝાનાં ઉદાર નિયંત્રણો

માળખાંકીય વિકાસ અને પ્રવાસન વિકાસ

ભારતમાં પર્યટન વિકાસની સંભાવના


મેડિકલ ટુરિઝમ : ભારતમાં વિકસતો ઉદ્યોગ













## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**

**જૂન ૨૦૧૫**

**વૈકલ્પિક દવાઓ**

**(Alternative Medicine)**

# યોજના

YR. XLIII VOL. II

નિયામક અને મુખ્યતંત્રી
**દીપિકા કચ્છલ**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**


આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.


યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.



| | |
|---|---|
| **છૂટક નકલ** | **: રૂ. ૧૦-૦૦** |
| **વાર્ષિક લવાજમ** | **: રૂ. ૧૦૦-૦૦** |
| **બે વર્ષ** | **: રૂ. ૧૮૦-૦૦** |
| **ત્રણ વર્ષ** | **: રૂ. ૨૫૦-૦૦** |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦


# આયોજન અને વિકાસને સમર્પિત


**વર્ષ : ૪૩ અંક : ૨ મે-૨૦૧૫ સળંગ અંક : ૭૭૩**


## વિષયસૂચિ


| | | |
|---|---|---|
| મેડિકલ ટુરિઝમ - ભારતમાં 'વિકસતો ઉદ્યોગ' | ડૉ. હરિહરણ | ૫ |
| ભારતમાં પર્યટન વિકાસ માટેની સંભાવનાઓ | રત્નદીપ બેનરજી | ૧૦ |
| ઈ-ટુરિસ્ટ વિઝા : પ્રવાસન માટે વિઝાના નિયંત્રણો ઉદાર બનાવતી વ્યવસ્થા | શ્રીમતી નાનુ ભસિન, નવનીત કૌર | ૧૫ |
| પ્રવાસન ઉદ્યોગસાહસિકતા – વિકાસ સાધવા માટેની મહત્ત્વપૂર્ણ ચાવી | પ્રો. જી. અંજનેય સ્વામી | ૧૯ |
| માળખાકીય સુવિધાઓ અને પ્રવાસન વિકાસ | મનોજ દીક્ષિત | ૨૩ |
| ભારતમાં વિદેશી પ્રવાસીઓ : એક વિહંગાલોકન | ડૉ. ભાવેશ વિ. ભટ્ટ | ૩૪ |
| દાંડી : એક ઐતિહાસિક પ્રવાસ | ધનુશ્રી ઉદાગે | ૩૬ |
| પ્રવાસન ક્ષેત્રે ગુજરાત | મુસ્તુફા જે. મનસુરી | ૩૯ |
| ગુજરાતના પ્રવાસન સ્થળો | પ્રો. ડી. એમ. રોહિત | ૪૧ |
| ભારતમાં રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની ભૂમિકા | મનોજકુમાર સિન્હા | ૪૩ |
| ધંધા-વ્યવસાયના નફા અને લાભની આવક : ઈન્કમટેક્ષ રિટર્ન-૦૬ના સંદર્ભમાં... | ડૉ. એન. એમ. મુનશી | ૪૬ |
| જય જય 'બ્રાન્ડ' ગુજરાત (ગુજરાત સ્થાપના દિનને અનુલક્ષીને) | કૃષ્ણકાંત ઉનડકટ | ૫૦ |
| એન.ડી.એ. સરકારને એક વર્ષ | દિગંત ક. દવે | ૫૨ |


### ટાઈટલ


- આવરણ ડિઝાઈન : – ૧
- યોજના જાહેરાત : – ૨
- વિદેશી બાબતોના ક્ષેત્રે સફળ સોપાન : – ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : – ૪



**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

# તંત્રીલેખ

## પ્રવાસનને પ્રોત્સાહન

**સ**મગ્ર વિશ્વ એક પુસ્તક છે અને જેઓ પ્રવાસ નથી કરતાં તેઓ કેવળ એક પાનું જ વાંચે છે.'' સેન્ટ ઑગસ્ટાઈનનું આ કથન સાચે જ પ્રવાસના જુસ્સાને, પ્રવાસના આહ્લાદક અનુભવનું બયાન કરે છે. ભારત એક એવો વાયબ્રન્ટ દેશ છે જે વિશ્વ બહારના પ્રવાસીઓને આકર્ષે છે. આપણા દેશનું સૌંદર્ય, ઐતિહાસિક સ્મારકો, વારસાગત ઈમારતો તેમજ સંસ્કતિ, પ્રવાસી સ્થળો, લોકો વગેરેના સંદર્ભમાં આપણા દેશોમાં રહેલું વૈવિધ્ય પ્રવાસનની વિપુલ શક્યતા ઊભી કરે છે. તાજેતરમાં એમાં શૈક્ષણિક અને મેડિકલ પ્રવાસન, સાહસ, ગ્રામીણ તથા ઈકો ટૂરિઝમ જેવાં ક્ષેત્રોએ પ્રવાસન ઉદ્યોગ માટે નવી દિશા ખોલી આપી છે. કેવળ આંતરરાષ્ટ્રીય નહીં, પરંતુ દેશના આંતરિક પ્રવાસને પણ વિકાસની હરણફાળ ભરી છે. તાજેતરની ઉપલબ્ધ વિગતો મુજબ છેલ્લા દાયકામાં ભારતીય પ્રવાસન ઉદ્યોગનો ફાળો જીડીપીમાં ૬.૬ ટકા રહ્યો છે.

વિશ્વભરમાં પ્રવાસન ક્ષેત્ર રોજગારી સર્જન, વિદેશી હૂંડિયામણની આવક અને આર્થિક વિકાસની દૃષ્ટિએ મહત્ત્વનું યોગદાન આપે છે. એક અનોખી સંસ્કૃતિ, કુદરતી સૌદર્ય વારસો, જીવંત બજાર, પ્રણાલિગત મહેમાનગતિ વગેરેને કારણે ભારત પ્રવાસનની દૃષ્ટિએ સમૃદ્ધ છે. કેવળ જરૂર છે તેને આકર્ષક રીતે વિશ્વ સમક્ષ મૂકવાની. કોઈપણ દેશનું પ્રવાસન ક્ષેત્ર માળખાગત સુવિધા, રહેવાની સગવડ, વાહનવ્યવહાર અને આગતા-સ્વાગતા જેવી સુવિધાઓમાં સ્પર્ધાત્મકતાને આધારે સમૃદ્ધ બને અને આ એવાં ક્ષેત્રો છે જ્યાં કેન્દ્રથી માંડીને રાજ્ય સરકારો અને ઉદ્યોગ-સાહસિકો તથા સમગ્ર રીતે જોતાં સમાજ - જેવા હિસ્સેદારોની ભૂમિકા મહત્ત્વની બને છે.

સરકારની નીતિઓ પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા તથા વિકાસને સુવિધા આપવા એક ફ્રેમવર્ક પૂરું પાડે છે. પ્રવાસીઓને આકર્ષવા માટે વ્યૂહરચના અને માર્ગદર્શિકા અમલી બનાવવામાં સહાયક બને, રોજગારી માટે તકો અને સંસાધનો પૂરાં પાડવાની પહોંચ એ દ્વારા પ્રાપ્ત થાય. હાલની સરકારનું ધ્યેય ૨૦૧૬-૧૭ના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના આગમન (આઈ.ટી.એ.) એક ટકાની સિદ્ધિ હાંસલ કરવાનું છે. તાજેતરમાં આ દિશામાં લેવાયેલ પગલું વિઝા-ઓન-અરાઈવલ છે. વિશ્વના ૪૪ દેશોમાં આ સુવિધા શરૂ કરાઈ છે. વધુ ૧૦૬ દેશોમાં તે સુવિધા વિસ્તારવામાં આવશે. આ દિશામાં લેવાયેલ અન્ય પગલાંઓમાં ટુર ઑપરેટરો તેમજ વર્ગીકૃત હૉટેલ્સની યાદી માટે મોબાઈલ એપ્લીકેશન, પ્રવાસનનું ઈ-મેનેજમેન્ટ તથા હૉસ્પિટાલિટી ઈન્સ્ટિટ્યૂટ વગેરનો સમાવેશ થાય છે. થીમ આધારિત પ્રવાસ સરકીટના વિકાસ માટે 'સ્વદેશ દર્શન', પ્રવાસી સ્થળોના પુનઃનિર્માણ, બધાં ધર્મનાં પ્રવાસી સ્થળોની સુધારણા - જેવી યોજના દ્વારા ૨૦૧૬-૧૭ના અંત સુધીમાં ભારતની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યા ૧૪૫ કરોડ કરવાની ધારણા છે. આ ઉપરાંત રોજગારી વધારવા માટે ''હુન્નર સે રોજગાર તક'' અને ''હુન્નર ઝાયકા'' જેવા કાર્યક્રમો અમલી બનાવાયા છે.

આમ છતાં, આ બધી યોજનાઓનું આર્થિક મૂલ્ય વધારવા ઉદ્યોગ-સાહસિકોનું વિઝન અને કૌશલ્ય મહત્ત્વનો ભાગ ભજવશે. ઉદ્યોગ સાહસિકો તેના પોતાના નાણાકીય લાભ માટે તેમજ સમાજને કંઈક વધુ સારું આપવા સંસાધનોનો કુશળ રીતે ઉપયોગ કરશે. પ્રવાસન ઉદ્યોગ તેમાં આનુષંગિક ક્ષેત્રો સાથે મળીને ટ્રાન્સપોર્ટેશન, આવાસ સુવિધા અને કેટરિંગ, ટૂર પેકેજ, મનોરંજન વગેરે જેવી વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ ઑફર કરે છે. નવીન તથા બિન-પ્રણાલિગત પ્રવાસી સ્થળોને ઓળખવા, વણખેડાયેલ પ્રવાસી સ્થળોને પ્રોત્સાહન - જેવી બાબતો સફળ ઉદ્યોગ-સાહસિકતા અને ભારતમાં પ્રવાસનને ગતિશીલતા આપવા માટે ચાવીરૂપ ભાગ ભજવે છે.

''અતિથિ દેવો ભવ'' એ આપણા દેશનો આદર્શ છે, જેમાં પ્રવાસીને 'અતિથિ'નો દરજ્જો મળે છે અને સમાજ 'યજમાન'ની ફરજ બજાવે છે. આમ છતાં, લાંબાગાળે સમાજ ''સર્વિસ પ્રોવાઈડર'' અને અંતે લાભાર્થી બને છે. સમાજના સમાવેશક વિકાસ માટે પ્રવાસન એ એક સચોટ માધ્યમ છે અને સરવાળે તે વિકાસ અને ગરીબી ઉન્મૂલનમાં યોગદાન આપે છે. આમ છતાં, આ ઉદ્યોગે એ રીતે વિકાસ સાધવો પડશે જે સાતત્યપૂર્ણ રહે અને સમાજ તથા પર્યાવરણ માટે બિનનુકસાનકારક પણ બને. પ્રવાસીઓની સલામતી, સુરક્ષા અને પ્રવાસીઓ તથા યજમાન સમાજનું હકારાત્મક મનોવલણ, પ્રવાસનને રચનાત્મક દિશા તરફ આગળ વધવામાં અગત્યનો ભાગ ભજવે છે.

ભારતના પ્રવાસન ઉદ્યોગનું ભાવિ ચોક્કસ ઉજ્જવળ છે, પરંતુ હજી આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે. ફિલોસોફર લોઓ-ત્ઝુંએ સાચું જ કહ્યું છે કે, હજારો માઈલની સફરની શરૂઆત એક પગલાંથી કરવાની છે અને તાજેતરમાં લેવાયેલ પગલાઓ જોતાં જણાય છે કે આપણે એ પગલું ભરી લીધું છે.

# મેડિકલ ટુરિઝમ - ભારતમાં 'વિકસતો ઉદ્યોગ'

• ડૉ. હરિહરણ •

પરંપરાગત રીતે પ્રવાસનની વ્યાખ્યા એવી છે કે તમે જ્યાં રહેતા હો, તેનાથી દૂર એવી જગ્યા કે જ્યાં તમે ટૂંકા ગાળા માટે તમે આરામની પળો માટે, નવસર્જન માટે કે અન્ય કારણોસર તેની મુલાકાત લેવાની હોય. આમ છતાં વર્ષોથી 'પ્રવાસન' શબ્દ માત્ર નવરાશની પળો કે સર્જનાત્મક સમય વિતાવવા પૂરતો મર્યાદિત રહ્યો નથી. છેલ્લા ઘણાં દાયકાઓથી, આરોગ્ય પ્રત્યે સજાગતામાં વધારો થવાથી, આંતરમાળખાકીય સુવિધાઓ અને ખાસ કરીને તબીબી ક્ષેત્રે કુશળતામાં વધારો થવાથી જે વિકાસ થયો તેને મેડિકલ ટુરિઝમ કે તબીબી પ્રવાસન તરીકે ઓળખવામાં આવે છે. આ શબ્દની રચના આરોગ્ય અને પ્રવાસન ક્ષેત્રે ઝડપથી થયેલા વિકાસને કારણે ટ્રાવેલ્સ એજન્સી અને સમૂહ માધ્યમો દ્વારા કરવામાં આવી છે. હવે આ એક વૈશ્વિક ઘટના બની ગઈ છે કે સમગ્ર વિશ્વના લોકો મેડિકલ, ડેન્ટલ અને સર્જિકલ દ્વારા સારવાર માટે અલગ દેશ (આ કિસ્સામાં-ભારત)ની મુલાકાતે જાય ત્યારે તબીબી સારવારની સાથે જે તે દેશમાં જોવાલાયક સ્થળોની મુલાકાત લઈને ટૂંકું વૅકેશન પણ ગાળે છે. ભારતમાં, ખાસ કરીને મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે વિવિધ આકર્ષણો રહેલા છે જેમ કે આધુનિક, પરંપરાગત અને વૈકલ્પિક તબીબી સારવારનો સમાવેશ થાય છે તેમનું આ મુજબ વર્ગીકરણ કરી શકાય :

**આધુનિક/એલોપેથી ઉપચાર :** મુખેથી દવા લેવા ઉપરાંત તેમાં વાઢકાપ (સર્જરી)નો પણ સમાવેશ થાય છે. જેમ કે, સાંધાની ફેરબદલી, અંગોનું પ્રત્યારોપણ, નિદાનના પરિક્ષણો, સૌંદયની સર્જરી અને ખાસ સારવાર ઉપરાંત વંધ્યત્વ નિવારણ, લોહી અને લોહીની નસો સંબંધિત રોગોનો સમાવેશ થાય છે. વધુમાં તેમાં દાંતના ચોકઠા બનાવવા, દાંતનું પ્રત્યારોપણ, હાડકાંની સારવાર, વાળ દૂર કરવા, વાળનું પ્રત્યારોપણ અને છેલ્લે સ્પા અને સૌંધ્યની સારવારનો સમાવેશ થાય છે.

**આયુર્વેદ :** ભારતમાં ઈ.સ. પૂર્વે ૬૦૦થી આયુર્વેદ એટલે કે દેશી ઉપચાર પદ્ધતિની અનોખી આરોગ્ય સારવાર પદ્ધતિ અમલમાં છે. આયુર્વેદ એ દવા-ઉપચારની એક શાખા છે જે સંપૂર્ણપણે કુદરતી ઉપચાર પદ્ધતિ ઉપર આધારિત છે જેમાં શરીરની પીડાનું યોગ્ય નિદાન કરીને તેને સ્વસ્થ બનાવવાનું કામ કરે છે. આ કાયાકલ્પ અને રોગને મૂળથી મટાડવાની કુદરતી ઉપચાર પદ્ધતિએ તાજેતરના સમયમાં સીમાચિહ્નરૂપ લોકપ્રિયતા મેળવી છે.

**યોગા :** યોગા શબ્દ સંસ્કૃત શબ્દ 'યોગ'માંથી ઊતરી આવ્યો છે જેનો અર્થ 'સંઘ' એવો થાય છે. અનુમાનિત કે યોગા આપણને દિવ્યતા કે ઈશ્વર સાથે જોડાણ કરી આપે છે. તે શારીરિક અને આધ્યાત્મિક પદ્ધતિ છે કે જે તન-મન



અને મસ્તિકમાં અખંડતાનો એવો અનુભવ કરાવે છે કે બિનસાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર આધારિત છે. ભારત એક એવા દેશ તરીકે જાણીતો છે કે જ્યાં યોગા અને ધ્યાન એ જીવનનો એક ભાગ છે.

અન્ય વૈકિલ્પક ઉપચાર પદ્ધતિમાં હોમિયોપેથી, નેચરોપેથી, ધ્યાન અને સંગીત સારવાર પદ્ધતિ, સુગંધ આધારિત પદ્ધતિ, હીલીંગનો સમાવેશ થાય છે.

ભારતમાં સંખ્યાબંધ વિકલ્પો અને તકો ઉપલબ્ધ હોવાથી આપણાં દેશમાં અને તેની સાથે વિશ્વમાં મેડિકલ ટુરિઝમ સૌથી વધુ ઝડપે અને સૌથી વિશાળ રીતે વિકસતો ઉદ્યોગ બન્યો છે. વીમાથી રક્ષિત તથા તેવા લોકોની સંખ્યા અને ઊંચા કર વળતરને પ્રમાણ પણ ઊંચું જતાં તેમાંથી મોટા ભાગના પોતાના મૂળ વતનને બદલે બીજા દેશમાં સારવાર લેવાનું પસંદ કરી રહ્યા છે અને ત્યાં તેઓ સારવારનો ખર્ચ ચૂકવી રહ્યા છે. ભારતમાં મેડિકલ ટુરિઝમ હેઠળ દર્દીઓને ઓછા નાણાંમાં અથવા પરવડી શકે તેવી

કિંમતમાં મેડિકલ સારવાર મળે છે. ભારતમાં મેડિકલ સારવાર માટે વિદેશની જેમ કોઈ પ્રતીક્ષા યાદી હોતી નથી અને કુશળ તથા જાણીતા તબીબોની ઉપલબ્ધતાને લીધે વિશ્વના કોઈપણ મેડિકલ ટુરિસ્ટને ભારત આવવાનું આમંત્રણ આપે છે. વર્તમાન સમયમાં, મેડિકલ ટુરિઝમ પ્રત્યે એટલી બધી આશાઓ છે કે તે ખૂબ ઝડપી ગતિએ વૃદ્ધિ પામવાનું ચાલુ રાખશે અને પ્રવાસીઓને તેમના ઘરઆંગણે જે ખર્ચ થાય તેના ઓછા ભાગમાં તેઓ તબીબી સારવાર લેવાનું ચાલુ રાખશે.

મેડિકલ ટુરિઝમ ઉપરાંત, ભારત આંતરરાષ્ટ્રીય પ્રવાસ સ્થળોમાં એક શ્રેષ્ઠ સ્થળ માનવામાં આવે છે. ભારત તેના વર્તમાન સૂત્ર "અતિથિ દેવો ભવ" જેનો અર્થ મહેમાન ભગવાન સમાન છે, તે હેઠળ સેવા પૂરી પાડનારાઓને ખાતરી આપે છે કે તેઓ છેવટ સુધીની સેવા પૂરી પાડશે, જેમાં જે બાબતોનો સમાવેશ થાય છે તેમાં ખાસ પ્રકારની સારવાર, સારવારની સાથે આરામદાયક પ્રવાસ, ઓછી પડતરે સલાહ અને સારવાર અને સારવાર માટે રાહ જોવાનો કોઈ સમય વેડફવો પડતો નથી. ઉપરાંત તેની સાથે અતિ આધુનિક સાધનોથી સારવારનો લાભ મેળવે છે. ભારતમાં મોટા ભાગના પ્રવાસીઓ આફ્રિકા, સીઆઈએસ દેશો, મધ્ય-પૂર્વ અફઘાનિસ્તાન, ઈરાક અને બાંગલાદેશથી આવે છે. જોકે પ્રવાસીઓની આ સંખ્યા યુરોપ અને નોર્થ અમેરિકાના વિકસિત દેશો કરતાં ઓછી છે.

હાલમાં દર્દીઓ જે રોગની સારવાર લેવા આવે છે તેમાં તેઓ એન્જિયોપ્લાસ્ટી, હૃદયરોગની સારવાર, સાંધાનું ઑપરેશન, મોતિયા સહિત આંખનું ઑપરેશન, અંગોનું પ્રત્યારોપણ જેમાં લિવર અને કીડનીનો સમાવેશ થાય છે, આઈવીએફ, કેન્સરની સારવાર ઉપરાંત અન્ય જટિલ રોગોની સારવાર માટે આવે છે. તેમને જે ગુણવત્તાયુક્ત આરોગ્યની સારવાર મળે તે અતિ આધુનિક સજ્જતા સાથેની હૉસ્પિટલો, વીમા સુરક્ષા કવચનું વધતો જતું બજાર અને મજબૂત દવા ઉદ્યોગોને કારણે શક્ય બન્યું છે. અન્ય ચાવીરૂપ બાબતમાં સરકારની ભૂમિકામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા પ્રવાસન મંત્રાલયનો સમાવેશ થાય છે.

ભારતીય તબીબી આરોગ્ય પ્રવાસન સેવા ક્ષેત્ર નેટવર્ક અહેવાલ, પ્રાથમિક ટકાઉ, મજબૂત ઔદ્યોગિક નેટવર્ક અને તેનો અમલ લઘુ પ્રાદેશિક પર્યાવરણીય આયોજન (સીનેટ) પ્રમાણે, ભારત તેની અતિ આધુનિક તબીબી સેવાઓ કે જે વિલાયતી કુદરતી બક્ષીસ છે તે મેડિકલ ટુરિસ્ટ માટે એક આશિર્વાદરૂપ સમાન સાબિત થઈ છે. ભારતમાં મેડિકલ ટુરિઝમ ઉદ્યોગ અને સોફ્ટવેર ઉદ્યોગ પછી બીજા ક્રમનું બની ગયું છે. ભારતીય ઉદ્યોગોનું સંગઠન (સીઆઈઆઈ) અને મેકનીસે દ્વારા એવી આગાહી કરવામાં આવી છે કે ભારતમાં મેડિકલ ટુરિઝમ હૉસ્પિટલ ક્ષેત્રે વધુ આવક રળશે અને કુલ હેલ્થકેર બજારના ૩ થી ૫ ટકાનો હિસ્સો મેળવશે, ભારતીય મેડિકલ ટુરિઝમ ઉદ્યોગ વાર્ષિક ૩૦ ટકાના દરે વિકસી રહ્યો છે જે મુખ્યત્વે પશ્ચિમ એશિયા, મધ્યપૂર્વ આફ્રિકા અને કેટલીક હદે અમેરિકા અને યુરોપના દર્દીઓને કારણે તે શક્ય બની રહ્યું છે. જો કે તેના પ્રારંભિક તબક્કામાં આ ઉદ્યોગ અન્ય દેશો જેમ કે ગ્રીસ, દક્ષિણ આફ્રિકા, જોર્ડન, મલેશિયા, ફિલિપાઈન્સ અને સિંગાપોરના આવા જ ઉદ્યોગની સરખામણીએ યોગ્ય રીતે આગળ વધી રહ્યો છે.

ભારતની રાષ્ટ્રીય આરોગ્ય નીતિમાં જાહેર કરવામાં આવ્યું છે કે, વિદેશના દર્દીની સારવાર એ કાયદાકીય રીતે 'નિકાસ' ગણાશે અને નિકાસ કરનારાઓને જે નાણાકીય પ્રોત્સાહનો મળે છે તેવા જ નાણાકીય પ્રોત્સાહનો તેમને પણ મળવાપાત્ર ગણાશે. સરકાર અને ખાનગી ક્ષેત્રનો અભ્યાસ જણાવે છે કે, મેડિકલ ટુરિઝમ ભારતમાં ૧ બિલિયનથી ૨ બિલિયનની વચ્ચે (૧.૨૫ બિલિયન યુરો અને ૨.૫૦ બિલિયન યુરો)ની વચ્ચેનો બિઝનેશ લાવી શકવાની ક્ષમતા ધરાવે છે. વિવિધ સ્રોતના નાણાકીય અહેવાલ અંદાજ મૂકે છે કે ભારતમાં મેડિકલ ટુરિઝમ વાર્ષિક ૩૦ ટકાના દરે વધી રહ્યો છે. એક એવો અંદાજ છે કે ૨૦૧૫ના અંત સુધીમાં ભારત આ ક્ષેત્રમાં દોઢ મિલિયન ડૉલર કરતાં વધુની આવક મેળવશે. ભારતની અગ્રતા દર ધરાવતી શિક્ષણ પદ્ધતિ માત્ર કોમ્પ્યૂટર પ્રોગ્રામરો કે ઈજનેરો જ નહીં પણ દર વર્ષ અંદાજિત ૨૦ હજારથી લઈને ૩૦ હજાર ડૉક્ટરો અને નર્સોને પણ તૈયાર કરે છે. વર્તમાન બજાર વૃદ્ધિ દર ૩૦ ટકાની આસપાસ છે અને ભારત આ ક્ષેત્રના મોટા ખેલાડી દેશો જેમ કે

સિંગાપોર અને થાઈલેન્ડની નજીક પહોંચી રહ્યું છે. આગામી કેટલાંક વર્ષોમાં મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે ૪૦ મિલિયન નવી રોજગારીની તકોનું નિર્માણ કરવામાં મદદરૂપ નીવડશે.

આગામી વર્ષોમાં જે ક્ષેત્રમાં મોટા પાયે વિકાસ થવાની ક્ષમતા છે તેમાં આ મુજબનો સમાવેશ થાય છે :

**માર્કેટિંગ :** જાણીતી અને અગ્રગણ્ય હૉસ્પિટલો દ્વારા મેડિકલ ટુરિઝમ બજારમાં પોતાની હૉસ્પિટલો પ્રચાર ઇન્ટરનેટ, આરોગ્યની સારસંભાળ લેનારાઓ અને કેટલીકવાર વિદેશમાં રહેતા દર્દીઓની વ્યક્તિગત મુલાકાત લેવાની હોય છે ત્યારે તે માટે માર્કેટિંગ સાથે જોડાયેલા વ્યક્તિઓની જરૂર પડે છે.

**ભાષાકીય સેવાઓ :** અંગ્રેજી નહીં જાણતા દર્દીઓ કે જેઓ યુરોપ, આફ્રિકને અને પશ્ચિમ એશિયાના દેશોમાંથી સારવાર માટે ભારત આવતાં હોય ત્યારે તેમને તબીબી સારવાર અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડવા, તેમને સમજણ આપવા અનુવાદકો અનિવાર્ય હોય છે.

**બેંક ઑફિસ કાર્યવાહી :** મેડિકલ ટુરિઝમમાં બેંક ઑફિસ કામગીરી માટે ગુણવત્તાયુક્ત અને હૉશિયાર અનુભવી લોકોની જરૂર પડતી હોય છે. આવી વ્યક્તિઓ અન્ય સેવાકીય ઉદ્યોગમાં હોય છે અને તેઓ સારી રીતે વાત કરી શકે તેવા અને સામેની વ્યક્તિઓને પોતાની વાત સરળતાથી સમજાવવાની કુશળતા ધરાવતાં હોય છે.

**આગતા-સ્વાગતા વ્યવસાયીઓ :** સારી આરોગ્ય કાળજી માટે જેમ કુશાગ્ર બુદ્ધિમત્તા ધરાવનાર તબીબો તેનો પાયો છે તેમ આ વ્યવસાયમાં સેવા અને વ્યવસ્થાપનના નિષ્ણાતોની પણ મોટા પાયે માગ રહેતી હોય છે.

ભારત મેડિકલ ટુરિઝમ માટે ખૂબ ઝડપથી ઊભરી રહ્યો છે તેનું મુખ્ય કારણ આરોગ્ય કાળજી માટેના ઉદ્યોગ છે. આજે ભારતીય આરોગ્ય સેવા કાળજીની સરખામણી આ અંગેના વૈશ્વિક માપદંડની સાથે કરવામાં આવે છે. ભારતની ટોચની કેટલીક હૉસ્પિટલો અને ડૉક્ટરો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. જોકે ભારતમાં મેડિકલ ટુરિઝમ ધમધમે છે તેનું મહત્ત્વનું પરિબળ એ છે ભારતમાં ઓછા ખર્ચે સારવાર મળે છે. મોટા ભાગના વિદેશી દર્દીઓ "ત્રીજા વિશ્વના ખર્ચમાં પ્રથમ વૈશ્વિક સેવા"નો લાભ લેવા માટે ભારતની પસંદગી કરતા હોય છે.

**મેડિકલ ટુરિઝમના લાભો**

- વિદેશી હૂંડિયામણ મળે છે જે દેશની આર્થિક સંપત્તિમાં ઉમેરો કરે છે.
- વિકસિત દેશો કરતાં ઓછા ખર્ચમાં સારવાર મળે છે.
- માહિતીની આપ-લેમાં વધારો - સુધારો થાય છે.
- સારવારમાં દર્દીઓની કાળજી લેવાની પ્રક્રિયાની ક્ષમતામાં વધારો થાય છે.
- હૉસ્પિટલ અંગેની માહિતી આપવામાં વધારો થાય છે.
- દેશની અંદર અને બહાર વ્યવસાયના ભાગીદારો સાથે વ્યૂહાત્મક જોડાણો થાય છે.
- ટૅકનોલૉજી અને જ્ઞાનની આપ-લે થાય છે.
- આંતરિક અને બાહ્ય એમ બન્ને સ્થાળોએ સૌથી સરસ પરિણામલક્ષી દેખાવ.
- ઉદ્યોગમાં રોજગારીની તકોનું સર્જન
- આરોગ્ય, પ્રવાસન અને પ્રવાસ ક્ષેત્રે વિકાસની તકો
- માથાદીઠ સંપત્તિમાં વધારો
- સંકલિત તબીબી ઉપાય માટે સંશોધન અને વિકાસ માટેની તકો
- વૈશ્વિક આરોગ્ય સેવા આપનાર દેશ તરીકે આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ
- એકબીજા દેશોના સામાજિક અને સાંસ્કૃતિક અનુભવોનું આદાન-પ્રદાન
- આંતરરાષ્ટ્રીય ગ્રાહક સંબંધો
- વૈશ્વિક બજાર અને મેડિકલ વ્યાપારિક સંબંધો
- વિશ્વકક્ષાની આરોગ્ય સેવા સ્થળ તરીકે દેશની પ્રતિભા ઊપસે છે.
- સ્પર્ધાત્મક લાભો
- ભાગીદારો વચ્ચે ખૂબ સારા સંબંધો જેમ કે હૉસ્પિટલ અને આગતા-સ્વાગતા ઉદ્યોગ વચ્ચે
- જાહેર અને ખાનગી ભાગીદારી
- દર્દીનો સંતોષ

**અંતરાયો અને પડકારો**

- મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહિત કરવા સરકારનો કોઈ મજબૂત ટેકો કે સમર્થન નથી.
- વીમાની કંપનીઓ, હૉટેલ્સ અને હૉસ્પિટલ કે જે આ ઉદ્યોગના મહત્ત્વનાં પરિબળો કે ખેલાડીઓ છે, તેમની વચ્ચે સંકલન ઓછું છે.
- ભારત બિન-આરોગ્યપ્રદ દેશ છે તેવી દર્દીના મનમાં છાપ છે.
- હૉસ્પિટલોમાં વિવિધ રોગોની

સારવાર માટે એક સરખી ફીની નીતિનો અભાવ
- થાઈલેન્ડ, મલેશિયા અને સિંગાપોર જેવા દેશોની સાથે મજબૂત સ્પર્ધા
- આંતરરાષ્ટ્રીય માન્યતાનો અભાવ - એક મોટી અડચણ
- આરોગ્ય આંતરમાળખાકીય ક્ષેત્રે ઓછું મૂડીરોકાણ
- આ ક્ષેત્ર માટે યોગ્ય વીમા પૉલિસીનો અભાવ
- ઓછી કે જાણકારી ન ધરાવતા અને તાલીમ પણ ન લીધી હોય તેવા વચેટિયાઓ દ્વારા દર્દીઓને સંભાળવાની પારાવાર મુશ્કેલીઓ સર્જાય છે.

**તેના ઉપાયો અંગે શું કરી શકાય**

- આ ક્ષેત્રમાં એક કરતાં વધારે ખેલાડીઓ કે પરિબળો છે ત્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની સાથે રહીને એક ટાસ્ક ફોર્સની રચના કરવી જોઈએ.
- આ ક્ષેત્રની સાથે જોડાયેલા તમામ ચાવીરૂપ સત્તાવાળાઓની સાથે સલાહ-સૂચન માટે બેઠક યોજીને જે અંતરાયો અને પડકારો છે તેનો ઉકેલ લાવવો જોઈએ.
- ટાસ્કફોર્સ દ્વારા આ ઉદ્યોગમાં રહેલી તકોનું મૂલ્યાંકન કરવુ જોઈએ અને દેશમાં આરોગ્ય સેવા સંસ્થાઓની માન્યતા માટેની પૉલિસી ઘડી કાઢવી જોઈએ.
- વિદેશના દર્દીને સારી હૉસ્પિટલની પસંદગી માટે ધારા-ધોરણોની પ્રક્રિયા અને સુવિધાઓ અપનાવવી જોઈએ.
- આ ઉદ્યોગની ઊજળી તકો માટે હૉસ્પિટલોએ આંતરરાષ્ટ્રીય માન્યતા, સંકલિત પારંપારિક અને ક્લિનિકલ સારવારની પદ્ધતિ હોવી જોઈએ જેથી દર્દીઓને તેઓ સંપૂર્ણ સાજા થઈ જાય ત્યાં સુધીની સેવાઓ આપી શકાય.
- સારવાર માટે પ્રતીક્ષાનો સમય ઓછો હોય છે ત્યારે તેનો લાભ મેળવવો જોઈએ.
- જે દેશમાંથી દર્દી આવ્યો હોય તે દેશની સાથે વધુ સારી કનેક્ટિવિટી હોવી જોઈએ જેમ કે સીધી વિમાની સેવા ઉપલબ્ધ કરી શકાય.
- ભારતીય મેડિકલ ટુરિઝમનો ભૌગોલિક નકશો તૈયાર કરવો અને મેડિકલ ટુરિસ્ટોને સેવા આપનારાઓના નેટવર્કની અગત્યતા દર્શાવવી.
- ભારતમાં આવતા મેડિકલ ટુરીસ્ટોને જે મુશ્કેલીઓ પડે છે, તેમની સામે જે પડકારો છે તેને સમજવાની જરૂર છે.
- એકબીજા દેશોની સાંસ્કૃતિક સંવેદનાઓને ધ્યાનમાં રાખી સરકારે અર્ધ-તબીબી અને બિન-તબીબી સ્ટાફને તાલીમ આપવા માટે સક્ષમ કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.
- જે દેશોમાંથી મોટી સંખ્યામાં આ પ્રકારના પ્રવાસીઓ આવે છે તેવા પસંદગીના દેશોની ભાષા શીખવાડવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

**ઉપસંહાર**

તબીબી સારવાર અને નવસર્જનાત્મક હેતુઓ માટે આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરવાની જરૂર પડતી હોય તેવી નવી બાબત હવે મેડિકલ કે આરોગ્ય ટુરિઝમ તરીકે ઓળખાય છે. જે રોગથી પીડાતા હોય તેની સારવાર મેળવવા માટે વધુ ને વધુ લોકો પોતાના દેશમાંથી બહાર અન્ય દેશનો પ્રવાસ કરતા થયા છે. જે કોઈ રોગ નથી કે જેનાથી કોઈ પીડા થતી નથી અને છતાં જે મેડિકલ કે આરોગ્ય પ્રવાસનના છત્ર હેઠળ આવે છે તેવા સૌંદય અને કાયાકલ્પની સર્જરી માટે પણ લોકો મોટી સંખ્યામાં બીજા દેશોનો પ્રવાસ કરતાં જણાયા છે.

અલગ અલગ દેશોમાં તબીબી સારવારનો ખર્ચ અલગ અલગ હોવા છતાં સારવાર ઉપરાંત ડૉલરની કમાણી કરવાનો એક મોટો સ્રોત મેડિકલ ટુરિઝમ છે, કેમ કે સારવાર ઉપરાંત આરોગ્ય સેવાનો ગ્રાહક (દર્દી)ને રોગની સ્થિતિ પ્રમાણે હૉસ્પિટલની બહાર રહેવું પડતું હોય ત્યારે તે હૉટેલ અને ફુડ ઉદ્યોગને મદદરૂપ નીવડે છે. ઉપરાંત સાજા થયા બાદ દર્દીઓ અને તેમની સારસંભાળ લેનારાઓ કંઈક ને કંઈક નાની-મોટી ખરીદી કરવાનું પસંદ કરતાં હોય તો તે અર્થતંત્રમાં સૌથી મોટો ફાળો છે.

ટૂંકમાં, મેડિકલ ટુરિઝમ માત્ર વિદેશી ચલણના સર્જનમાં જ મદદ કરે છે તેવું નથી, પરંતુ વિવિધ દેશોના નાગરિકો દ્વારા દેશના બજારને ધબકતું રાખવાનું એક કાર્ય પણ છે. સારવાર લેનારને એકંદરે સંતોષનો અનુભવ થાય તો તે અને તેની સાથેના સાર-સંભાળ લેનારાઓ પોતાના દેશમાં જઈને બીજાઓને પોતે જ્યાં સારવાર લીધી

હોય તે દેશની મુલાકાત લેવા જણાવતા હોય છે.

આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ શક્ય હોય તેટલા ઓછા ખર્ચે મેડિકલ સેવાઓ આપનાર ભારતે વર્ષોથી મેડિકલ ટુરિઝમ ક્ષેત્રમાં એક મહત્ત્વનું સ્થાન કંડાર્યું છે. ભારત પાસે વૈશ્વિક સ્તરની વ્યાપક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે અને મેડિકલ વ્યવસાયીઓ જેમ કે ડૉક્ટરો ઉપરાંત ઘનિષ્ઠ તાલીમ મેળવેલ સમર્પિત મદદનીશ સ્ટાફ વિપુલ માત્રામાં છે. ભારત એવા અને એટલા ઓછા ખર્ચમાં શ્રેષ્ઠ સારવાર આપે છે કે કેટલાક કિસ્સામાં યુરોપ અને અમેરિકામાં જે તબીબી ખર્ચ થાય તેના ૨૫ ટકા ભાગમાં એટલે ચોથા ભાગમાં સારવાર પૂરી પાડે છે. આજે કોર્પોરેટ ક્ષેત્રની હૉસ્પિટલો દર વર્ષે કુલ દર્દીઓની સારવાર કરે છે, તેમાં ૧૫ ટકા દર્દીઓ વિદેશના હોય છે. જો તેને આંકડામાં કહીએ તો તે હજારો - લાખોમાં થાય છે અને તે જેની જરૂર હોય છે તે વિદેશી હૂંડિયામણ રળી આપે છે અને તે લાખો ડૉલરમાં હોઈ શકે.

એક કરતાં વધુ હૉસ્પિટલોની હારમાળા ધરાવનાર એપોલો, ફોર્ટિસ, મેક્સ, નારાયણ હૃલ્યાલય, સેવન હિલ્સ વોકહાટે, મેદાંતા, બીએલકે, પુષ્પાંજલિ, ક્રોસ લે, વિજયા હૉસ્પિટલ, મણિપાલ, માલ્યા એવાં કેટલાંક નામો છે કે જેઓ મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે વિશ્વભરમાંથી દર્દીઓને આકર્ષે છે અને વિશ્વમાં જ્યાં પણ શ્રેષ્ઠ તબીબી સેવા મળતી હોય તેવી જ આરોગ્ય સેવાઓ પૂરી પાડીને રાષ્ટ્રની મોટી સેવા કરી રહ્યા છે.

ભારતમાં તબીબી પ્રવાસન ખૂબ ઝડપથી વૃદ્ધિ પામી રહ્યો હોવા છતાં તેમાં હજુ એવા અસંગઠિત ક્ષેત્ર છે કે જ્યાં હજુ એવા ઘણા વચેટિયા છે કે જેઓ દર્દીને કઈ રીતે સાચવવો, તેની વ્યવસ્થા કઈ રીતે કરવી તેની કોઈ જ કે પછી સાવ ઓછી જાણકારી ધરાવે છે અને તેમના કારણે ભારે અફડાતફડી મચી જાય છે. જે વચેરિયાઓ છે તેમાંના મોટા ભાગના એવા દલાલો છે કે જેઓ દર્દી અને તેની સાર-સંભાળ લેનારાઓને જે સેવાની જરૂર પડે તેવી તમામ પ્રત્યેક સેવામાં લૂંટવાનું કામ કરે છે અને હૉસ્પિટલ દ્વારા સારામાં સારી સારવાર આપવાની તૈયારી છતાં મુલાકાતી દર્દીને નાણાકીય અને માનસિક એમ બન્ને રીતે નુકસાન પહોંચાડવામાં આવે છે અને તેનું પરિણામ એ આવે છે કે દર્દીઓને સારવારનો કોઈ હકારાત્મક અનુભવ થતો નથી કે પછી તેઓ ખરાબ અનુભવ સાથે પરત ફરતાં હોય છે.

સમાપનમાં એટલું કહી શકાય કે, ભારતમાં મેડિકલ ટુરિઝમને, સુગ્રથિત માર્ગદર્શિકાઓ અને મુલાકાતીઓના દિલ જીતી લે તેવી જોગવાઈ સાથે તેને ઉદ્યોગ તરીકે જાહેર કરવાનો સમય પાકી ગયો છે. નહીંતર તો એવું થશે કે વર્ષે ૧૦૦ બિલિયન ડૉલરની આવક મેળવવાની ક્ષમતા મેળવી શકે તેવો આ 'ઊગતો ઉદ્યોગ'નો 'ગુમાવેલી તક' સાથે અસ્ત થઈ જશે. આ ક્ષેત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ નાણાકીય સ્રોતોના સર્જનની સાથે રોજગારી પણ આપે છે અને આપણા દેશની સારી છાપ રજૂ કરવાનું એક સાધન પણ છે. તેથી તેને ઉદ્યોગનો દરજ્જો મળવાપાત્ર છે.

**ડૉ. હરિહરણ છેલ્લાં ૩૪ વર્ષથી તબીબી વ્યવસાયમાં કાર્યરત છે. તેઓ એમબીબીએસ, એફસીજીપી અને હૉસ્પિટલ અને હેલ્થ મેનેજમેન્ટનો ડિપ્લોમા ધરાવે છે. ફેમિલી ફિઝિશિયન તરીકે પ્રેક્ટિસ કરવાની સાથે તેઓએ જાહેર આરોગ્ય ક્ષેત્રમાં સલાહકાર તરીકે પણ ફાળો આપ્યો છે. તેમના અનુભવોમાં જે સામેલ છે તેમાં શ્રીક્રિષ્ણા મેડિકલ સેન્ટરની સ્થાપના, સહયોગને માર્ગદર્શન, બાળકોને વ્યસનમુક્ત બનાવવાનો પ્રોજેક્ટ, દિલ્હી કાનૂની સેવા સત્તામંડળ અને જિંદાલ ફોટો લિ. કોર્પોરેટ હાઉસની ભાગીદારીમાં ''ડ્રીંકીંગ ઍન્ડ ડ્રાઈવિંગ ઈન્ટરનેશન'' પ્રોજેક્ટમાં સંકલનકાર તરીકે સેવા આપી છે. તેઓ યુકેની ગ્લોબલ આલ્કોહોલ પૉલિસીના સહયોગ સાથે જોડાયેલ ભારતની આલ્કોહૉલ પૉલિસીના મુખ્ય કાર્યકારી હતા અને તેઓ ફોરુટ નોર્વેની સાથે જોડાયેલા છે.**

**યોજના**
**વાંચો**
**યોજના**
**વંચાવો**

# ભારતમાં પર્યટન વિકાસ માટેની સંભાવનાઓ

• રત્નદીપ બેનરજી •

ભારતની આર્થિક સ્થિતિ સુધરતા દુનિયામાં આપણી સંસ્કૃતિ પ્રત્યે પ્રવાસનમાં પરિણમે તેવું આકર્ષણ જાગ્યું છે. વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો પાસે પણ તીર્થયાત્રા માટે વતન આવવા જેટલી સદ્ધર આવક ધરાવે જ છે, પરિણામે પર્યટન ઉદ્યોગ માટે સારા દિવસોના એંધાણ છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કોમ્પિટીટીવનેસ રિપોર્ટ-૨૦૧૩ પ્રમાણે એશિયા પ્રશાંત ક્ષેત્રમાં સાંસ્કૃતિક વારસાની શ્રેણીમાં ભારતનો ક્રમ ૧૧મો છે. જ્યારે પ્રાકૃતિક સંપદામાં ૯મો, સાંસ્કૃતિક સ્રોતમાં ૨૪મો અને બધા દેશ વચ્ચે ૬૫મો ક્રમ છે.

પ્રવાસન ઉદ્યોગની ખીલવણી માટે પડેલી અપાર સંભાવનાઓનો ફાયદો શી રીતે ઉઠાવવો ? પર્યટન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા એકમોએ સમાજના પ્રત્યેક વર્ગનો સહકાર લઈ સંકલિત અભિગમ કેળવવો પડશે, કારણ કે પ્રવાસીને સારી-નરસી લાગણી સમાજના સંપર્કમાં આવીને થતી હોય છે. માટે પર્યટન ક્ષેત્ર સમાજના યોગદાન વગર અધૂરું જ છે.

આર્થિક મોજણી ૨૦૧૨-૧૩માં પ્રવાસન ખાતાને લગતા ૨૦૦૯-૧૦ના જે આંકડા રજૂ થયા છે તે પ્રમાણે આ ઉદ્યોગનો દેશની જીડીપી માં ૬.૮ ટકા ફાળો હતો, જે પૈકી પ્રત્યક્ષ યોગદાન ૩.૭ ટકા અને પરોક્ષ યોગદાન ૩.૧ ટકા હતું. ઉપરાંત રોજગારી સર્જનમાં પ્રત્યક્ષ ફાળો ૪.૪ ટકા અને પરોક્ષ ફાળો ૫.૮ ટકા હતો. પ્રવાસન મંત્રાલયનો અહેવાલ ખુદ કહે છે કે, ૧૦ લાખ રૂપિયાનું રોકાણ કરવાથી પર્યટન ક્ષેત્રમાં ૭૮ નોકરી ઊભી થાય છે, જ્યારે ઉત્પાદન ક્ષેત્રમાં ૪૫. પર્યટન ઉદ્યોગમાં નોંધાતા વિકાસનો મોટો ફાયદો મહિલાઓને સીધી કે આડકતરી રીતે મળતો હોય છે.

ભારત આવેલા વિદેશી સહેલાણીઓની સંખ્યા ૨૦૧૨માં ૬૫.૮૦ લાખ હતી, તે ૨૦૧૩માં વધીને ૬૯.૭૦ લાખ થઈ હતી. આ ક્ષેત્રેનો વિકાસ દર પણ ૨૦૧૨માં ૪.૩ થી વધી ૨૦૧૩માં ૫.૯ ટકા થયો હતો. વિદેશી સહેલાણીઓની વૃદ્ધિનો વૈશ્વિક આંકડો જ્યારે ૫ ટકા હોય ત્યારે ભારતનો ૫.૯ ટકા વધારો સારો ગણાય. ભારત આવતા વિદેશી સહેલાણીઓ પૈકી ૯૧ ટકાએ હવાઈમાર્ગ અને ત્યાર બાદ સડકનો ઉપયોગ કર્યો હતો જ્યારે દરિયાઈ રસ્તે આવતા પ્રવાસીનું પ્રમાણ માંડ ૦.૫ ટકા હતું. ૫૨ ટકા જેટલા વિદેશી પર્યટકો દિલ્હી અને મુંબઈ હવાઈમથકે ઊતર્યા હતા. ભારત આવતા પર્યટક મુખ્યત્વે ૧૫ દેશના હોય છે જેમાં અમેરિકા, બ્રિટન, બાંગ્લાદેશ, શ્રીલંકા, રશિયા, કેનેડા, જર્મની, ફ્રાંસ મલેશિયા, જાપાન, ઑસ્ટ્રેલિયા, સિંગાપોર, ચીન, થાઈલેન્ડ અને નેપાળનો સમાવેશ થાય છે. કુલ વિદેશી પર્યટકમાં આ ૧૫ દેશનો ફાળો ૨૦૧૩માં ૭૦.૭૨ ટકા હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘના વર્લ્ડ ટુરિસ્ટ ઓર્ગેનાઇઝેશનનું કહેવું છે કે, ૨૦૧૬ માં ભારતનો પર્યટન ઉદ્યોગ ૮ ટકા જેટલી વૃદ્ધિ પામશે.

ભારતમાં તીર્થયાત્રા કે સહેલગાહે નીકળેલા નાગરિકોની સંખ્યા ૨૦૧૩માં ૧૧૪૫૨.૮૦ લાખ હતી, જે ૨૦૧૨માં ૧૦૪૫૦.૫૦ લાખ જેટલી હતી. આમ, તેમાં ૯.૬ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.

ભારત માટે વિદેશી પર્યટકો હૂંડિયામણ કમાવાનો બહુ મોટો સ્રોત પણ છે. ૨૦૧૨માં પર્યટકો પાસેથી ૧૭.૭૪ બિલિયન ડૉલર મળેલા જે આંકડો ૨૦૧૩માં ૪ ટકા વધીને ૧૮.૪૫ બિલિયન ડૉલરને આંબી ગયો હતો. ૨૦૧૬ની ઝળકતી આગાહી જાણવા જેવી છે. આ વર્ષમાં ૧૧૨.૪૦ લાખ વિદેશી સહેલાણીઓ, ૧૪૫૧૪.૬૦ લાખ સ્વદેશી પ્રવાસીઓ સહેલગાહે નીકળી ૩૦.૩ બિલિયન ડૉલરની કમાણી આપશે જેમાંથી ૨૪૫ લાખ રોજગારીની તક ઊભી થશે.

**ક્ષમતા નિર્માણ તથા કૌશલ્ય વિકાસ**

ભારતનું પ્રવાસન ક્ષેત્ર કુશળ માનવબળની ભારે ખેંચ અનુભવે છે. ક્ષમતા સંવર્ધન માટેની યોજના હેઠળ માનવબળને તાલીમ અને સર્ટિફિકેટ આપતી સંસ્થાઓનું કલેવર બદલવાની વાત છે. નવા વધુને વધુ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હૉટલ મેનેજમેન્ટ તથા ફૂડ ક્રાફ્ટ ઇન્સ્ટિટ્યૂટ ખોલવાને અગ્રતા અપાશે.

૩૧મી જુલાઈ, ૨૦૧૧ સુધીમાં રાજ્યકક્ષાએ ૧૬ જેટલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ હોટલ મેનેજમેન્ટ અને ૧૫ જેટલા ફૂડ ક્રાફ્ટ ઇન્સ્ટિટ્યૂટ મંજૂર કરવામાં આવેલા. પ્રવાસન મંત્રાલયના વાર્ષિક અહેવાલ પ્રમાણે ૨૦૧૦-૧૧માં ૯૮૬૯ સર્વિસ પ્રોવાઇડર પેઢીઓને ૫૫૦૦ના લક્ષ્યાંક સામે માન્યતા આપવામાં આવી હતી.

ભારત સરકારનો 'હુન્નર સે રોજગાર' કાર્યક્રમ ધોરણ આઠ પાસ કરેલા ૨૮ વર્ષ સુધીના યુવાનોને રસોઈકામની તાલીમ આપે છે. ૨૦૧૦-૧૧માં ૫૫૦૦ના લક્ષ્યાંક સામે ૬૯૮૧ યુવાનોને વિવિધ હૉટલ, ઇન્સ્ટિટ્યૂટ વગેરેમાં તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા હતા. ૧૧મી યોજનામાં પહેલા ચાર વર્ષ દરમ્યાન પ્રતિ વર્ષ ફાળવાયેલા રૂ. ૩૫૦ કરોડનો પૂરેપૂરો ઉપયોગ આ હેતુ માટે થયેલો. ૧૨મી યોજનામાં ધાર્મિક પર્યટન સરકીટ ઉપર ઝોક મુકાતા પ્રમાણમાં ગરીબ લોકોના યાત્રાપ્રવાસ દ્વારા લાભનું સર્જન કરી ગરીબી દૂર કરવાનો હેતુ રખાયો છે.

**વિશ્વ પર્યટન ઉદ્યોગમાં ભારત**

(૧) કુલ વિદેશી પર્યટકોમાં ભારતનો ફાળો - ૦.૬૪ ટકા
(૨) વિશ્વ પર્યટન ઉદ્યોગમાં ભારતનો ક્રમ - ૪૨
(૩) પ્રવાસન ઉદ્યોગની વૈશ્વિક કમાણીમાં ભારતનો હિસ્સો - ૧.૫૪ ટકા
(૪) વૈશ્વિક પર્યટન આવકમાં ભારતનો ક્રમ - ૧૬

**એશિયા પ્રશાંત ક્ષેત્રમાં ભારતનું સ્થાન**

(૧) વિદેશી પર્યટકોમાં ભારતનો હિસ્સો - ૨.૧ ટકા
(૨) વિદેશી સહેલાણીમાં ભારતનો ક્રમ - ૧૨
(૩) પ્રવાસન આવકમાં ભારતનો ફાળો - ૫.૧૪ ટકા
(૪) ભારતનો ક્રમ - ૮

**પ્રવાસનનું સહકારી માળખું**

સહકારી ધોરણે પ્રવાસન સવલતની ખીલવણીનો વિચાર મુખ્યત્વે સ્થાનિક લોકો માટે ટકાઉ આર્થિક વિકાસના દરવાજા ખોલી તેમની કળા, વારસા, સ્થાપત્ય તથા સંસ્કૃતિના જતન માટે રુચિ પેદા કરવાનો હેતુ ધરાવે છે. સ્થાનિક પ્રજા હળીમળીને સહેલાણીને આકર્ષે તેવી સગવડ ઊભી કરે, પોતાની પરંપરાગત રસોઈ, હસ્તકળા અને સ્થાપત્યની જાળવણી કરી સહેલાણીઓમાંથી પૂરક આવક કમાય. ભારતમાં પ્રાકૃતિક તથા સાંસ્કૃતિક વારસો ધરાવતા સ્થળોનો સહકારી ધોરણે વિકાસ કરવાની વિપુલ ગુંજાયશ પડેલી છે અને આ નવું મોડેલ અપનાવવા જેવું છે.

પ્રવાસન ઉદ્યોગમાં મોટા ભાગની સગવડો ખાનગી ક્ષેત્રના વ્યક્તિગત પ્રયાસ વડે ઊભી થયેલી હોવાથી તેના આર્થિક-સામાજિક લાભ સ્થાનિક સમાજને મળતા જ નથી. વળી, પર્યટન ક્ષેત્રમાં કેટલો ફાયદો છે તેની સમજણ સ્થાનિક સ્તરે ઓછી હોવાથી ગ્રામીણ ઉદ્યોગ-સાહસિકતા પૂરતા પ્રમાણમાં હોવા છતાં ખીલી શકી નથી.

પ્રવાસન સ્થળનો સહકારી ધોરણે વિકાસ કરવાની વિભાવના આ મર્યાદા દૂર કરી વ્યક્તિગતને બદલે સામૂહિક પ્રયાસો વડે પર્યટક પ્રિય સ્થળનો વિકાસ કરવાનું મૉડેલ આપે છે. સ્થાનિક પ્રજા જોડાતા સમગ્ર સ્થળનું સંકલિત ધોરણે માર્કેટિંગ સંભવ બને છે. સ્કોટલૅન્ડ સરકારના ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફંડના ભારતમાં મેનેજર તરીકે કામ કરતી 'યસ બેંક' દ્વારા ગ્રામીણ ભારતમાં કો-ઓપરેટિવ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો અમલ કરવા મદદ અપાય છે. ભારતના આર્થિક અને સામાજિક રીતે પછાત જિલ્લાઓમાં સ્થાનિક પ્રાકૃતિક સંપત્તિ અને સાંસ્કૃતિક વારસાનો ઉપયોગ કરી પર્યટન સ્થળનો વિકાસ કરવા મદદ શરૂ કરાઈ છે જેને કો-ઓપરેટિવ ડેસ્ટીનેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન જેવું નામ અપાયું છે. ઉત્તરાખંડ તથા પશ્ચિમ બંગાળમાં સફળતાપૂર્વક આ પ્રોજેક્ટ લાગુ થઈ ચૂક્યો છે. હવે આદર્શ સ્થળને જોઈ અન્ય રાજ્યોમાં તેનું અનુકરણ શરૂ થાય તેવી ગોઠવણ ચાલે છે.

**માળખાગત સુવિધાની ખીલવણી**

પર્યટન ઉદ્યોગના વિકાસ માટે ઉત્તમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી હોવાથી પર્યટન મંત્રાલય દ્વારા તમામ મહત્ત્વની સરકીટ અને પ્રવાસન સ્થળ ઉપર પૂરતી સગવડો ઊભી કરવાને પ્રાધાન્ય અપાય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા સ્થળના વિકાસ માટે મેગા પ્રોજેક્ટ ઘડીને રેલવે, નાગરિક ઉડ્ડયન, સડક પરિવહન તથા ધોરીમાર્ગ, ખાદ્ય પ્રક્રિયા તથા શહેરી વિકાસ જેવાં મંત્રાલયોને સાથે રાખી કામ કરાય છે. પ્રોજેક્ટની સફળતા માટે રાજ્ય સરકારોને પણ સામેલ કરાય છે. અત્યાર સુધીમાં ૫૩ મેગા પ્રોજેક્ટની રૂપરેખા ઘડીને તે પૈકી ૩૫ને મંજૂરી પ્રદાન થઈ ચૂકી છે. મેગા પ્રોજેક્ટ એવા ઘટકનું આદર્શ મિશ્રણ હોય છે જેમાં કલાવારસો, સંસ્કૃતિ, પર્યાવરણ તથા અધ્યાત્મ અને ઇકો ટુરિઝમ સામેલ હોય, પરિણામે પ્રવાસીને આકર્ષવામાં સફળ થાય તેવું સ્થળ વિકસે છે.

### હેરિટેજ પ્રવાસન

હેરિટેજ પ્રવાસનમાં ભારતની ઐતિહાસિક ઓળખ સમાન કળા, સંસ્કૃતિ, સ્થાપત્ય સાથોસાથ પ્રાકૃતિક સંપત્તિમાં સમૃદ્ધ સ્થળનો સમાવેશ થાય છે. આવા પર્યટનની ખીલવણી લગભગ તમામ ભારતીયના સહકાર વડે સંભવ છે. પ્રાચીન સ્થાપત્ય ઠેરઠેર મળી આવે તેવી ભારતમાં ભરપૂર સંભાવના છે તો ૨૮ જેટલા વિશ્વ વારસા સ્થળ પણ આપણા દેશમાં આવેલા છે. સ્થાપત્યના સહારે પર્યટકને આકર્ષણ થાય તેવી સવલતો ઊભી કરી શકાય.

પ્રાચીન સ્થાપત્ય ધરાવતા સ્થળોનો પ્રવાસ ઇતિહાસમાં કોડિયું કરવાની અદ્‌ભુત તક આપતો હોવાથી સહેલાણીઓમાં રોમાંચ પેદા થાય તેવું વાતાવરણ અને સગવડો ઊભી કરવી જોઈએ. સ્થાપત્ય સ્થળના વિકાસ માટે વિદ્વાનો, ઇતિહાસકાર, ડિઝાઈનર, વિજ્ઞાન ટેક્નોકેટની મદદ લઈ શકાય.

સંગીત, નૃત્ય તથા સાહિત્ય મહોત્સવનું આયોજન પણ પ્રવાસીઓને ખેંચવાનું દિલખુશ માધ્યમ બની શકે છે. ભારતમાં દર વર્ષે ૩૦૦ જેટલા મેળાઓ વિવિધ તહેવાર નિમિત્તે યોજાતા રહે છે, તે બધા સહેલાણી માટે આકર્ષણનું કેન્દ્ર બને તેવું વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક આયોજન થવું જોઈએ. હેરિટેજ સ્પોર્ટ્સ તરીકે હોર્સ પોલો, બળદ ગાડા રેસ, અશ્વદોડ વગેરેને પણ સામેલ કરી શકાય.

**સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશ્વ પ્રવાસન સંસ્થા કહે છે કે :**

(એ) એવા પ્રોજેક્ટ શરૂ કરો જેમાં સ્થાનિક પ્રજા જોડાયેલી હોય, હેરિટેજનું જતન કરતી સંસ્થા સામેલ હોય અને ઐતિહાસિક મહત્ત્વનું સંશોધન કરતી શૈક્ષણિક સંસ્થા પણ સાથે હોય. લુપ્ત થવા બેઠેલા પ્રાચીન સ્થાપત્ય સ્થળ શોધી તેનો આ મોડેલ પર વિકાસ કરવો.

(બી) સ્થાનિક કળા સંસ્કૃતિની રજૂઆત કરતા કાર્યક્રમો યોજો અને તેના વિશે મહત્ત્વની વાત પ્રવાસી જાણી શકે તેવી વ્યવસ્થા ગોઠવો. સાંસ્કૃતિક મૂલ્યોની અવગણના હરગીજ થવી જોઈએ નહીં.

(સી) સ્થાનિક પ્રજાના બૌદ્ધિક સંપત્તિ અધિકારનું રક્ષણ અને જતન કરો. પરંપરાગત ગીત, સંગીત, નૃત્ય, વાનગીઓ, ઔષધિ તથા ભરતગૂંથણ જેવી વસ્તુઓ બૌદ્ધિક અધિકારમાં ગણાય.

(ડી) નવા પર્યટન સ્થળની ખીલવણી માટે તેમાં હિત ધરાવતા દરેક માનવસમૂહનો સહકાર લેવો, હેરિટેજ પર્યટન માટે પેકેજ અને પ્રોડક્ટ ઉત્તમ રીતે તૈયાર કરી તેનું સચોટ માર્કેટિંગ ગોઠવવું.

### ગ્રામીણ પ્રવાસન

ભારતના ગામડાઓમાં ધબકતો કલાવારસો તથા પરંપરાગત જીવનશૈલી સ્વદેશી તથા વિદેશી સહેલાણી માટે આકર્ષણનો, ઘરસુશોભન જેવા પ્રવાસીને રસ પડે તેવા વિષય અલગ તારવી સહેલાણી અને સ્થાનિક સમાજ વચ્ચે સંવાદ થાય તેવા પેકેજ ગોઠવી શકાય. ગ્રામીણ ભારત પર્યટનની દૃષ્ટિએ એવું અદ્‌ભુત સ્થળ છે જેનું માર્કેટિંગ થયું જ નથી. કેરળ અને હિમાચલ પ્રદેશના કેટલાંક ગામડાઓમાં થયેલો પર્યટન પ્રયોગ નવી દિશા ખોલનારો સાબિત થયો છે. ગુજરાતના ગામડાઓમાં ૧૬ પ્રકારના ભરતગૂંથણની કળા હજુ પણ જીવિત છે. જો આ કલાકારોને ભરતગૂંથણની સાથોસાથ સ્થાનિક ઇતિહાસ, રીતરિવાજો, ખાનપાન પરંપરા વગેરેની તાલીમ અપાય તો પર્યટક સાથે તેનો વાર્તાલાપ કારગત સાબિત થશે. પોતાના ઘરમાં મહેમાન તરીકે પર્યટકને ઉતારો આપતી આર્થિક પ્રવૃત્તિ પણ અપેક્ષા પ્રમાણે સગવડદાયી હોવી જોઈએ. પેઈંગ ગેસ્ટ બનેલા પ્રવાસીને ચોખ્ખાઈથી આકર્ષી શકાય. માખી-મચ્છરનો ત્રાસ હોય તો સ્થાનિક આરોગ્યતંત્રએ ફયુમિગેશન કરવું પડે. પર્યટક માટે એમ્બ્યુલન્સ સાથેના દવાખાના આસપાસ હોવા જોઈએ. ઉપરાંત તેની સલામતી પણ જળવાવી જોઈએ.

પર્યટક પાસેથી તગડો ચાર્જ વસૂલવાનો લોભ તેની મજબૂરીને લીધે સફળ થાય ખરો પરંતુ લાંબા ગાળે તે સ્થળની આબરૂ બગાડે છે. દુઃખી થઈ પાછો ગયેલો પર્યટક બીજાને ત્યાં જતા રોકતો હોવાથી ઘરમાં મહેમાન બનાવતા પરિવારોએ પર્યટક સાથે સાલસ વ્યવહાર અને ઈમાનદાર આચરણ કરવું જરૂરી છે. ગામડામાં ગેસ્ટ બનવા માગતા પ્રવાસીની નોંધણી સાથોસાથ યોગ્ય ઘરમાં તેમની ગોઠવણ કરી આપતી એજન્સી હોવી અનિવાર્ય છે.

ગ્રામીણ પ્રવાસનથી સ્થાનિક પ્રજાને આવક ઊભી થતા શહેર તરફ રોજીરોટીની તલાશમાં થતું સ્થળાંતર અટકશે. કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયે ૨૮ રાજ્યોમાં રૂરલ ટુરિઝમને લગતા ૧૫૩ પ્રોજકેટ મંજૂર કર્યા છે, જેમાં યુએનડીપી દ્વારા ઘોષિત ૨૯ સાઈટ પણ સામેલ છે. ટ્રાઈફેડ તથા એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઑફ હેન્ડીક્રાફટસ

જેવી સંસ્થા ગામડામાં ક્ષમતા સર્જનનું કામ ઉપાડી શકે તેમ છે.

**એડવેન્ચર પર્યટન**

સાહસશીલ પ્રવાસનું આકર્ષણ ધરાવતો એક મોટો વર્ગ ૧૯૯૨ બાદ અસ્તિત્વમાં આવ્યો છે. ઇન્ફોર્મેશન ટૅકનૉલૉજીના ઉદય સાથે મોટી આવક નાની ઉંમરે ધરાવતા યુવા પ્રોફેશનલ સાહસનો અહેસાસ કરાવે તેવા સ્થળોએ જવાનું પસંદ કરતા જોવા મળ્યા છે. આવા વર્ગ પાસે પૂરતી આવક હોવાથી નૈસર્ગિક સૌંદર્ય સ્થળો ઉપર પૂરતો ખર્ચ કરી સગવડ ભોગવવા તૈયાર હોય છે. તેથી એડવેન્ચર ટુરિઝમનું પેકેજ આ વર્ગને ધ્યાનમાં રાખી ઘડાવું જોઈએ.

**સરકારની પહેલ**

એક ઉચ્ચ પ્રકારની પર્યટન પ્રવૃત્તિ તરીકે એડવેન્ચર ટુરિઝમને પ્રવાસન મંત્રાલયે માન્યતા આપી તેનો લાભ ઉઠાવવાનું નક્કી કર્યું છે, કારણ કે સાહસિક પ્રવૃત્તિ માટે આવતા સહેલાણી સ્થાનિક કક્ષાએ આર્થિક-સામાજિક પ્રકારનું નુકસાન પહોંચાડતા નથી કે કુદરતી સંપત્તિને હાનિ પહોંચાડતા નથી. પરંતુ સાહસ ભરેલી ટ્રીપમાં મજૂરોની વિશેષ જરૂર પડતી હોવાથી સ્થાનિક પ્રજા અને પ્રવાસી વચ્ચે સંવાદ રચાવો જોઈએ, બંને પોતપોતાનો લાભ મેળવી શકે તેવો વ્યવહાર સંભવ બનવો જોઈએ.

ભારતમાં પર્યટન પેકેજનું વૈવિધ્યીકરણ કરવા માટે એડવેન્ચર ટુરિઝમને અગ્રતા મળી ચૂકી છે. એડવેન્ચર ટૂર ઓપરેટરની નોંધણી માટે પ્રવાસન મંત્રાલયે માર્ગદર્શિકા પણ બહાર પાડી છે. સાહસ ભરેલો પ્રવાસ જ્યાં સંભવ હોય તેવા સ્થળોમાં માળખાગત સગવડો ઊભી કરવા રાજ્ય સરકારોને નાણાકીય મદદ પણ અપાય છે.

પર્યટન મંત્રાલય દ્વારા ભારત માટે ટકાઉ પર્યટન સ્થળ તરીકે પાત્રતાની શરતો એવી રીતે ઘડાઈ છે કે વૈશ્વિક માપદંડ સાથે તે સુસંગત હોય. ''અતુલ્ય ભારત'' જેવો વિજ્ઞાપન પ્રયોગ માર્કેટિંગની દૃષ્ટિએ પણ અતુલ્ય સાબિત થતા કુદરતી સૌંદર્ય ધરાવતા સ્થળોના પેકેજ ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં સફળ થયા છે.

નીતિગત વ્યવસ્થા તરીકે પર્યટન મંત્રાલય પાસે સર્ટિફિકેશન ગાઇડલાઈન છે જે સેવાની ગુણવત્તા, સલામતિનો પ્રબંધ તથા પર્યાવરણ જતન જેવા મુદ્દાઓને ધ્યાનમાં લે છે. ભારત સરકારે માન્યતા પ્રદાન કરી હોય તેવા ટૂર ઑપરેટરની યાદી પબ્લિક ડોમેઇનમાં ઉપલબ્ધ છે, સાર્વજનિક છે. ટૂર ઑપરેટર બનવા માટેની અરજી અને પસંદગી માટેની પ્રક્રિયા હોય કે ''હુન્નર સે રોજગાર'' યોજના - એડવેન્ચર ટુરિઝમને ઉત્તેજન મળે તે હેતુને ધ્યાનમાં રાખી ઘડાય છે. જમ્મુ કાશ્મીરના લેહ લદાખમાં ૧૦૪ જેટલા પર્વત સહેલાણીઓના આરોહણ માટે ખુલ્લા મૂકવાની સંરક્ષણ મંત્રાલયે ૨૦૦૯માં પરવાનગી આપી દીધી છે, તો ૨૦૧૨માં ''બેસ્ટ સ્ટેટ ફોર એડવેન્ચર ટુરિઝમ ડેસ્ટીનેશન'' એવોર્ડ હિમાચલ પ્રદેશના ફાળે ગયો હતો. એશિયન ડેવલપમેન્ટ બેંક પાસેથી ૪૮૨.૨૨ કરોડનું ધિરાણ મેળવીને ભારત સરકાર ઢગલાબંધ ટુરિસ્ટ પ્રોજેક્ટનો વિકાસ કરી રહી છે. એડવેન્ચર ટુરિઝમ માટેની સગવડ આંતરરાષ્ટ્રીય સ્તરની હશે તો જ વિદેશી પ્રવાસી ત્યાં આવશે તેવું પાયાનું સત્ય પણ સરકાર સમજી ચૂકી હોવાથી વિશેષ ચીવટ રખાય છે. હવે તો ગ્રેટ હિમાલયન નેશનલ પાર્કને વૈશ્વિક પ્રકૃતિ વારસા સ્થળ તરીકે માન્યતા મળી ચૂકી છે જેનો ભારતે લાભ ઉઠાવવો જોઈએ.

**ફિલ્મ ટુરિઝમ**

ફિલ્મ આધારિત પ્રવાસન એવી પ્રવૃત્તિ છે જેમાં ફિલ્મના શૂટિંગ તથા નિર્માણનો સમાવેશ થાય છે. ફિલ્મ ઉદ્યોગમાં વિતરણ પણ મહત્ત્વની આર્થિક પ્રવૃત્તિ છે. ફિલ્મ પર્યટનમાં મોટી સંખ્યામાં લોકો પ્રવાસન કરતા હોવાનું સત્ય ધ્યાનમાં રાખી તેમની જરૂરિયાત પ્રમાણે ઠેરઠેર વ્યવસ્થા હોવી જરૂરી છે. ટુરિઝમ પ્રમોશન બોર્ડની માફક ફિલ્મ પ્રમોશન બોર્ડ પણ હોવાં જોઈએ. અમેરિકા અને યુરોપના બધા જ વિકિસત દેશોમાં પ્રવાસન સ્થળ વ્યવસ્થાપન સંસ્થા હોય છે જે ફિલ્મ શૂટિંગની માંડી તેને સંલગ્ન બધી જ જરૂરિયાતને વેપારી ધોરણે પૂરી કરવાની સેવા પ્રદાન કરે છે. આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવના આયોજનને પણ ધ્યાનમાં લઈ શકાય. દેશની કુદરતી સંપત્તિ તથા સામાજિક માળખાનું નિરૂપણ દુનિયા સામે કરવું હોય તો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ શ્રેષ્ઠ અવસર ગણાય છે.

**સહિયારું ફિલ્મ નિર્માણ**

બે દેશ સાથે મળીને ફિલ્મ બનાવે તેને બંને દેશની સંપત્તિ સામેલ કરાતી હોવાથી બંને દેશ આવા પ્રોજેક્ટને કરવેરાના લાભ આપે છે. જર્મની, ફ્રાંસ, ઇટાલી, બ્રિટન, ન્યૂઝીલેન્ડ તથા બ્રાઝિલ સાથે ભારત સહિયારા નિર્માણ માટેના કરાર કરતું રહ્યું છે. કોઈ સ્ક્રીપ્ટ લઈને ભારત આવે અને ૩ સપ્તાહમાં ફિલ્મ બનાવી પાછા ફરે તેટલી સગવડ આપણે ત્યાં છે. નિર્માતાઓને માત્ર ૩ સપ્તાહમાં બધી પરવાનગી મળી જાય છે.

ફિલ્મનું શૂટિંગ પૂરું થયા બાદ તેને રીલીઝ માટે તૈયાર કરવાની સેવા આપતી ૧૦ અદ્યતન લેબોરેટરી ભારતમાં છે ઉપરાંત અંગ્રેજીમાં પારંગત માનવશક્તિ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી ભારત ફિલ્મ પ્રવાસન પાંગરે તેવું સરસ માળખું આમ પણ ધરાવે છે. દુનિયાભરમાં એનિમેશન સોફ્ટવેરમાં ભારતનું નામ છે. વિદેશના અનેક ચલણની તુલનાએ રૂપિયાનો વિનિમય દર જોતા ભારતમાં ફિલ્મ ઉત્પાદન ખૂબ સસ્તું પડે છે. કલા પ્રતિભા ધરાવતા સેટ ડિઝાઈનર, સંગીતકાર, સિનેમેટોગ્રાફર, ટૅકનિશિયન તથા નાના-મોટા કલાકાર, સૌ કોઈ સહેલાઈથી ઉપલબ્ધ છે. નિર્દેશકથી માંડી નિર્માતા સુધીનું કામ પેટા કોન્ટ્રાકટ પર કરતા લોકો પણ મળી રહે છે. વળી, ૧૦૦ વર્ષનો ઇતિહાસ ધરાવતો ભારતીય ફિલ્મ ઉદ્યોગ મોટી મૂડી છે તો ભારતમાં કાયદાનું રાજ દુનિયાને પસંદ આવે તેવા માફકસર ધોરણનું છે. ભારત પોતે દર વર્ષે ૧૦૦૦ ફિલ્મો બનાવે છે જે આંકડો ઉદ્યોગનું કદ કહેવા માટે કાફી છે.

વિદેશી ફિલ્મ કંપની સરકાર દ્વારા સ્થાપિત નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનની મદદ લઈ શકે છે, તો ફિક્કી અને એસોચેમ જેવી સંસ્થા કંપનીઓની રેટિંગ સાથેની યાદી પૂરી પાડવા સમર્થ છે. આવી યાદી ભારતના તમામ રાજદૂતવાસમાં ઉપલબ્ધ રખાવી જોઈએ.

**સરકારી સહાય અને નીતિગત પહેલ**

વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય માટે વતન સાથે સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક રીતે જોડાયેલા રહેવા માટે ફિલ્મ ખૂબ સશક્ત માધ્યમ હોવાથી ભારત સરકારે તેને ''ઉદ્યોગ''નો દરજ્જો પ્રદાન કરેલો છે. ઘણાં રાજ્ય તરફથી ફિલ્મ નિર્માતાઓને કરમુક્તિ, છૂટછાટ તથા સહાય પણ અપાય છે. ''અતૂલ્ય ભારત''ની તર્જ સિનેમાનું પેટા બ્રાન્ડ તરીકે પ્રમોશન કરવાનો નિર્ણય પ્રવાસન મંત્રાલય અને માહિતી પ્રસારણ મંત્રાલયે સાથે મળીને કર્યો છે. પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ભાગ લઈ વિદેશી સહેલાણીઓને ભારત ખેંચી લાવવાની ઝુંબેશ ચાલે છે જે અંગેનો કરાર ૨૦૧૨માં થયા બાદ ફિલ્મ ટુરિઝમને ખાસ્સું ઉત્તેજન મળ્યું છે.

ઈશાન ભારત એવો પ્રદેશ છે જેમાં દેશની કુલ ૭.૯ ટકા જમીન ઉપર વસતિનો માત્ર ૩.૮ ટકા હિસ્સો વસાવટ કરે છે. અદ્‌ભુત અને અબોટ કુદરતી સૌંદર્ય ધરાવતા અનેક સ્થળ પૂર્વોત્તરમાં આવેલા હોવા છતાં પ્રવાસન પ્રવૃત્તિની ત્યાં એક યા બીજા કારણોસર અવગણના થતી રહી છે, અલબત્ત, આસામ તેમાં અપવાદ છે. સ્થાનિક પ્રજાનું આર્થિક હિત સધાય તે રીતે અહીં પર્યટનને લગતા વેપારધંધા ઊભા થવા જોઈએ.

એક અંદાજ પ્રમાણે ૨૦૧૬માં આશરે ૧૧૨.૪૦ લાખ વિદેશી પર્યટક ભારત આવવાની ધારણા છે તો દેશમાં તીર્થાટન કરવા ૧૪૫૧૪.૬૦ લાખ સહેલાણી નીકળશે. આંકડા સાચા પડે તો દેશને ૩૩૦.૩ બિલિયન ડૉલર જેટલું હૂંડિયામણ મળશે અને ૨૪૫ લાખ લોકો આ રકમ મારફતે રોજગારી મેળવશે. પરિણામે પર્યટકને પરવડે, ગમે અને મોજ પડે તેવા પેકેજ તૈયાર કરી ઉત્તમ સેવા આપવાનું આયોજન અત્યારથી કરવું રહ્યું. પ્રવાસન અને સંસ્કૃતિ જેવાં મંત્રાલયો સાથે મળીને બહેતર કામ કરી શકે. ભારતનો પ્રાચીન વારસો, સ્થાપત્ય અને કળાસંસ્કૃતિ એટલા સમૃદ્ધ છે કે તેના ઉપર પર્યટન ઉદ્યોગ ધમધોકાર કરી શકે અને કરવી જોઈએ.

**લેખન સ્રોત**


– હેરિટેજ ટુરિઝમ - એ સ્ટ્રેટેજીક પર્સપેક્ટિવ - આઈ.સી.એ.આઈ.- સી.એમ.એ. ઍન્ડ પી.એચડી. ચેમ્બર્સ ઑફ કોમર્સ નોલેજ સ્ટડી સિરીઝ.
– એડવેન્ચર ટુરિઝમ ઇન ઇન્ડિયા - સ્ટડી ડન બાય એ.ટી.ઓ.એ.આઈ. ઍન્ડ યસ બેંક
– ડોમેસ્ટિક ટુરિઝમ ઇન ઇન્ડિયા - સ્ટડી ડન બાય ફિક્કી ઍન્ડ આર.આર.સી.
– ડોમેસ્ટિક ટુરિઝમ - ઇવોલ્યુશન, ટ્રેન્ડઝ ઍન્ડ ગ્રોથ - સ્ટડી બાય ફિક્કી ઍન્ડ યસ બેંક
– ઇન્ડિયા ૨૦૧૩ - ટુરિઝમ ઍન્ડ હૉસ્પિટાલિટી - સ્ટડી બાય એસોચેમ ઍન્ડ યસ બેંક
– ઇન્ડિયા આઈડીયલ શૂટિંગ ડેસ્ટીનેશન - એસોચેમ હેન્ડબુક
– આકાશવાણી મુલાકાત - હિમાચલના પૂર્વ પ્રવાસન મંત્રી અને હાલ એચ.પી. ટુરિઝમના નાયબ અધ્યક્ષ મેજર વી.એસ. માંકોટિયા



**શ્રી રત્નદીપ બેનરજી એવા મુક્ત પત્રકાર છે જે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં સેવા આપે છે. તેમનું લેખન અને રેડિયો પ્રસારણ, ભારત અને વિદેશમાં પણ કળા, સંસ્કૃતિ અને પ્રવાસ જેવા વિષય આધારિત રહ્યું છે.**

# ઇ-ટુરિસ્ટ વિઝા : પ્રવાસન માટે વિઝાના નિયંત્રણો ઉદાર બનાવતી વ્યવસ્થા

● શ્રીમતી નાનુ ભસિન, નવનીત કૌર ●

સામાન્ય રીતે પ્રવાસન મોજમસ્તી, મનોરંજન, ધાર્મિક, પારિવારિક કે વેપારવાણિજ્યના હેતુસર મર્યાદિત સમયગાળાનો પ્રવાસ છે. મોટા ભાગે પ્રવાસને આંતરરાષ્ટ્રીય મુસાફરી કે યાત્રા સાથે સાંકળવામાં આવે છે, પણ તમે તેને એક જ દેશની અંદર અન્ય સ્થળની મુલાકાતને પણ પ્રવાસ ગણી શકો છો. વિશ્વ પ્રવાસન સંગઠને પ્રવાસીઓને એવા લોકો તરીકે વ્યાખ્યાતિ કર્યા છે, "જેઓ મોજમસ્તી, મનોરંજન, વેપારવાણિજ્ય અને અન્ય હેતુસર એકથી ઓછા વર્ષ માટે તેમના સામાન્ય કે નિયમિત વાતાવરણની બહાર કોઈ સ્થળની મુસાફરી કરે છે અને રહે છે."

છેલ્લાં થોડાં વર્ષોમાં પ્રવાસન ક્ષેત્રનો સારો વિકાસ થયો છે અને વૈશ્વિક મનોરંજન અને મોજમસ્તી માટેની મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિ તરીકે આ ક્ષેત્ર ખીલ્યું છે. પ્રવાસ સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય હોઈ શકે છે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને ઈનબાઉન્ડ (દેશમાં વિદેશી પ્રવાસીઓનું આગમન) કે આઉટબાઉન્ડ (જે તે દેશના નાગરિકનું વિદેશગમન) પ્રવાસન તરીકે વર્ગીકૃત કરી શકાશે. અત્યારે ઘણા દેશો માટે વિદેશી પ્રવાસીઓનું આગમન આવકનો મોટો સ્રોત છે, ખાસ કરીને વિદેશી વિનિમયની દૃષ્ટિએ. વિદેશી અને સ્થાનિક પ્રવાસીઓના વારંવાર આગમનથી સ્થાનિક અર્થતંત્ર અને રોજગારી પર પણ મહત્ત્વપૂર્ણ હકારાત્મક અસર થાય છે.

ભારત સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે, જેણે હંમેશા પ્રવાસીઓને આકર્ષિત કર્યા છે. આપણી ધરતી તમામ પ્રકારની વિવિધતા ધરાવે છે. અહીં દરિયો છે, રણ છે, જંગલો છે, પર્વતો છે, વૈવિધ્યપૂર્ણ વનસ્પતિ અને વન્યજીવન છે. ભારતની મુલાકાત લેનાર કોઈ પણ વ્યક્તિને વિવિધ રાજ્યોમાં વિવિધ સંસ્કૃતિ, વેશભૂષા, વાનગીઓ અને જનજીવનનો અનુભવ થશે. એટલે સંસ્કૃતિ, પરંપરા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અનુભવવા ઈચ્છતા પ્રવાસીઓ માટે ભારત હંમેશાં મનપસંદ સ્થળ રહ્યું છે. એટલું જ નહીં, વિદેશી પ્રવાસીઓ "ભારતીય સંસ્કૃતિના રાજદૂતો" તરીકે કામ કરે છે અને સમગ્ર વિશ્વને આપણા દેશની વિવિધતામાં એકતા વિશે સંદેશ આપે છે.

આપણા દેશની વિવિધતામાં એકતાની વિશિષ્ટતાનો લાભ લઈને પ્રવાસનને પ્રોત્સાહન આપવા ભારત સરકારે વિવિધ પ્રયાસો હાથ ધર્યા છે. તેમાંની એક મોટી પહેલ **ઈ-ટુરિસ્ટ વિઝા સ્કીમ** છે, જે ભારતમાં વિદેશી પ્રવાસીઓ માટે પ્રવાસને સરળ અને અડચણમુક્ત બનાવે છે.

## ઈ-ટુરિસ્ટ વિઝા : પૃષ્ઠભૂમિ

દેશમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા વિદેશી પ્રવાસીઓ માટે વિઝા નિયમનો હળવા બનાવવાની માગ પ્રવાસન ઉદ્યોગ કરતું હતું, જેને પૂર્ણ કરવા આ સંપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે. સરકારે વર્ષ ૨૦૧૦માં 'વિઝા-ઓન-એરાઈવલ' શરૂ કરી હતી, પણ મર્યાદિત સ્તરે. 'વિઝા-ઓન-એરાઈવલ' એટલે તમારે દેશમાં પ્રવેશ મેળવવા વિઝાની જરૂર છે, પણ જ્યારે તમે દેશમાં મુલાકાત લો તે દેશમાં દર્શાવો ત્યારે વિઝા માટે અરજી કરી શકો છો અને મેળવી શકો. ભારત સરકારે જાન્યુઆરી, ૨૦૧૦માં ફિનલૅન્ડ, જાપાન, લક્ઝમબર્ગ, ન્યૂઝીલેન્ડ અને સિંગાપોરના નાગરિકો માટે વિઝા-ઓન-એરાઈવલ (વીઓએ)ની શરૂઆત કરી હતી. આ ગાળા દરમિયાન વિઝા-ઓન-એરાઈવલની પ્રક્રિયા મેન્યુઅલ હાથ ધરવામાં આવતી હતી.

વિઝા-ઓન-એરાઈવલને પછી જાન્યુઆરી, ૨૦૧૧માં વધારે છ દેશ કમ્બોડિયા, ઈન્ડોનેશિયા, વિયેતનામ, ફિલિપાઈન્સ, લાઓસ અને મ્યાંમાર અને ત્યાર બાદ એપ્રિલ, ૨૦૧૪માં દક્ષિણ કોરિયા માટે લંબાવવામાં આવી હતી. અત્યાર સુધી વીઓએ યોજનાની કામગીરી અતિ મર્યાદિત સ્તરે થતી હતી. જો કે નવી સરકાર બનતા જ આ યોજનામાં ૪૩ દેશોને સામેલ કરવામાં આવ્યા હતા, જેનો ૨૭ નવેમ્બર, ૨૦૧૪ સુધી અમલ કરવામાં આવ્યો હતો અને જાન્યુઆરી, ૨૦૧૫માં ગુયાનાને સામેલ કરતા આ પ્રકારના દેશની સંખ્યા વધીને કુલ ૪૪ થઈ ગઈ છે. ઈલેકટ્રોનિક ટ્રાવેલ

ઓથોરાઈઝેશન (ઇટીએ)ની વિભાવનાને પણ સાથે સાથે લાગુ કરવામાં આવી હતી.

**ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન : ઈ-ટુરિસ્ટ વિઝા**

વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવા નવી સરકારે હાથ ધરેલી અતિ મહત્ત્વપૂર્ણ પહેલમાં ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ઇટીએ) શરૂ કરવામાં આવી છે, જે પ્રવાસીઓને વિઝા ઓન એરાઈવલ માટે સક્ષમ બનાવે છે, જેનું નામ હવે બદલીને ઇ-ટુરિસ્ટ વિઝા કરવામાં આવ્યું છે, પણ ઇટીએની યોજના માર્ગદર્શિકાઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યાં સુધી સરકાર દેશની મુલાકાત લેવા ઇચ્છતાં પ્રવાસીઓ માટે વધુ સારી સુવિધાઓ સ્થાપિત ન કરે ત્યાં સુધી દેશને વૈશ્વિક પ્રવાસનનો ફાયદો ન મળી શકે.

તે પ્રમાણે ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ઇટીએ) દ્વારા સક્ષમ ટુરિસ્ટ વિઝા ઓન એરાઈવલ (ટીવીઓએ) ૨૭ નવેમ્બર, ૨૦૧૪ના રોજ લોંચ કરવામાં આવી હતી, જેનું નામ બદલીને હવે **ઈ-ટુરિસ્ટ વિઝા** રાખવામાં આવ્યું છે, જેનો હેતુ ધીમે ધીમે ૧૫૦ દેશોના નાગરિકોને વિઝા ઓન એરાઈવલ સુવિધા પ્રદાન કરવાનો છે. સરકારે ૨૦૧૫-૧૬ની અંદર આ યોજનામાં ૧૦૬ દેશોને સામેલ કરવાની દરખાસ્ત રજૂ કરી છે.

નવી યોજના ઇ-ટુરિસ્ટ વિઝા ટૂંકા ગાળાના પ્રવાસીઓ માટે પોતાના દેશમાંથી ભારતીય વિઝા મેળવવા ઓનલાઇન અરજી કરવામાં મદદ કરશે અને તેમને ભારતીય રાજદૂત કચેરીની મુલાકાત લેવી નહીં પડે. ઝોઓ વિઝા માટે ઓનલાઇન ફી પણ ચૂકવી શકશે. અરજી મંજૂર થતા અરજદારને ભારતની પ્રવાસની મંજૂરી આપતો ઇમેઇલ મળશે અને તે આ મંજૂરીની પ્રિન્ટ આઉટ સાથે પ્રવાસ કરી શકે છે. ભારતમાં આગમન થતા મુલાકાતીએ આ મંજૂરી ઇમિગ્રેશન સત્તામંડળ સમક્ષ રજૂ કરવી પડશે, જે દેશમાં પ્રવેશ પર સ્ટેમ્પ મારશે. અત્યારે વીઓએ એક મહિના માટે માન્ય છે અને સિંગલ એન્ટ્રીની જ છૂટ છે, જેને લંબાવી શકાતા નથી.

ઇ-ટુરિસ્ટ વિઝા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ મેળવી શકે છે, જેમનો એકમાત્ર હેતુ ભારતમાં મનોરંજન, જોવાલાયક દૃશ્યો માણવાનો, મિત્રો કે સગાંસંબંધીઓને મળવાનો, ટૂંકા ગાળા માટે તબીબી સારવાર લેવાનો કે વાણિજ્યિક મુલાકાત લેવાનો હોય છે. તે રાજદ્વારી કે સત્તાવાર પાસપોર્ટ ધારકો માટે લાગુ નથી. ઇ-ટુરિસ્ટ વિઝાનો આશય સંપૂર્ણપણે આઇટી-સક્ષમ વાતાવરણ મારફતે સુરક્ષા માળખાને મજબૂત કરીને કાયદેસર પ્રવાસની સુવિધા કરવાનો છે. પ્રવાસીઓને ૨૦૧૦માં લોંચ થયેલી વીઓએ સુવિધામાં અડચણોનો સામનો કરવો પડતો હતો, કારણ કે તે આઇટી સાથે સંકલિત નહોતી. નવી સિસ્ટમ સંપૂર્ણપણે ડિજિટાઇઝ, સરળ અને યુઝર-ફ્રેન્ડલી હોવાથી તમામ પ્રકારની અડચણોને દૂર કરે છે

**ઇ-ટુરિસ્ટ વિઝાની તક**

ઇમિગ્રેશન વિભાગે નવ એરપોર્ટ – દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, હૈદરાબાદ, બેંગાલુરુ, કોચી, થિરુવનંતપુરમ અને ગોવામાં ૭૨ પ્રતિબદ્ધ કાઉન્ટર્સ સ્થાપિત કર્યા છે, જે ઇ-ટુરિસ્ટ વિઝા પ્રવાસીઓને સુવિધા પ્રદાન કરે છે અને તેમની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરે છે. અત્યારે ઇ-ટુરિસ્ટ વિઝા સુવિધા ફક્ત નવ એરપોર્ટ પર ઉપલબ્ધ છે. જોકે વિદેશી નાગરિક ભારતમાં કોઈ પણ ઓથોરાઇઝ ઇમિગ્રેશન ચેક પોસ્ટ (આઇસીપી)માંથી બહાર નીકળી શકે છે.

જાન્યુઆરી, ૨૦૧૫ સુધી ઇ-ટુરિસ્ટ વિઝા આ ૪૪ દેશોમાં ઉપલબ્ધ હતા : ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કમ્બોડિયા, કૂક આઇલૅન્ડ, જિબોટી, ફિજી, ફિનલૅન્ડ, જર્મની, ગુયાના, ઇન્ડોનેશિયા, ઇઝરાયેલ, જાપાન, જોર્ડન, કેન્યા, કિરિબાટી, લાઓસ, લક્ઝમબર્ગ, માર્શલ ટાપુઓ, મોરેશિયસ, મેક્સિકો, માઇક્રોનેશિયા, મ્યાન્માર, નૌરુ, ન્યૂઝીલેન્ડ, નિયુ ટાપુ, નોર્વે, ઓમાન, પલાઉ, પેલેસ્ટાઇન, પપુઆ ન્યૂ ગિની, ફિલિપાઇન્સ, રિપબ્લિક ઑફ કોરિયા, રશિયા, સમોઆ, સિંગાપોર, સોલોમન ટાપુઓ, થાઇલેન્ડ, ટોંગા, ટુવાલુ, યુએઇ, યુક્રેન, અમેરિકા, વનુઆટુ, વિયેતનામ.

ઇ-ટુરિસ્ટ વિઝા શરૂ થયા પછી અગાઉ ૧૨ દેશો (જાપાન, સિંગાપોર, ફિલિપાઇન્સ, ફિનલૅન્ડ, લક્ઝમબર્ગ, ન્યૂઝીલેન્ડ, કમ્બોડિયા, લાઓસ, વિયેતનામ, મ્યાન્માર, ઇન્ડોનેશિયા અને દક્ષિણ કોરિયા) માટે પ્રવાસ અગાઉ પૂર્વમંજૂરીની જરૂરિયાત વિના મેન્યુઅલ વિઝા-ઓન-એરાઇવલ ઉપલબ્ધ યોજના ૨૭-૦૧-૨૦૧૫થી બંધ થઈ છે.

## ઇ-ટુરિસ્ટ વિઝાની સફળતા

યોજનાનો અમલીકરણ સ્પષ્ટ સંદેશ આપે કે, ભારત દેશમાં પ્રવાસન પ્રક્રિયાને સરળ બનાવવા ગંભીર છે અને આ સ્કીમ ૧૨મી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના આગમનમાં ભારતનો હિસ્સો ૧ ટકા લઈ જશે, જે અત્યારે ૦.૬૪ ટકા છે.

**ટીવીઓએ/ઇ-ટુરિસ્ટ વિઝા સ્કીમની પ્રગતિ**

| વર્ષ | ૨૦૧૦ (જાન્યુ.-નવે.) | ૨૦૧૧ (જાન્યુ.-ડિસે.) | ૨૦૧૨ (જાન્યુ.-ડિસે.) | ૨૦૧૩ (જાન્યુ.-ડિસે.) | ૨૦૧૪ (જાન્યુ.-ડિસે.) |
|---|---|---|---|---|---|
| ટીવીઓએ/ ઇ-ટુરિસ્ટ વિઝા | ૫૬૪૪ | ૧૨,૭૬૧ | ૧૬,૦૮૪ | ૨૦,૨૯૪ | ૩૯,૦૪૬ |

**સ્રોત :** માર્કેટિંગ સંશોધન વિભાગ, પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર

ઇ-ટુરિસ્ટ વિઝા ૨૭ નવેમ્બર, ૨૦૧૪ના રોજ શરૂ થઈ હતી.

**'ઇ-ટુરિસ્ટ વિઝા' vs 'મેન્યુઅલ ટીવીઓએની સંખ્યા''***

| વર્ષ | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | જાન્યુઆરી-માર્ચ |
|---|---|---|---|---|
| ૨૦૧૪ (Manual TVOA) | ૧,૯૦૩ | ૧,૯૮૦ | ૧,૯૫૮ | ૫,૮૪૧ |
| ૨૦૧૫ (E-Tourist Visa) | ૨૫,૦૨૩ (૧૨૧૫%)* | ૨૪,૯૮૫ (૧૧૬૨%)* | ૨૫,૮૫૧ (૧૨૨૦%)* | ૭૫,૮૫૯ (૧૧૯૯)* |

**સ્રોત :** માર્કેટિંગ સંશોધન વિભાગ, પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર

* અગાઉના વર્ષના સમાન મહિનામાં ટકાવારીમાં વધારો

* શરૂઆતમાં મેન્યુઅલ ટીવીઓ સ્કીમ દરમિયાન પૂર્વમંજૂરીની જરૂર નહોતી.

ઉપર બંને ટેબલમાં દર્શાવ્યા મુજબ, ઈટીએ શરૂ થયા પછી ઇ-ટુરિસ્ટ વિઝાનો લાભ લેનાર પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. માર્ચ, ૨૦૧૫ દરમિયાન કુલ ૨૫,૮૫૧ પ્રવાસીઓ ઇ-ટુરિસ્ટ વિઝા મારફતે આવ્યા હતા, જ્યારે અગાઉની સ્કીમ દરમિયાન માર્ચ, ૨૦૧૪ દરમિયાન ૧,૯૫૮ ટીવીઓએ આવ્યા હતા. આ રીતે ૧૨૨૦.૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. તે જ રીતે ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન ઇ-ટુરિસ્ટ વિઝા દ્વારા ૨૪,૯૮૫ પ્રવાસીઓનું આગમન થયું હતું, જ્યારે ફેબ્રુઆરી, ૨૦૧૪માં અગાઉની સ્કીમ દરમિયાન ૧,૯૮૦ ટીવીઓએનું આગમન થયું હતું. આ રીતે ૧૧૬૧.૯૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.

જાન્યુઆરીથી માર્ચ, ૨૦૧૫ દરમિયાન કુલ ૭૫,૮૫૯ પ્રવાસીઓ ઇ-ટુરિસ્ટ વિઝા મારફતે આવ્યા હતા, જ્યારે જાન્યુઆરીથી માર્ચ, ૨૦૧૪ દરમિયાન ૫,૮૪૧ ટીવીઓએ આવ્યા હતા અને પ્રવાસીઓના આગમનમાં ૧૧૯૮.૭ ટકાની વૃદ્ધિ થઈ હતી. તાજા આંકડા મુજબ, ૧૪ એપ્રિલ, ૨૦૧૫ સુધી આ સ્કીમ હેઠળ ભારત સરકારે ૧,૧૦,૦૦૦ વિઝા ઈશ્યૂ કર્યા છે. આ ઊંચી વૃદ્ધિ માટે ૪૦થી વધારે દેશોમાં ઇ-ટુરિસ્ટ વિઝા સ્કીમ શરૂ કરવાના કારણે હોઈ શકે છે, જ્યારે ટીવીઓએ સ્કીમ ફક્ત ૧૨ દેશો પૂરતી મર્યાદિત હતી.

માર્ચ, ૨૦૧૫ દરમિયાન ભારતમાં ઇ-ટુરિસ્ટ વિઝા માટે ટોચના ૧૦ સ્રોત દેશોનો ટકાવારીમાં હિસ્સો આ મુજબ હતો : અમેરિકા (૩૩.૨૫ ટકા), જર્મની (૧૪.૬૪ ટકા), રશિયન સંઘ (૧૩.૧૩

ટકા), ઑસ્ટ્રેલિયા (૮.૩૭ ટકા), કોરિયા પ્રજાસત્તાક (૬.૩૯ ટકા), યુક્રેન (૪.૨૧ ટકા), મેક્સિકો (૨.૯૩ ટકા), જાપાન (૧.૯૯ ટકા), ન્યૂઝીલેન્ડ (૧.૯૧ ટકા) અને ઇઝરાયેલ (૧.૬૮ ટકા).

માર્ચ, ૨૦૧૫ દરમિયાન ભારતમાં ઇ-ટુરિસ્ટ વિઝા માટે વિવિધ એરપોર્ટ પર ટકાવારીનો હિસ્સો આ મુજબ હતો : નવી દિલ્હી (૪૭.૩૨ ટકા), મુંબઈ (૧૮.૫૫ ટકા), ગોવા (૧૨.૦૩ ટકા), બેંગાલુરુ (૬.૨૭ ટકા), ચેન્નાઈ (૫.૬૦ ટકા), હૈદરાબાદ (૨.૯૩ ટકા), કોલકાતા (૨.૭૮ ટકા), કોચી (૨.૬૮ ટકા) અને ત્રિવેન્દ્રમ (૧.૮૪ ટકા).

**ઈ-ટુરિસ્ટ વિઝા સાથે સંબંધિત મુદ્દા**

ઈ-ટુરિસ્ટ વિઝા હવે ૪૦થી વધારે દેશોમાં ઉપલબ્ધ હોવા છતાં સ્કીમ ચીન, બ્રિટન, સ્પેન, ઈટાલી અને મલેશિયા જેવા કેટલાક દેશો માટે કાર્યરત થઈ નથી, જે પ્રવાસન ક્ષેત્રની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. તે જ રીતે સુવિધા વારાણસી, ગયા, અમદાવાદ, જયપુર, તિરુચિરાપલ્લી જેવા અન્ય એરપોર્ટ પર પણ આપવાની જરૂર છે, જે ભારતમાં વિદેશી પ્રવાસીઓના આગમનના મહત્ત્વપૂર્ણ કેન્દ્રો છે. તેનાથી હાલ મંજૂરી ધરાવતા નવ એરપોર્ટ પર પ્રવાસીઓનું ભારણ ઘટશે, જ્યાં આ સુવિધા લાગુ છે.

હિતધારકો અને પ્રવાસીઓએ એવી માગણી પણ કરી છે કે વિઝા-ઓન એરાઈવલ સુવિધા સાથે એકથી વધારે જગ્યાએ પ્રવેશને મંજૂરી મળવી જોઈએ, જેથી ભારત આવતા કોઈ પણ પ્રવાસી પડોશી દેશની મુલાકાત પણ લઈ શકે. એકથી વધારે જગ્યાએથી પ્રવેશની સુવિધા ઊભી થવાથી વિદેશી પ્રવાસીઓના આગમનમાં વૃદ્ધિ થશે. તે જ રીતે પ્રવાસીઓને વધુ અનુકૂળતા પ્રદાન કરવા વિઝાનો ગાળો વધારીને બે મહિના કરવાની માગ પણ છે.

આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને બાયોમેટ્રિક્સ માટે મુશ્કેલીનો સામનો પણ કરવો પડે છે, જે માટે અરજદારોએ તેમના મૂળ દેશમાં લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે, જે ઓનલાઇન અરજીના હેતુને મારી નાખે છે. મેન્યુઅલ વીઓએ બંધ થયા પછી વિદેશી પ્રવાસીઓ આ સ્કીમને અયોગ્ય ગણે છે. તેઓ કહે છે કે, નવી સ્કીમ ફક્ત ઇ-વિઝા છે, તેને તમે ખરા અર્થમાં વિઝા-ઓન-અરાઈવલ ન કહી શકો, કારણ કે તેમાં પૂર્વમંજૂરી જરૂરી નહોતી.

**ઉપસંહાર :** ટૂંકમાં કહીએ તો ઇ-ટુરિસ્ટ વિઝાએ પ્રવાસન ઉદ્યોગની વિઝાનાં નિયંત્રણો હળવા કરવાની ૨૦ વર્ષ લાંબી માગને પૂરી કરવામાં સહાય કરી છે. ઈટીએ યાદીમાં અમેરિકા, જર્મની અને યુએઈ જેવા દેશો સામેલ છે, જે અત્યારે આપણા ઇનબાઉન્ડ પ્રવાસીઓના આગમનમાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. ઇ-ટુરિસ્ટ વિઝા વિદેશી પ્રવાસીના આગમનમાં વૃદ્ધિ માટે એકમાત્ર સ્રોત ન હોઈ શકે, તેમ છતાં તે વિદેશી પ્રવાસીઓના આગમનમાં વધારો કરવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ઇ-ટુરિસ્ટ વિઝા ચોક્કસ ભારતને પ્રવાસીઓ માટે વધારે આકર્ષક દેશ બનાવશે.

**સંદર્ભ :**


# Market Research & Statistics Division of Ministry of Tourism, Govt of India

# Path Breaking Initiatives of Govt. of India: Ministry of Tourism (Booklet, Feb. 2015)

# Official Website of Ministry of Tourism, Govt of India: tourism.gov.in/

# Online visa application site of Govt. of India :https://indianvisaonline.gov.in

#Official website of Bureau of Immigration, Govt. of India: www.immigrationindia.nic.in/

# Press releases on Official website of Press Information Bureau: pib.nic.in

# Wikipedia : http://en.wikipedia.org/wiki/Tourism



**લેખક નાનુ ભસીન પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી ખાતે નિયામક છે તથા નવનીત કૌર નાયબ નિયામક છે.**



**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# પ્રવાસન ઉદ્યોગસાહસિકતા – વિકાસ સાધવા માટેની મહત્ત્વપૂર્ણ ચાવી

• પ્રો. જી. અંજનેય સ્વામી •

કોઈ પણ દેશનો વિકાસ આર્થિક વૃદ્ધિ પર આધારિત હોય છે અને અર્થશાસ્ત્રીઓ અને નીતિનિર્માતાઓ આર્થિક વિકાસના વિવિધ માધ્યમો શોધવામાં પ્રયાસરત રહે છે. આ પ્રક્રિયા અંતર્ગત તેમણે સમાજના સૌથી નીચલા સ્તરના લોકોને આર્થિક વિકાસની ચાવી ગણાવી છે. તેમના કહેવા અનુસાર, લોકોની ઉદ્યોગસાહસિકતા આર્થિક વિકાસનું પ્રેરક પરિબળ છે. ઉદ્યોગસાહસિક તમામ સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ ન કરે ત્યાં સુધી કશું થતું નથી. પુરવઠા અને માગની શક્યતાને ચકાસીને ઉદ્યોગસાહસિક અસરકારક વ્યૂહરચના વિકસાવે ત્યારે જે તે ક્ષેત્રમાં આર્થિક વિકાસ વાસ્તવિકતામાં પરિણમે છે. એટલે ઉદ્યોગસાહસિકોને વિકાસ પ્રક્રિયાના એજન્ટ અને વાહક ગણાવવા વધુ યોગ્ય છે. ઉદ્યોગસાહસિકો તેમના સ્વપ્ન, ઊર્જા અને પ્રતિભાથી મૂલ્ય સમજે છે. **પીટર ડ્રકર** (૨૦૦૯) કહે છે કે, "દરેક ખનીજ વધુ એક ખડક છે અને દરેક પ્લાન્ટ બીજા પ્લાન્ટનું પ્રેરકબળ છે. **જ્યોર્જ ગિલ્ડર** કહે છે કે, આપણે બધા આપણી આજીવિકા અને પ્રગતિ માટે એકબીજા પર અને ખાસ પુરુષો અને મહિલાઓની રચનાત્મકતા અને સાહસ પર નિર્ભર છીએ, જેમણે જોખમ ખેડીને આપણને પ્રગતિના પંથે અગ્રેસર કર્યા છે."

**પ્રવાસનમાં ઉદ્યોગસાહસિકતા અને આર્થિક વિકાસ**

**મેઈર અને બોલ્ડવિન**ના જણાવ્યા મુજબ, "વિકાસ એકાએક કે સ્વાભાવિક પ્રક્રિયાનું પરિણામ નથી. જ્યારે આર્થિક સ્થિતિ કે વિકાસ માટે યોગ્ય પરિબળો જણાય, ત્યારે ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિની જરૂર પડે છે." આ સંદર્ભમાં પ્રવાસનને ઉદ્યોગ તરીકે લેવામાં આવે છે અને સમગ્ર દુનિયામાં પ્રભાવશાળી દરે વૃદ્ધિ પામે છે. સેવા ઉદ્યોગમાં પ્રવાસન ક્ષેત્ર ઓછી મૂડી અને વ્યવસાયો સ્થાપિત કરવામાં સરળતા ઊભી કરવાની જરૂરિયાત જેવા વિવિધ પરિબળો ધરાવતું હોવાથી વધારે અસરકારક પુરવાર થશે.

એટલે પ્રવાસીઓને પૂરી પાડવામાં આવતી વિવિધ પ્રકારની સેવાઓને ધ્યાનમાં લઈએ તો પ્રવાસન ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા માટે પ્રમાણમાં વધારે અવકાશ રહેલો છે. પ્રવાસન ઉદ્યોગસાહસિકતામાં પ્રવાસન સાથે સંકળાયેલ તમામ બાબતો અને આનુષંગિક વાણિજિયક પ્રવૃત્તિઓ સંકળાયેલી છે. તેમાં પરિવહન, હોટેલ અને કેટરિંગ, ટ્રાવેલ એજન્સીઓ, ટૂર ઓપરેટર્સ, મનોરંજન, ઉત્પાદન અને કળા અને હસ્તકળાઓના કામનું માર્કેટિંગ, પરિષદો અને કાર્યક્રમો અને પ્રદર્શનો, પાર્ક અને અન્ય મનોરંજન સ્થળોનું વ્યવસ્થાપન સામેલ છે.

પ્રવાસન ઉદ્યોગસાહસિકતા પર પ્રવર્તમાન સાહિત્યની ઝડપી સમીક્ષા કોઈ પણ વ્યક્તિને સંશોધકોના વૈચારિક અને અનુભવજન્ય કાર્યોનો પરિચય કરાવે છે, જેમ કે મેઈર અને બોલ્ડવિન (૧૯૫૭), ડેવિડ સી મેકક્લીલેન્ડ (૧૯૬૧), જ્યોર્જ ગિલ્ડર (૧૯૮૪), ટેડ સિલ્બરબર્ગ (૧૯૯૫), એલિસન મોરિસન (૧૯૯૯), બેઝબરુઆ (૧૯૯૯), હેઈદી ડાલ્સ અને કેરિન બ્રાસ (૧૯૯૯), એન્ડ્રૂ ટર્નબુલ (૨૦૦૨), રસેલ અને બિલ ફોકનર (૨૦૦૪), સ્ટીફન (૨૦૦૫), મેલોડી બોથા વગેરે (૨૦૦૬), નાથન કે ઓસ્ટિન (૨૦૦૭), પીટર ડ્રકર (૨૦૦૯), રોસલીન સ્ટીફન જે પેજ અને જોવો એટ્લજેવિક (૨૦૦૯), અંજન ભૂયાન (૨૦૧૦), ક્લાઉસ વેઈરમેઈર વગેરે (૨૦૧૦), રાજેન્દ્ર પાલ (૨૦૧૦), બ્રેન્ડન કોની (૨૦૧૨), એમટા મ્વાલો મેથિઆસ (૨૦૧૩), હ્યુ સેરાફિન (૨૦૧૩), અને વગેરે, જેમણે પ્રવાસન અને આનુષંગિક ક્ષેત્રોમાં ઉદ્યોગસાહસિકતાના વિવિધ પાસાં ચકાસ્યાં છે. તેમાંથી મોટા ભાગના અભ્યાસો વિસ્તાર કેન્દ્રિત છે અને સંબંધિત વિસ્તારો કે દેશોમાં પ્રવાસનમાં ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત છે.

### નવીન પ્રવાસન ઉત્પાદનો - ભારતીય પ્રવાસનની ભવિષ્યની વૃદ્ધિના ચાવીરૂપ પાસાં

હકીકત એ છે કે નવીન પ્રવાસન ઉત્પાદનો સફળતાની ચાવી છે અને ભારતીય પ્રવાસનના નિર્વાહ પર ભાર મૂકવાની જરૂર છે. પ્રવાસનના વ્યાપક લાભો હોવા છતાં ભારતીય પ્રવાસનને નવા સ્તરે સંતોષકારક રીતે લઈ જવા સરકાર અને વિકાસ એજન્સીઓ વિવિધ પહેલ કરી રહી છે. છેલ્લાં કેટલાંક દાયકામાં બહુ નવા પ્રવાસન સ્થળોને નોંધપાત્ર રીતે વિકસાવવામાં આવ્યા નથી. તેના પરિણામે વર્તમાન પ્રવાસન સ્થળો પર દરરોજ દબાણ વધી રહ્યું છે એટલે નવા ઉત્પાદનો કે સ્થળો વિકસાવવાનો યોગ્ય સમય છે અને અગાઉ કરતા વધારે ધ્યાન આપવાની જરૂર છે. ભારતીય પ્રવાસનને નવી કક્ષાએ પહોંચાડી શકે તેવી કેટલીક પહેલો નીચે મુજબ છે.

### વિશિષ્ટ અને રહસ્યમ સ્થળોને પ્રોત્સાહન

જ્યારે પશ્ચિમમાં કુદરત અને તર્કથી વિપરિતતા ધરાવતા સ્થળોને પ્રોત્સાહન આપવામાં આવે છે, ત્યારે ભારતમાં હજુ રહસ્યમય સ્થળો અને બજારને ઓળખવાની શરૂઆત થઈ નથી. દાખલા તરીકે, અસમમાં હાફલોંગ નજીક **જટિંગા** સ્થિત છે, જ્યાં દર વર્ષે સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન દૂરદૂરના દેશોમાંથી પક્ષીઓ આવે છે અને તેઓ ટેકરો બનાવીને આત્મહત્યા કરે છે. આ ખરેખર રહસ્ય છે! તે જ રીતે આંધ્રપ્રદેશમાં કુર્નૂલમાં મહાનંદીમાં પાણીનું તળાવ છે, જ્યાં આખું વર્ષ પાણીનું સ્તર સતત જળવાઈ રહે છે. અહીં પાણીનો કુંડ ૧.૫ મીટર (ફૂટ) ઊંડો છે. પણ અહીં કૂંડમાં પાણી કેવી રીતે પ્રવેશે તે કોઈ જાણતું નથી અને અહીં પાણીનું સ્તર હંમેશા એકસરખું અને સ્વચ્છ જળવાઈ રહી છે. હકીકત એ છે કે પાણી એટલું બધું શુદ્ધ અને સ્વચ્છ છે કે તેમાં તળિયે પડેલો સિક્કો છેક ઉપરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે. અન્ય રહસ્યમય સ્થળ રાજસ્થાનમાં અલવર નજીક **ભાણગઢનો કિલ્લો** છે. એવું કહેવાય છે કે દુનિયાના આ સૌથી ભયાનક સ્થળોમાં તે સામેલ છે. ૧૬૧૩માં રાજા માધો સિંહે તેની સ્થાપના કરી હતી. એક દંતકથા મુજબ, બાબા બાલુનાથ નામના સાધુ કિલ્લાની અંદર રહેતા હતા. તેણે આદેશ આપ્યો હતો કે કિલ્લાની અંદર કોઈ પણ મકાન તેના મકાનથી વધારે ઊંચું ન હોવું જોઈએ અને જો આવા કોઈ મકાનનો પડછાયો તેના ઘર પર પડશે તો કિલ્લો પડી જશે. કોઈ આ કિલ્લાની આસપાસ કામચલાઉ મકાનો જોઈ શકે છે. તેની આસપાસના મકાનો છાપરાં વિનાના છે, કારણ કે જે મકાન છત બનાવે છે તે તૂટી પડે છે તેવી માન્યતા અને અનુભવ છે. લોકોને કિલ્લામાં રાત પસાર કરવાની મંજૂરી પણ આપવામાં આવતી નથી. એવું કહેવાય છે કે સાંજ થયા પછી અહીં રહેનાર કોઈ પણ વ્યક્તિ ક્યારેય પાછી આવતી નથી.

આવું જ અન્ય એક સ્થળ મહારાષ્ટ્રમાં **શનિ સિંગણાપુર** છે, જ્યાં આખા ગામના તમામ ઘરો દરવાજા વિનાના છે. અહીં કોઈ મકાનને ક્યારેય તાળાં મારવામાં આવતા નથી. દંતકથા મુજબ, જો કોઈ વ્યક્તિ કશી ચીજવસ્તુની ચોરી કરશે તો તેને ઈશ્વર (શનિદેવ) કડક સજા કરશે. પ્રવર્તમાન સમાજમાં આવી માન્યતાને વળગી રહેવામાં આવે છે. તમને નવાઈ લાગતી નથી!

આ તમામ રોમાંચક અને વિચિત્ર સ્થળો પ્રવાસન સ્થળોના વિવિધ પાસાં ધરાવે છે અને તેને વિકસાવવાની પ્રચૂર સંભવિતતા રહેલી છે. આ સંસાધનોનો અસરકારક ઉપયોગ એટલે ઉદ્યોગસાહસિકતા. ઉત્પાદનની ડિઝાઈન, મજબૂત સુલભતા, રહેઠાણ અને અન્ય પ્રવાસન સંબંધિત સુવિધાઓને વિકસાવવાની જરૂર છે. આ તમામ સ્થળોને જિજ્ઞાસા, તેની સાથે જોડાયેલા રહસ્યો અને ત્યાં વસતાં સમુદાયો તેની યુએસપી બની શકે છે. એટલે આ પ્રકારના વિશિષ્ટ અને રહસ્યમય સ્થળોને રાષ્ટ્રીય કે પ્રાદેશિક પ્રવાસન સ્થળોમાં સામેલ કરીને બિનપરંપરાગત પ્રવાસન ઉત્પાદનો બનાવવા ભાર મૂકવાનો યોગ્ય સમય છે.

### ઓછા જાણીતા સ્થળોને પ્રોત્સાહન

દેશની વિશાળતા અને વિવિધતાને ધ્યાનમાં રાખીએ તો ઊંચી સંભવિતતા ધરાવતા અનેક આકર્ષક સ્થળો છે, જેને રાષ્ટ્રીય પ્રવાસન નકશામાં મૂકવાની જરૂર છે. દાખલા તરીકે, પુલિકટ સરોવર અને આંધ્રપ્રદેશમાં નેલ્લોર જિલ્લામાં પક્ષી અભયારણ્ય (ચેન્નાઈથી ૧૫૦ કિમીના અંતરે), કર્ણાટકમાં મુપ્પાનીની કુદરતી સુંદરતા, પેરામ્બિકુલમ ઈકો પ્રવાસન સ્થળ, તમિળનાડુમાં થેણી જિલ્લામાં મેઘમલાઈ – જે ટ્રેકર્સ માટે સ્વર્ગ સમાન છે વગેરે સ્થળો છે, જે અત્યારે બહુ જાણીતા નથી. આ સ્થળોને વિશિષ્ટ રસ ધરાવતા પ્રવાસીઓને બાદ કરતા બહુ ઓછા લોકો જાણે છે અને તેમને પ્રવાસન વર્તુળોમાં પ્રોત્સાહિત કરવાની જરૂર છે. તે જ રીતે આંધ્રપ્રદેશમાં વિશાખાપટનમ નજીક લામ્ભાસિંગી એક એવું સ્થળ છે, જ્યાં દર વર્ષે બરફવર્ષા થાય છે. હકીકતમાં આપણા દેશમાં એવા ઘણા સ્થળો છે, જેના પર ધ્યાન આપવાની જરૂર છે.

### પ્રવાસન સુલભતા

ઉત્પાદન ક્ષેત્રના ઉત્પાદનોની સરખામણીમાં સેવા ક્ષેત્ર અને તેમાં પણ

ખાસ કરીને પ્રવાસન ક્ષેત્રએ હજુ વિકલાંગતા ધરાવતા લોકોની ચોક્કસ જરૂરિયાતોને અનુભવી નથી. જ્યારે સમગ્ર વિશ્વમાં વિવિધ રાષ્ટ્રો અને વિવિધ ઉત્પાદન ક્ષેત્રો 'સર્વસમાવેશક વૃદ્ધિ' માટે અથાક પ્રયાસ કરી રહ્યાં છે, ત્યારે પ્રવાસન ક્ષેત્ર વિવિધ વિકલાંગતા ધરાવતા લોકોને સમાવવામાં પાછળ રહી ગયું હોય તેમ જણાય છે. વિવિધ રસ ધરાવતા સ્થળોની મુલાકાત લેવી, કુદરતની અસંખ્ય વિવિધતાઓનો અનુભવ લેવો મનુષ્યની મૂળભૂત વૃત્તિઓ છે. દુનિયામાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા લોકો આશરે છ કરોડ છે, પણ સંગઠિત પ્રવાસન ક્ષેત્રમાં આ લોકોની ચોક્કસ જરૂરિયાતો ધ્યાનમાં રાખીને સુવિધાઓ ઊભી કરવામાં આવતી નથી તે કમનસીબ બાબત છે. સમાનતા અને સામાજિક ન્યાય જેવા સામાજિક હેતુઓ પૂર્ણ કરવા ઉપરાંત બજારનું કદ ખરા અર્થમાં ઉત્પાદન ડિઝાઈન અને વિકાસની દૃષ્ટિએ નવા રોકાણ માટે પુષ્કળ તક પ્રદાન કરે છે. યુરોપિયન નેટવર્ક ફોર એક્સેસિબલ ટુરિઝમ (ઈએનએટી)ના જણાવ્યા મુજબ, સુલભ પ્રવાસનમાં આના જેવી માળખાગત સુવિધાઓની રચના કે સુધારા સામેલ છેઃ અવરોધમુક્ત સ્થળ, સરળ અને સુલભ પરિવહન, ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓ, પ્રવૃત્તિઓ અને પ્રદર્શનમાં સહભાગિતા, બુકિંગ સિસ્ટમ્સ અને અન્ય સેવા સંપાદનની કામગીરીના સંબંધમાં વ્યવહારોની સુલભતા અને સંચાલનની અનુકૂળતા. ઈન્ટરનેટના કારણે તમામ સેગમેન્ટ્સમાં ઓનલાઈન ટ્રાવેલ પ્લાનિંગ અને બુકિંગ વધારે સુલભ બન્યું છે. જોકે ટ્રાવેલ ટર્મિનલ્સ અને સ્થળો પર સુવિધાઓ વધુ સારી કરવાની જરૂર છે.

**ગરીબ સમર્થક પર્યટન**

સ્થળોની મુલાકાત લેવી, લોકોને મળવું, કુદરતી સૌંદર્યને માણવું અને વિવિધ પ્રકારની વાનગીઓની મજા માણવી – મનુષ્યની સ્વાભાવિક વૃત્તિઓ છે. પ્રવાસન આર્થિક, જાતિ, જ્ઞાતિ, પ્રાંત અને વય જેવી અસમાનતાથી પર છે. જોકે જાણેઅજાણે ભારતીય પ્રવાસન વર્ષોથી શહેરી ધનિકો પર જ કેન્દ્રિત છે. જો આ પ્રવાહ જળવાઈ રહેશે તો ટૂંક સમયમાં "પ્રવાસન ક્ષેત્ર ભદ્રજનો માટે, ભદ્રજનો દ્વારા અને ભદ્રજનોનું કહેવાશે તેની નવાઈ ન લાગવી જોઈએ!"

પરિવહન, રહેઠાણ અને અન્ય સેવાઓના સંબંધમાં પ્રવાસન માળખામાં મોટો વિકાસ થવા છતાં પ્રવાસનના અનુભવનમાંથી ભારતના ગ્રામીણ અને અર્ધગ્રામીણ સ્થળો હજુ પણ બાકાત છે અને આ ખરેખર મોટી કમનસીબી છે. જ્યારે ઉત્પાદન ક્ષેત્રની ચીજવસ્તુઓ અંતરિયાળ સ્થળોમાં ગ્રામીણ બજારોમાં અસરકારક રીતે પહોંચી શકે છે, ત્યારે ઉત્પાદન તરીકે પ્રવાસનને સંપૂર્ણ સર્વસમાવેશક ક્ષેત્ર તરીકે પ્રોત્સાહિત કરવામાં આવ્યું નથી તે વક્રોક્તિ છે. પ્રવાસન માટે ગ્રામીણ અને વણખેડાયેલા બજારોમાં રહેલી સંભવિતતા માટે ઉત્તમ રીતે સી કે પ્રહલાદના શબ્દોમાં કહી શકાય, 'વિકાસની ચાવી સમાજના સૌથી નીચલા સ્તરમાં છે!' એટલે ગ્રામીણ બજારોમાં સંભવિતતા શોધવાનો યોગ્ય સમય છે. અભિગમમાં ફેરફાર, વાજબી ખર્ચે પ્રવાસન ઉત્પાદન વિકસાવવા, ગ્રામીણ સમુદાયની ભાગીદારી અને તેમને સાંકળવા આવકારદાયક અભિગમ જેવા કેટલીક બાબતો પર પહેલ કરવી જોઈએ. દેશમાં કેટલાંક લોકપ્રિય યાત્રાધામોને બાદ કરતા અન્ય તમામ પ્રવાસન સ્થળો ગ્રામીણ પ્રવાસનના વિશાળ બજારને સહભાગી બનાવવાની તક ગુમાવી રહ્યાં છે.

**શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પર્યટન અને પ્રવાસ પેકેજ**

આ બહુ વિચિત્ર બાબત છે કે કોઈ મોટા ટૂર ઓપરેટર કે ટ્રાવેલ પોર્ટલ તેમના વિવિધ ઉત્પાદનોમાં શાળાઓ અને કોલેજના વિદ્યાર્થીઓની ચોક્કસ જરૂરિયાતો સંતોષવા માટે કોઈ ખાસ ઉત્પાદન ધરાવતા નથી. આપણે સૌ જાણીએ છીએ કે અત્યારે મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ ટૂંકા પ્રવાસ કે ઔદ્યોગિક મુલાકાતો યોજે છે. દેશના કદને અને અનેક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાઓને ધ્યાનમાં રાખીએ તો આ બજારનું કદ ઘણું મોટું છે અને સંગઠિત રીતે વિકસવા આતુર છે. સામાન્ય રીતે આ બજારમાં અસંગઠિત ટૂર ઓપરેટર્સ વધારે છે અને તેઓ બિનવ્યાવસાયિક રીતે કાર્યરત છે. ઘણી વખત તેઓ વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી સાથે સમાધાન પણ કરે છે. તાજેતરમાં હૈદરાબાદની એક કોલેજના ૨૪ ઈજનેરી વિદ્યાર્થીઓ લારજી જળવિદ્યુત પ્રોજેક્ટના નીચાણવાળા પ્રવાહમાં તણાઈ ગયા હતા. બિયાસ નદીમાં પાણીનું સ્તર એકાએક વધવાથી આ વિદ્યાર્થીઓ તણાઈ ગયા હતા. છેતરપિંડી અને શોષણના કેસો વધ્યાં છે. વિદ્યાર્થી પ્રતિનિધિઓ સાથે યોજના બનાવતા શિક્ષકો પ્રવાસની યોગ્ય માર્ગદર્શિકા કે ટૂર શીડ્યુલની ડિઝાઈન, અસરકારક ખર્ચ અને અનપેક્ષિત ઘટનાઓને પહોંચી વળવા કટોકટીની યોજના વિચારી શકે તેવી કુશળતા ન પણ ધરાવતા હોય તેવું બની શકે છે. તેના પરિણામે ઘણા બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન પર છૂટાં પડી ગયેલા વિદ્યાર્થીઓ ચિંતિત ચહેરાઓ સાથે દેખાય છે.

**માનવનિર્મિત પ્રવાસન સંસાધનોને પ્રોત્સાહન**

પૂર્વ અને પશ્ચિમ દરિયાકિનારાઓ પર હજારો કિલોમીટરમાં દરિયોકિનારો પથરાયેલો હોવા છતાં બીચ ટુરિઝમ વિશે કશું સાંભળવા મળતું નથી તે કમનસીબ બાબત છે. પશ્ચિમ કિનારે ગોવા અને પૂર્વ કિનારે પુરીના કિનારા સિવાય આપણી પાસે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ દરિયાકિનારા નથી અને તેનો ગર્વ ન લઈ શકીએ. ચોક્કસ, દરિયાકિનારા પર કેટલાંક બીચ અલગ રંગ ધરાવે છે, તેમ છતાં તે મોટા ભાગે સ્થાનિક કે પ્રાદેશિક બજારોને સેવા પ્રદાન કરે છે. ઓછા રોકાણ સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાના ઓછામાં ઓછા ૧૨ બીચને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી શકાય તેવી પૂરતી તક છે. વોટર સ્પોર્ટ્સ અન્ય પ્રવાસન ઉત્પાદન છે, જેના પર ધ્યાન આપવાની જરૂરિયાત છે.

**થીમ/એમ્યુઝમેન્ટ પાર્ક (મનોરંજન પાર્ક)**

થીમ અને એમ્યુઝમેન્ટ પાર્ક માનવનિર્મિત પ્રવાસન આકર્ષણો છે, જેમાં તમામ વય અને સંસ્કૃતિના પ્રવાસીઓને આકર્ષવા અને વિવિધ સેવાઓ પૂરી પાડવા મોટા પાયે મૂડીગત ખર્ચ સંકળાયેલ છે. હાલની ગતિએ જોઈએ તો ડિઝનીલેન્ડ જેવો કોઈ પણ થીમ પાર્ક બનાવવા દેશને કેટલાં વર્ષ લાગશે તેનું કોઈને પણ આશ્ચર્ય થાય! જ્યારે અમેરિકાનો યુનિવર્સલ સ્ટુડિયો ઈતિહાસ અને પ્રસારના મામલે સમાન રીતે પ્રસિદ્ધ હોલિવૂડની લોકપ્રિયતા અને તેની સાથે સંકળાયેલા વિવિધ વિષયોનો ઉપયોગ કરી શકે છે, ત્યારે મુંબઈના બોલીવૂડના સ્ટુડિયોઝ અને ચેન્નાઈ અને હૈદરાબાદના સ્ટુડિયોઝે આવી નોંધપાત્ર હરણફાળ ભરી શક્યા નથી. ભારતની પ્રજા ફિલ્મની પાછળ ઘેલી છે એટલે આ સંબંધમાં કોઈ પણ પહેલ સફળ થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આ સંબંધે હૈદરાબાદમાં રામોજી ફિલ્મ સિટીએ જે ભૂમિકા ભજવી છે તે કાબિલેદાદ છે. મુંબઈ અને ચેન્નાઈ તેમના ફિલ્મ સ્ટુડિયો અને ફિલ્મના સમૃદ્ધ વારસાનો લાભ લઈ શકે છે.

**યોગ્ય સમય**

આ તમામ વ્યાવાયિક તકો પ્રવાસન ક્ષેત્રમાં પુષ્કળ સંભવિતતા ઓફર કરે છે. આ સંસાધનોનો કેટલો અસરકારક રીતે ઉપયોગ કરવો તેનો આધાર ઉદ્યોગસાહસિકતાના ઉત્સાહ અને સંસ્કૃતિ પર છે, જે પ્રવાસીઓને ખુલ્લાં હૃદયે આવકારે છે, "અતિથિ દેવો ભવ!"ની ભારતીય આતિથ્યસત્કારની ભાવનાને ખરા અર્થમાં સાકાર કરે છે. ઉત્પાદનની ડિઝાઈન, સુલભતા મજબૂત કરવી, રહેઠાણ અને પ્રવાસીઓને અનુકૂળ અન્ય સુવિધાઓને મજબૂત કરવાની અને સુધારવાની જરૂર છે. દરેક સ્થળ આગવી સુંદરતા અને વિશિષ્ટતા ધરાવે છે, જેનું માર્કેટિંગ કરી શકાય છે. યુનિક સેલિંગ પ્રોપોઝિશન્સ (યુએસપી)ને ઓળખવી એક કળા છે અને આ ઉદ્યોગસાહસિકતા સંબંધિત પ્રતિભા માંગી લે છે. એટલે અત્યારે બિનપરંપરાગત પ્રવાસન ઉત્પાદનો પર ભાર મૂકવાનો અને પ્રોત્સાહન અને વિકાસ માટે રાષ્ટ્રીય/ રાજ્ય પ્રવાસન નીતિઓમાં સામેલ કરવાનો યોગ્ય સમય છે.

**સંદર્ભ ગ્રંથસૂચિ**


- Alison Morrison (1999), Entrepreneurship in the Hospitality, Tourism & Leisure Industry, Elsevier, Oxford, U.K.
- Amata Mwalo Mathias (2013), Entrepreneurship in Tourism, Lambert Academic Publishing, U.K.
- Andrew Turnbull (2002), Dreams, Schemes and Castles: Can entrepreneurial Input Benefit Heritage Tourism Resources? MCB UP Ltd, U.K.
- Anjan Bhuyan (2010), Tourism Entrepreneurship in Assam, VDM Verlag, Germany
- Bezbaruah (1999), Tourism Current Scenario & Future prospects
- Brandon Coney (2012), Warren Peter Tomlinson, Amazon Digital South Asia Services
- George Gilder (1984), The Spirit of Enterprise, Simon & Schuster, New York
- Heidi Dahlas & Karin Brass (1999), Tourism and Small Entrepreneurs, Cognizant Communications, New York



**લેખક પ્રોફેસર જી અંજનેય સ્વામી પોંડિચેરી સેન્ટ્રલ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાં પ્રવાસનમાં સીનિયર પ્રોફેસર છે. તેમણે વિશાખાપટનમ સ્થિત આંધ્ર યુનિવર્સિટીમાંથી માસ્ટર અને ડોક્ટરલ ડિગ્રી મેળવી હતી. તેઓ ૩૫ વર્ષનો શિક્ષણ અને સંશોધનનો અનુભવ ધરાવે છે. ડૉ. સ્વામી પ્રવાસન અભ્યાસના યુજીસી-સેપઃ ડીઆરએસ લેવલ થ્રી પ્રોગ્રામના સંયોજક પણ છે. તેઓ શિક્ષક, સંશોધક અને ટ્રેનર તરીકે પ્રવાસન એકેડેમિક્સમાં જાણીતા છે. ડૉ. સ્વામી ઉદ્યોગસાહસિકતા પર કુશળ લેખક છે અને ભારતીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં તેમના સંશોધનપત્રો સારી સંખ્યામાં પ્રકાશિત થયા છે.**

# માળખાકીય સુવિધાઓ અને પ્રવાસન વિકાસ


• મનોજ દીક્ષિત •

પ્રવાસન સેવા એ એક સંકુલ ઉપભોક્તા આધારિત અનુભવ છે જે પર્યટક દ્વારા ઉપયોગમાં લેવાતી અનેક સેવાઓ (માહિતી, સંબંધિત કિંમતો, પરિવહન, આવાસ સુવિધા અને આકર્ષણરૂપ સેવાઓ)ની પ્રક્રિયાના પરિપાક રૂપે બહાર આવે છે. (ગુન્ન ૧૯૮૮) પર્યટકના અનુભવો પણ જે તે સ્થળની આર્થિક અને રાજકીય સ્થિતિઓ તેમજ માળખાકીય ખાસિયતો પર આધારિત હોય છે અને જે તે સ્થળની પરિસ્થિતિ ઘડવામાં ફાળો આપે છે. [મરફી એટ અલ (૨૦૦૦)] આ પ્રકારનું ઉત્પાદન (સેવા) માંગ અને પુરવઠા વિશ્લેષણ સાથે જોડાયેલું હોય છે અને પર્યટકો સાથે તેમના પ્રવાસ દરમ્યાન સ્થળનાં વિવિધ ઘટકોથી કેવી રીતે જોડાય છે તેનું વર્ણન કરે છે.

કોઈ સેવાના અનુભવ સર્જનમાં સેવાના માળખાની ભૂમિકાને ઓળખનારા પાયાના તજ્જ્ઞ સ્મિથ હતા (૧૯૯૪). તેમણે સૂચવ્યું હતું કે, ''સેવા માળખું જે તે સ્થળના વ્યાપક વાતાવરણ અથવા ભૌતિક સુવિધાઓની અંદર સમાયેલું છે.'' (સ્મિથ, ૧૯૯૪) તેમણે એ હકીકત ઉપર પણ ભાર મૂક્યો કે, આંતરમાળખાનું સ્તર, ઉપયોગ અથવા તેનો અભાવ અને જે તે સ્થળે ટૅકનોલૉજી પણ દેખીતી અને નિર્ધારક ખાસિયતો છે અને તે પર્યટકના પ્રવાસન અનુભવને વધારી શકે છે. તેમના આ અભિપ્રાયને સમર્થન આપનારા અન્ય લોકોમાં ચોપ (૧૯૯૨); બુહારીસ (૨૦૦૦) તથા ક્રાઉચ અને રીચી (૨૦૦૦) પણ હતા. તેઓએ પણ તારણ આપ્યું હતું કે, પર્યટકની જે તે સ્થળ વિષેની એકંદર છાપ તે સ્થળની મુલાકાત પછી જ વિકસે છે અને આ સંદર્ભમાં ત્યાંનું આંતરમાળખું મહત્ત્વની ભૂમિકા ભજવશે.

પર્યટકો માટેની જે તે સ્થળ પરની સેવાઓને તુલનાત્મક અને સ્પર્ધાત્મક ફાયદાના સંદર્ભમાં પણ બહેતર સમજી શકાય છે. અહીં આપેલી આકૃતિ-૧ ક્રાઉચ અને રીચીના અગાઉના કાર્ય (૧૯૯૯)માંથી લેવામાં આવી છે. આ આકૃતિ જે તે સ્થળની સ્પર્ધાત્મકતાના નિર્ધારકોનું વૈશ્વિક ચિત્રણ વ્યક્ત કરે છે. લેખકોની દલીલ એવી છે કે, પર્યટક જે તે સ્થળનો અનુભવ મેળવવા જતો હોવાથી તે સ્થળની આકર્ષતા તે સ્થળનાં પરિસ્થિતિકીય પાસાં કે પરિબળો મહત્ત્વના નિર્ધારકો છે.

**આકૃતિ-૧ : પર્યટકનો સ્થળ અનુભવ**




**સ્થળના વાતાવરણો**

લેખક યુનિવર્સિટી ઑફ મોરિશિયસ રિસર્ચ જર્નલ વોલ્યુમ ૧૭-૨૦૧૧, યુનિવર્સિટી ઑફ મોરિશિસ, રીડ્યુઇટ, મોરિશિસ, રિસર્ચ વીક ૨૦૦૯/૨૦૧૦ દ્વારા પ્રકાશિત અને સીતાનાહ બી, જવાહર ટી. ડી., લૅમ્પોર્ટ એમ જે, રોજીદ એસ., સન્નાસી આર.વી. અને સબાદાર અગાથી યુ દ્વારા લિખિત લેખ "પ્રવાસન વિકાસમાં શું આંતરમાળખું મહત્ત્વનું છે?"નું યોગદાન સાભાર સ્વીકારે છે.

દરેક પાસાને પાયાના આકર્ષણરૂપ અને સમર્થક પાસા તરીકે વર્ગીકૃત કરાયું છે. હકીકતમાં તો આ શ્રેણીમાં આવતી સ્થળની સામાન્ય આંતરમાળખાકીય સેવાઓ સૌથી મહત્ત્વનાં પરિબળોને વ્યક્ત કરે છે. પ્રવાસન ખૂબ મોટા પ્રમાણમાં જાહેર સુવિધાઓ અને આંતરમાળખાકીય ટેકા પર જ આધાર રાખે છે. પ્રવાસનનું આયોજન અને વિકાસ, રસ્તાઓ, વિમાનઘરો, બંદરો, વીજળી, ગટર વ્યવસ્થા અને પીવાલાયક પાણી વિના શક્ય જ નહીં બને. આમ, આંતરમાળખાકીય સગવડોનું પાસું પ્રવાસન વિકાસ માટે આવશ્યક તત્ત્વ છે અને કોઈ પણ સ્થળે મુલાકાતીઓને આકર્ષવા માટે ઉપરોક્ત સુવિધાઓ પાયાનાં તત્ત્વો છે. સામાન્ય રીતે આંતરમાળખાનો પ્રવાસનના સમગ્ર કાર્યોમાં સમાવેશ નથી કરાતો, કારણ કે એવી સમજણ રખાય છે કે આંતરમાળખાકીય સગવડો તો જે તે સ્થળે ઉપસ્થિત જ છે અને તેથી આકર્ષણના પાસામાં તેને ખાસ આગળ રજૂ કરાતી નથી. સ્મિથ (૧૯૯૪) અને ક્રાઉચ તથા રીચી (૧૯૯૯)એ પ્રવાસન ઉત્પાદનનો અનુભવ સર્જવામાં આંતરમાળખાકીય સેવાઓની ભૂમિકા અંગે ખૂબ સારી સૈદ્ધાંતિક વિગતો તૈયાર કરી છે.

**આકૃતિ-૨ : સ્થળની સ્પર્ધાત્મકતા અને ટકાઉપણું**




સ્રોત : ક્રાઉચ અને રીચી (૧૯૯૯)માંથી

**કોષ્ટક-A**

**તુલનાત્મક ફાયદા : (સ્રોત સમર્થન)**

– માનવીય સ્રોતો
– ભૌતિક સ્રોતો
– જ્ઞાનના સ્રોતો
– મૂડીગત સ્રોતો
– આંતરમાળખાકીય અને પ્રવાસનને ટેકારૂપ બાબતો
– ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્રોતો

**કોષ્ટક-C**

**સ્પર્ધાત્મક ફાયદા**

**સ્રોતોનો ઉપયોગ**

– ઑડિટ અને માલસામગ્રી
– રખરખાવ - જાળવણી
– વૃદ્ધિ અને વિકાસ
– કાર્યક્ષમતા
– અસરકારકતા

**કોષ્ટક-B**

**સ્થળની સ્પર્ધાત્મકતા અને ટકાઉપણું પાત્રતા અને વૃદ્ધિ કરનારા નિર્ધારકો : ભારતીય આંતરમાળખું અને પ્રવાસન**

પ્રવાસન આંતરમાળખું એ પરિવહન, સામાજિક અને પર્યાવરણીય આંતરમાળખાને પ્રાદેશિક સ્તરે જોડીને પ્રવાસન સ્થળ બનાવવા માટેની સેવાઓની સાંકળ છે જેમાં –

– પરિવહન આંતરમાળખું મુલાકાતીઓને આંતરરાષ્ટ્રીય અને ઘરેલું સ્રોત બજારથી તે સ્થળ સુધી પહોંચવાની સુવિધા પૂરી પાડે છે.
– સામાજિક આંતરમાળખામાં મુલાકાતીઓને સમાવવા માટે ઉપલબ્ધ રૂમ્સ અને મુલાકાતીઓને આકર્ષવા માટે પ્રદર્શન, પ્રસંગો અને સેવાઓની ભૌતિક માળખાનો

સમાવેશ થાય છે આ આંતરમાળખામાં હૉટલો, સભાખંડો, સ્ટેડિયમો, પ્રદર્શન કેન્દ્રો અને પર્યટકોના રસના સ્થળોનો પણ સમાવેશ થાય છે.

– પર્યાવરણીય આંતરમાળખામાં રાષ્ટ્રીય ઉદ્યાનો, સમુદ્રી ઉદ્યાનો, રક્ષિત વિસ્તારો અને મુલાકાતીઓ માટેની કુદરતી સુવિધાઓનો સમાવેશ કરી શકાય.
– સંકલિત આંતરમાળખામાં પ્રાદેશિક, રાજ્ય અને રાષ્ટ્રીય પ્રવાસન સંગઠનો કે જે પ્રવાસન સ્થળનું માર્કેટિંગ કરે છે અને પ્રવાસનને લગતી સેવાઓ-ઉત્પાદનોનું વિતરણ કરે છે, તેનો સમાવેશ થાય છે.

પ્રવાસન આંતરમાળખાની અને સેવા-ઉત્પાદનોની પુરવઠા સાંકળને આકૃતિ-૩માં દર્શાવવામાં આવી છે. પ્રવાસન આંતરમાળખું મુખ્યત્વે ખાનગી મૂડી પર રચાયેલું છે, કેમ કે પ્રવાસન અંગેના કુલ મૂડીરોકાણમાં ૭૮ ટકા હિસ્સો ખાનગી ક્ષેત્રનો છે. આંતરરાષ્ટ્રીય વિમાન મથકો અને રહેવા માટેના રૂમનો જથ્થો ખાનગી આંતરમાળખું છે, જ્યારે રસ્તાઓ, રેલવે અને બંદરો જાહેર આંતરમાળખામાં આવે છે. સભા-સંમેલન કેન્દ્રો અને રાષ્ટ્રીય ઉદ્યાનો જેવી આંતરમાળખાકીય સુવિધાઓ જાહેર અસ્કયામતો છે અને તે બજાર નિષ્ફળતાને લીધે અથવા તો સામાજિક અને પર્યાવરણીય નીતિના હેતુઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. નીચેની આકૃતિ પ્રવાસનને લગતું આંતરમાળખું અને તેના ટેકાથી પ્રવાસન સેવાઓમાંથી થતી નિકાસ કમાણી પ્રદર્શિત કરે છે.

**આકૃતિ-૩ : પ્રવાસન પુરવઠા સાંકળ**

માર્કેટિંગ અને વિતરણ





**Figure 1** The Tourism Supply Chain

કોન્ડે નાસ્ટ ભારતને ટોચનાં ૧૦ પ્રવાસન સ્થળોમાં સ્થાન આપે છે.

ભારત સંભવતઃ એક માત્ર એવો દેશ છે જે વિવિધ પ્રકારના પ્રવાસનની તક આપે છે. તેમાં પર્વતો, વનો, ઈતિહાસ, સાહસ પ્રવાસન, મેડિકલ પ્રવાસન (આયુર્વેદ અને અન્ય ભારતીય ઉપચાર પદ્ધતિઓ), આધ્યાત્મિક પ્રવાસન, દરિયાકિનારાનું પ્રવાસન (પૂર્વના દેશોમાં ભારત પાસે સૌથી લાંબો દરિયા કિનારો છે), વગેરેને ગણાવી શકાય.

એવું કહેવાય છે કે, ભારતમાં પ્રવાસન સ્થળોની વિવિધતા અન્ય દેશો કરતાં વધારે છે. ભારતના દરેક પ્રદેશ પાસે સંસ્કૃતિ, ઉત્સવો/પોષાક, વિરાસતના સ્મૃતિસ્થાનો અને ઈમારતો અનન્ય છે.

ભારતીય પ્રવાસન ઉદ્યોગે ૧૯૯૦ના દાયકાના આરંભથી ખાસ કાંઈ સારો દેખાવ નહોતો કર્યો. જોકે ભારતીય અર્થતંત્ર મંદ પડ્યું હોવા છતાં બાકીના વિશ્વ કરતાં તે હજી પણ ઝડપી વૃદ્ધિ કરી રહ્યું છે. ભારતીય અર્થતંત્રની વાર્ષિક ૫ ટકા આસપાસના દરે વૃદ્ધિ થઈ રહી હોવાથી ભારતીયોની ખર્ચ કરવાની ક્ષમતા વધી છે. પરિણામે દેશ-વિદેશમાં રજાઓ ગાળવા જનારા લોકોની સંખ્યા વધી રહી છે અને પ્રવાસન ઉદ્યોગ પણ તેની પાંખો પ્રસારી રહ્યો છે. પર્યટકોને આકર્ષવાની સંભાવનાઓ ભારત પાસે અમાપ છે અને આગામી વર્ષોમાં પ્રવાસન ઉદ્યોગ

ભારતીય અર્થતંત્રમાં ઉત્તરોત્તર લાભકારક ભૂમિકા ભજવી શકે તેમ છે.

પ્રવાસન ઉદ્યોગ સામે સંખ્યાબંધ સમસ્યાઓ હોવા છતાં ભારત માટે વિદેશી હૂંડિયામણ રળી આપનારો તે બીજા ક્રમનો ઉદ્યોગ છે. પ્રવાસન ઉદ્યોગે ૨૦૧૨માં ભારતના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૬.૬ ટકાના ફાળા સાથે ૩ કરોડ ૯૫ લાખ નોકરીઓનું સર્જન કર્યું હતું. છેલ્લાં પાંચ વર્ષમાં કુલ પર્યટકોની સંખ્યામાં ૧૬ ટકાની વૃદ્ધિ થઈ છે અને આગામી દાયકામાં તેમાં ૧૨ ટકાના દરે વૃદ્ધિ થશે તેવી ધારણા છે. ૨૦૧૩ના વર્ષ દરમ્યાન પ્રવાસ અને પ્રવાસન ઉદ્યોગે દેશના અર્થતંત્રમાં રૂ. ૬૩,૧૬૦ કરોડનું યોગદાન આપ્યું હતું. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યા ખૂબ નાની ૫૦ લાખ જેટલી જ રહી હતી, પરંતુ સ્થાનિક પર્યટકો ૫૦ કરોડથી પણ વધુ નોંધાયા હતા.

**કોષ્ટક-૪ : ભારતમાં વિદેશી પર્યટકોનું આગમન (૨૦૦૧-૧૩)**

| વર્ષ | ભારતમાં આવેલા વિદેશી પર્યટકો | વાર્ષિક વૃદ્ધિ (ટકા) |
|---|---|---|
| ૨૦૦૧ | ૨૫૩૭૨૮૨ | - ૪.૨ |
| ૨૦૦૨ | ૨૩૮૪૩૬૪ | - ૬.૦ |
| ૨૦૦૩ | ૨૭૨૬૨૧૪ | ૧૪.૩ |
| ૨૦૦૪ | ૩૪૫૭૪૭૭ | ૨૬.૮ |
| ૨૦૦૫ | ૩૯૧૮૬૧૦ | ૧૩.૩ |
| ૨૦૦૬ | ૪૪૪૭૧૬૭ | ૧૩.૫ |
| ૨૦૦૭ | ૫૦૮૧૫૦૪ | ૧૪.૩ |
| ૨૦૦૮ | ૫૨૮૨૬૦૩ | ૪.૦ |
| ૨૦૦૯ | ૫૧૬૭૬૯૯ | -૨.૨ |
| ૨૦૧૦ | ૫૭૭૫૬૯૨ | ૧૧.૮ |
| ૨૦૧૧ | ૬૩૦૯૨૨૨ | ૯.૨ |
| ૨૦૧૨ | ૬૫૭૭૭૪૫ | ૪.૩ |
| ૨૦૧૩ | ૬૯૬૭૬૦૧ | ૫.૯ |

**સ્રોત :** ઈમીગ્રેશન બ્યૂરો, ભારત

વૃદ્ધિની રીત એવું સૂચવે છે કે, ભારતીય પ્રવાસન સંપૂર્ણપણે વિદેશી પર્યટકોની સંખ્યા પર આધારિત નથી, કારણ કે વૈશ્વિક કારણો અને અશાંતિના લીધે આ બાબત પર હંમેશાં વિપરિત અસર થઈ છે. વળી, ઘરેલું પ્રવાસનની એક સ્થિર દરે વૃદ્ધિ થઈ રહી છે. ભારતના મેળા અને ઉત્સવો સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્તરમાં કુંભ અને દક્ષિણમાં ઓણમ તથા મહામસ્તકાભિષેદ જેવા પ્રસંગોએ દર વર્ષે લાખો પર્યટકો ઊમટી પડે છે.

**કોષ્ટક-૫ : ભારતમાં ઘરેલું અને વિદેશી પર્યટકો (૨૦૧૨-૧૩)**

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ૨૦૧૨ | | ૨૦૧૩ | | વૃદ્ધિ દર | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘરેલું | વિદેશી | ઘરેલું | વિદેશી | ઘરેલું | વિદેશી |
| ૧. | આંદામાન-નિકોબાર ટાપુ | ૨૩૮૬૬૯ | ૧૭૫૩૮ | ૨૪૩૭૦૩ | ૧૪૭૪૨ | ૨.૧૦ | -૧૫.૯૪ |
| ૨. | આંધ્ર પ્રદેશ | ૨૦૭૨૧૭૯૫૨ | ૨૯૨૮૨૨ | ૧૫૨૧૦૨૧૫૦ | ૨૨૩૫૧૮ | -૨૬.૬૦ | -૨૩.૬૭ |
| ૩. | અરુણાચલ પ્રદેશ | ૧૩૨૨૪૩ | ૫૧૩૫ | ૧૨૫૪૬૧ | ૧૦૮૪૬ | -૫.૧૩ | ૧૧૧.૨૨ |
| ૪. | આસામ | ૪૫૧૧૪૦૭ | ૧૭૫૪૩ | ૪૬૮૪૫૨૭ | ૧૭૬૩૮ | ૩.૮૪ | ૦.૫૪ |
| ૫. | બિહાર | ૨૧૪૪૭૦૯૯ | ૧૦૯૬૯૩૩ | ૨૧૫૮૮૩૩૦૬ | ૭૬૫૮૩૫ | ૦.૬૬ | -૩૦.૧૮ |
| ૬. | ચંદીગઢ | ૯૨૪૫૮૯ | ૩૪૧૩૦ | ૨૨૮૦૧૦૩૧ | ૯૩૬૯૨૨ | ૧.૩૩ | ૧૭.૫૬ |
| ૭. | છત્તીસગઢ | ૧૫૦૩૬૫૩૦ | ૪૧૭૨ | ૨૨૮૦૧૦૩૧ | ૩૮૮૬ | ૫૪.૬૪ | -૬.૮૬ |
| ૮. | દાદરા-નગર હવેલી | ૪૬૯૨૧૩ | ૧૨૩૪ | ૪૮૧૬૧૮ | ૧૫૮૨ | ૨.૬૪ | ૨૮.૨૦ |
| ૯. | દમણ અને દીવ | ૮૦૩૯૬૩ | ૪૬૦૭ | ૮૧૯૯૪૭ | ૪૮૧૪ | ૧.૯૯ | ૪.૪૯ |
| ૧૦. | દિલ્હી | ૧૮૪૯૫૧૩૯ | ૨૩૪૫૯૮૦ | ૨૦૨૧૫૧૮૭ | ૨૩૦૧૩૯૫ | ૯.૩૦ | -૧.૯૦ |
| ૧૧. | ગોવા | ૨૩૩૭૪૯૯ | ૪૫૦૫૩૦ | ૨૬૨૯૧૫૧ | ૪૯૨૩૨૨ | ૧૨.૪૮ | ૯.૨૮ |
| ૧૨. | ગુજરાત | ૨૪૩૭૯૦૨૩ | ૧૭૪૧૫૦ | ૨૭૪૧૨૫૧૭ | ૧૯૮૭૭૩ | ૧૨.૪૪ | ૧૪.૧૪ |
| ૧૩. | હરિયાણા | ૬૭૯૯૨૪૨ | ૨૩૩૦૦૨ | ૭૧૨૮૦૨૭ | ૨૨૮૨૦૦ | ૪.૮૪ | -૨.૦૬ |

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ૨૦૧૨ | | ૨૦૧૩ | | વૃદ્ધિ દર | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘરેલું | વિદેશી | ઘરેલું | વિદેશી | ઘરેલું | વિદેશી |
| ૧૪. | હિમાચલ પ્રદેશ | ૧૫૬૪૬૦૪૮ | ૫૦૦૨૮૪ | ૧૪૭૧૫૫૮૬ | ૪૧૪૨૪૯ | -૫.૯૫ | ૧૭.૨૦ |
| ૧૫. | જમ્મુ-કાશ્મીર | ૧૨૪૨૭૧૨૨ | ૭૮૮૦૨ | ૧૩૬૪૨૪૦૨ | ૬૦૮૪૫ | ૯.૭૮ | -૨૨.૭૯ |
| ૧૬. | ઝારખંડ | ૨૦૪૨૧૦૧૬ | ૩૧૯૦૯ | ૨૦૫૧૧૧૬૦ | ૪૫૯૯૫ | ૦.૪૪ | ૪૪.૧૪ |
| ૧૭. | કર્ણાટક | ૯૪૦૫૨૭૨૯ | ૫૯૫૩૫૯ | ૯૮૦૧૦૧૪૦ | ૬૩૬૩૭૮ | ૪.૨૧ | ૬.૮૯ |
| ૧૮. | કરેળ | ૧૦૦૭૬૯૮૫૪ | ૭૯૩૬૯૬ | ૧૦૮૫૭૮૧૧ | ૮૫૮૧૪૩ | ૭.૭૫ | ૮.૧૨ |
| ૧૯. | લક્ષદ્વીપ | ૪૪૧૭ | ૫૮૦ | ૪૭૮૪ | ૩૭૧ | ૮.૩૧ | -૩૬.૦૩ |
| ૨૦. | મધ્યપ્રદેશ | ૫૩૧૯૭૨૦૯ | ૨૭૫૯૩૦ | ૬૩૧૧૦૭૦૯ | ૨૮૦૩૩૩ | ૧૮.૬૪ | ૧.૬૦ |
| ૨૧. | મહારાષ્ટ્ર | ૭૪૮૧૬૦૫૧ | ૨૬૫૧૮૮૬ | ૮૨૭૦૦૫૫૬ | ૪૧૫૬૩૪૩ | ૧૦.૫૪ | ૫૬.૭૩ |
| ૨૨. | મણિપુર | ૧૩૪૫૪૧ | ૭૪૯ | ૧૪૦૬૭૩ | ૧૯૦૮ | ૪.૫૬ | ૧૫૪.૭૪ |
| ૨૩. | મેઘાલય | ૬૮૦૨૫૪ | ૫૩૧૩ | ૬૯૧૨૬૯ | ૬૭૭૩ | ૧.૬૨ | ૨૭.૪૮ |
| ૨૪. | મિઝોરમ | ૬૪૨૪૯ | ૭૪૪ | ૬૩૩૭૭ | ૮૦૦ | -૧.૩૬ | ૭.૫૩ |
| ૨૫. | નાગાલૅન્ડ | ૩૫૯૧૫ | ૨૪૮૯ | ૩૫૬૩૮ | ૩૩૦૪ | -૦.૭૭ | ૩૨.૭૪ |
| ૨૬. | ઓડિસા | ૯૦૫૨૮૭૧ | ૬૪૭૧૯ | ૯૮૦૦૧૩૫ | ૬૯૯૭૫ | ૮.૨૫ | ૩.૦૨ |
| ૨૭. | પુડુચેરી | ૯૮૧૭૧૪ | ૫૨૯૩૧ | ૧૦૦૦૨૭૭ | ૪૨૬૨૪ | ૧.૮૯ | -૧૯.૪૭ |
| ૨૮. | પંજાબ | ૧૯૦૫૬૧૪૩ | ૧૪૩૮૦૫ | ૨૧૩૪૦૮૮૮ | ૨૦૪૦૭૪ | ૧૧.૯૯ | ૪૧.૯૧ |
| ૨૯. | રાજસ્થાન | ૨૮૬૧૧૮૩૧ | ૧૪૫૧૩૭૦ | ૩૦૨૯૮૧૫૦ | ૧૪૩૭૧૬૨ | ૫.૮૯ | -૦-૯૮ |
| ૩૦. | સિક્કિમ | ૫૫૮૫૩૮ | ૨૬૪૮૯ | ૫૭૬૭૪૯ | ૩૧૬૮૯ | ૩.૨૬ | ૧૯.૬૬ |
| ૩૧. | તમિલનાડુ | ૧૮૪૧૩૬૮૪૦ | ૩૫૬૧૭૪૦ | ૨૪૪૨૩૨૪૮૭ | ૩૯૯૦૪૯૦ | ૩૨.૬૪ | ૧૨.૦૪ |
| ૩૨. | ત્રિપુરા | ૩૯૧૭૮૬ | ૭૮૪૦ | ૩૫૯૮૬ | ૧૧૮૫૩ | -૦.૬૧ | ૫૧.૨૯ |
| ૩૩. | ઉત્તર પ્રદેશ | ૧૬૮૩૮૧૨૭૬ | ૧૯૯૪૪૯૫ | ૨૨૬૫૩૧૦૯૧ | ૨૦૫૪૪૨૦ | ૩૪.૫૩ | ૩.૦૦ |
| ૩૪. | ઉત્તરાખંડ | ૨૬૮૨૭૩૨૯ | ૧૨૪૫૫૫ | ૧૯૯૪૧૧૨૮ | ૯૭૬૮૩ | -૨૫.૬૭ | -૨૧.૫૭ |
| ૩૫. | પશ્ચિમ બંગાળ | ૨૨૭૩૦૨૦૫ | ૧૨૧૯૬૧૦ | ૨૫૫૪૭૩૦૦ | ૧૨૪૫૨૩૦ | ૧૨.૩૯ | ૨.૧૦ |
| | કુલ | **૧૦૪૫૦૪૭૫૩૬** | **૧૮૨૬૩૦૭૪** | **૧૧૪૫૨૮૦૪૪૩** | **૧૯૯૫૧૦૨૬** | **૯.૫૯** | **૯.૨૪** |

**સ્રોત :** પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર પ્રવાસન આંકડા ૨૦૧૩.

ઉપરનું કોષ્ટક જોતાં સ્પષ્ટ જાણી શકાશે કે, ઈશાની રાજ્યો, લક્ષદ્વીપ અને છત્તીસગઢ જેવાં ઘણાં રાજ્યો કેવળ પ્રવાસન આંતરમાળખાના આભાવ સિવાય બીજું કોઈ કારણ નહીં હોવા છતાં પર્યટકોને આકર્ષવામાં નિષ્ફળ ગયાં છે.

વર્લ્ડ ટ્રાવેલ ઍન્ડ ટુરિઝમ કાઉન્સિલનો અહેવાલ જણાવે છે કે, ૨૦૧૪માં દેશમાં પ્રવાસનમાં આર્થિક યોગદાન વધીને ૭.૩ ટકા થવાની ધારણા છે જે દેશના એકંદર અર્થતંત્ર કરતાં ૨.૫ ટકા વધારે થશે.

ડેલોઇટ ટોઉચેના મત અનુસાર ભારતીય પ્રવાસન ક્ષેત્ર ૨૦૧૭ સુધીમાં

લગભગ ૪૨.૮ અબજ ડૉલરની કમાણી કરે તેવી શક્યતા છે. અર્થતંત્રની મંદી, માગમાં સ્થગિતતા અને સલામતિની ચિંતા જેવા અનેક પડકારો હોવા છતાં દેશ તેનો સામનો કરી રહ્યો છે. પ્રવાસનનો વિકાસ થઈ રહ્યો છે. ડેલોઇટના અહેવાલમાં કહ્યું છે :'' વિશ્વની આર્થિક કટોકટી વધુ ઘેરી બનવા છતાં ભારતનું અર્થતંત્ર સારી સ્થિતિમાં રહ્યું છે અને હજી પણ વિશ્વના કેટલાક સૌથી મજબૂત વિકાસ દરવાળા અર્થતંત્રોમાં ભારત ઊભું રહ્યું છે.

પ્રવાસન ઉદ્યોગમાં સેવા-સુવિધાઓ પૂરી પાડનારાની સંખ્યામાં જથ્થાત્મક દૃષ્ટિએ સતત વધારો થઈ રહ્યો છે અને હૉટેલો, પ્રવાસ સંચાલકો, એરલાઇન્સ, જહાજી કંપનીઓ વગેરેની સંખ્યા વધવાથી પ્રવાસન ઉદ્યોગની આવકમાં પણ વધારો થઈ રહ્યો છે. પરિણામે દેશમાં રૂમ ઉપયોગિતા અને રૂમદીઠ સરેરાશ આવક (એ.આર.આર.)માં વધારો થશે જ. આ એ આર. આર. વધ્યો છે. અને રૂમ ઉપયોગ દર પણ ઊંચો ગયો છે. આમ, પ્રવાસન ક્ષેત્ર ભવિષ્યમાં સારી કામગીરી કરશે તેવી અપેક્ષા છે અને લાંબા ગાળાના રોકાણકારો માટે આ ઉદ્યોગ રોકાણની રસપ્રદ તક પૂરી પાડે છે. ભારતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસની ઊજળી તકોને પારખીને આંતરરાષ્ટ્રીય તેમજ સ્વદેશી હૉટેલ શૃંખલાઓ તેનો લાભ લેવા દોડી રહી છે. ભવિષ્યમાં મેડિકલ પ્રવાસન પણ ઝડપી વિકાસ સાધવા તૈયાર છે અને ભારત અબજો ડૉલરના આ બજારમાં પણ લોકોને આકર્ષવા ઉચ્ચ કક્ષાની સુવિધાઓ વિકસાવવામાં વ્યસ્ત છે.

**કોષ્ટક ૬ : ટોચના ૧૫ બજારોમાંથી પર્યટકોનું આગમન (૨૦૧૩)**

(આંકડા લાખમાં અને ટકાવારીમાં હિસ્સો)

| ક્રમ | પર્યકોનો દેશ | સંખ્યા અને હિસ્સો |
|---|---|---|
| ૧. | યુએસએ | ૧૦.૮૫ (૧૫.૫૮ ટકા) |
| ૨. | યુકે | ૮.૦૯ (૧૧.૬૨ ટકા) |
| ૩. | બાંગ્લાદેસ | ૫.૨૫ (૭.૫૩ ટકા) |
| ૪. | શ્રીલંકા | ૨.૬૨ (૩.૭૭ ટકા) |
| ૫. | રશિયાન મહાસંઘ | ૨.૫૯ (૩.૭૨ ટકા) |
| ૬. | કેનેડા | ૨.૫૫ (૩.૬૬ ટકા) |
| ૭. | જર્મની | ૨.૫૨ (૩.૬૨ ટકા) |
| ૮. | ફ્રાન્સ | ૨.૪૮ (૩.૫૬ ટકા) |
| ૯. | મલેશિયા | ૨.૪૩ (૩.૪૮ ટકા) |
| ૧૦. | જાપાન | ૨.૨૦ (૩.૧૬ ટકા) |
| ૧૧. | ઑસ્ટ્રેલિયા | ૨.૧૯ (૩.૧૪ ટકા) |
| ૧૨. | ચીન | ૧.૭૫ (૨.૫૧ ટકા) |
| ૧૩. | સિંગાપોર | ૧.૪૩ (૨.૦૫ ટકા) |
| ૧૪. | થાઈલેન્ડ | ૧.૧૭ (૧.૬૮ ટકા) |
| ૧૫. | નેપાળ | ૧.૧૪ (૧.૬૩ ટકા) |
| ૧૬. | ટોચના ૧૦ દેશોનો હિસ્સો | ૪.૬૦ (૫૯.૭૦ ટકા) |
| ૧૭. | ટોચના ૧૫ દેશોનો હિસ્સો | ૪૯.૨૭ (૭૦.૭૨ ટકા) |

**સ્રોત :** પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર પ્રવાસન આંકડા ૨૦૧૩

**કોષ્ટક ૭ : પ્રવાસનમાંથી આવક રૂપિયા અને ડૉલર કરોડમાં ૨૦૦૯-૨૦૧૩**

| વર્ષ | ફી આવક રૂ. | રૂપિયા પાછલા વર્ષ કરતા ફેરફાર ટકા | ફી અમેરિકા ડૉલરમાં આવક ડૉલર | પાછલા વર્ષ કરતાં ફેરફાર |
|---|---|---|---|---|
| ૨૦૦૯ | ૬૩૭૦૦ | ૪.૫ | ૧૧૧૩.૬ | -૩.૭ |
| ૨૦૧૦ | ૬૪૮૮૯ | ૨૦.૮ | ૧૪૧૯.૩ | ૨૭.૬ |
| ૨૦૧૧ | ૭૭૫૯૧ | ૧૯.૬ | ૧૬૫૬.૪ | ૧૬.૭ |
| ૨૦૧૨ | ૯૪૪૮૭ | ૨૧.૮ | ૧૭૭૩.૭ | ૭.૧ |
| ૨૦૧૩ | ૧૦૭૬૭૧ | ૧૪.૦ | ૧૮૪૪.૫ | ૪.૦ |

સ્રોત : પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર માર્કેટ રિસર્ચ ડિવિઝન પ્રવાસન આંકડા-૨૦૧૩

મોટા ભાગનાં પ્રવાસન સ્થળો પર રહેવાની સુવિધા, પરિવહન અને આનંદપ્રમોદની સુવિધાઓ ચાવીરૂપ ઘટકો છે. આ સુવિધાઓની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મકતા એ નિર્ધારિત કરે છે કે આ સુવિધાઓ પર્યટકોને આકર્ષવા માટે મૂલ્યવાન અકયામતો બની રહેશે કે અવરોધરૂપ થશે. જે તે સ્થળનું એકંદર આકર્ષણ વધારવા માટેનું આયોજન તે સ્થળના આંતરમાળખાની વર્તમાન સ્થિત દર્શાવતી વિગતવાર માહિતીના આધારે તૈયાર કરવું જરૂરી છે.

**કોષ્ટક ૮ : ભારતમાં હૉટેલો અને હૉટેલ રૂમોની સંખ્યા (ભારત સરકાર દ્વારા માન્ય)**

| **હૉટેલની શ્રેણી** | **હૉટેલોની સંખ્યા** | **રૂમોની સંખ્યા** |
|---|---|---|
| એક સ્ટાર | ૮૨ | ૨૦૮૬ |
| બે સ્ટાર | ૧૨૧ | ૩૧૫૪ |
| ત્રણ સ્ટાર | ૬૩૭ | ૨૬૬૧૭ |
| ચાર સ્ટાર | ૧૧૧ | ૭૭૩૮ |
| પાંચ સ્ટાર | ૮૫ | ૧૦૧૨૮ |
| ડિલક્સ | ૧૦૬ | ૨૧૮૨૦ |
| એપાર્ટમેન્ટ હૉટેલ | ૩ | ૨૪૯ |
| ટાઈમશેર રિસોર્ટ | ૧ | ૩૧ |
| હેરિટેજ હૉટેલ | ૪૬ | ૧૩૨૨ |
| બી ઍન્ડ બી એસ્ટાબ્લીશમેન્ટ્સ | ૩૧ | ૧૫૮ |
| ગૅસ્ટ હાઉસ | ૪ | ૬૧ |
| અવર્ગીકૃત | ૩૦ | ૧૯૮૯ |

**સ્રોત :** પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર, માર્કેટ રિસર્ચ ડિવિઝન, પ્રવાસન આંકડા ૨૦૧૩

પ્રવાસન ક્ષેત્રે આવેલી ઓચિંતી તેજીથી પ્રવાસન ઉદ્યોગ ખૂબ ઉત્સાહમાં છે. દરેક એ જ વિચારે છે કે, આ વૃદ્ધિને કેવી રીતે ટકાવી રાખવી. ખરું કહીએ તો પ્રવાસનમાં આવક બહું અઢળક છે (હકીકતમાં તે ખર્વો ડૉલરનો ઉદ્યોગ છે.) આ ઉદ્યોગ ભારતને સૌથી મોટો વિદેશી હૂંડિયામણ કમવનારો અને લાખો નોકરીઓનું સર્જન કરનારો દેશ બનાવે છે.

**કોષ્ટક ૯ : ભારતીય માર્ગો**

| | |
|---|---|
| રાષ્ટ્રીય ધોરી માર્ગો/એક્સપ્રેસ વે | ૯૫,૫૯૦ કિ.મી. |
| રાજ્ય ધોરી માર્ગો | ૧,૨૮,૦૦૦ કિ.મી. |
| મુખ્ય અને અન્ય જિલ્લા માર્ગો | ૪,૭૦,૦૦૦ કિ.મી. |
| ગ્રામીણ માર્ગો | ૨૬,૫૦,૦૦૦ કિ.મી. |

રાષ્ટ્રીય ધોરી માર્ગોનું વધુ વર્ગીકરણ તેની વાહનોને ચાલવા માટેની પહોળાઈના આધારે કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે એકમાર્ગી માર્ગની પહોળાઈ ૩.૭૫ મીટર હોય છે અને બહુમાર્ગી રાષ્ટ્રીય ધોરી માર્ગોમાં લેન દીઠ ૩.૫ મીટર પહોળાઈ હોય છે. પહોળાઈના આધારે રાષ્ટ્રીય ધોરી માર્ગોનું વર્ગીકરણ આ મુજબ છે :

| | |
|---|---|
| એક માર્ગી | ૩૨ ટકા |
| બે માર્ગી/વચ્ચે આડશવાળો બે માર્ગી | ૫૬ ટકા |
| ચાર માર્ગી/છ માર્ગી/આઠ માર્ગી | ૧૨ ટકા |

ભારતમાં સારા માર્ગો નથી તે એક નક્કર વાસ્તવિકતા છે. કેવળ ૧૨ ટકા માર્ગો વિશ્વકક્ષાનાં ધારાધોરણો પ્રમાણેના છે. આંતરરાષ્ટ્રીય પર્યટકોને આકર્ષવા માટે આ પ્રમાણ ઘણું ઓછું છે. પૂરા યુરોપના પર્યટકો પ્રવાસનના હેતુથી જમીન માર્ગે જ પ્રવાસ કરવાનું પસંદ કરે છે. પરંતુ ભારતીય પર્યટકો દેશમાં જમીન માર્ગે પ્રવાસ કરતાં પહેલાં સો વાર વિચારશે. વધારામાં, અણઘડ ગેરશિસ્તભર્યું ડ્રાઇવિંગ માર્ગોને વધુ ભયાનક બનાવે છે. માર્ગ અકસ્માતોની બાબતમાં ભારત સૌથી ટોચના દેશોમાંનો એક છે.

**કોષ્ટક ૧૦ : ભારતમાં રેલવે**

| ગેજ | માર્ગ કિ.મી. | વપરાશી માર્ગ કિ.મી. | કુલ માર્ગ કિ.મી. |
|---|---|---|---|
| બ્રોડગેજ (૧.૬૭૬ મી.) | ૪૯૮૨૦ | ૭૧,૦૧૫ | ૯૩૩૮૬ |
| મીટર ગેરજ (૧,૦૦૦ મી.) | ૧૦૬૨૧ | ૧૧૪૮૭ | ૧૩૪૧૨ |
| નેરોગેજ (૭૬૨ મી.મી. અને ૬૧૦ મી.મી. | ૨૮૮૬ | ૨૮૮૮ | ૩૧૯૧ |

ઉપરનામાંથી ૨૮ ટકા માર્ગ કિલોમીટર, ૩૯ ટકા વપરાશી માર્ગ કિ.મી. અને ૪૧ ટકા કુલ માર્ગ કિલોમીટર વીજળીકૃત છે.

**અંતરજમીની જળ પરિવહન**

ભારતમાં નદીઓ, કેનાલો, નદીના મુખ્ય પ્રદેશો, ખાડીઓ વગેરેમાં મળી કુલ લગભગ ૧૪,૫૦૦ કિલોમીટરના પરિવહનને યોગ્ય જળમાર્ગો છે. ભારતીય અંતરજમીની જળ પરિવહન દ્વારા ૨૦૦૬-૦૭માં લગભગ ૫ કરોડ ટન માલસામાનનું એટલે કે ૨.૮૨ અબજ ટન કિલોમીટરનું પરિવહન કરવામાં આવ્યું હતું. જોકે આ પરિવહન હાલ તો ગંગા-ભાગીરથી-હુબલીના કેટલાક ફાંટામાં, બ્રહ્મપુત્રામાં, બરાક નદીમાં, ગોવાની નદીઓમાં, કેરળમાં નદીઓના મુખ પ્રદેશોમાં, મુંબઈની જમીન વચ્ચેની ખાડીઓમાં અને ગોદાવરી-કૃષ્ણા નદીના મુખ પ્રદેશોમાં કરાઈ રહ્યું છે. આ પરિવહન યાંત્રિક જહાજો દ્વારા સંગઠિત કામગીરી ઉપરાંત વિવિધ ક્ષમતાની દેશી બનાવટની હોડીઓમાં દેશની જુદી જુદી નદીઓમાં અને નહેરોમાં કરવામાં આવે છે. અસંગઠિત ક્ષેત્ર દ્વારા દેશી બનાવટની હોડીઓ દ્વારા માલસામાન અને માણસો-પશુઓના કરાતા પરિવહનના આંકડા

હજી સુધી એકત્રિત નથી કરાયા, પરંતુ એ હકીકત છે કે આ અસંગઠિત ક્ષેત્ર દ્વારા પણ સારા એવા પ્રમાણમાં માલસામાન અને મુસાફરોનું પરિવહન કરાય છે.

**ભારતમાં વિમાન મથકો**

નીચે આપેલી યાદી મુજબ ભારતમાં કુલ ૪૬ વિમાન મથકો છે. જોકે એમાંના ઘણાં એવાં છે જે દેશનાં બાકીનાં વિમાન મથકો સાથે જોડતાં નથી. તેના કારણે દેશની અંદર જ એક શહેરથી બીજા શહેર જવા માટેનો સમય ઘણીવાર ટ્રેન દ્વારા જવાથી લાગતા સમય કરતાં વિમાન દ્વારા માટે વધારે લાગે છે. ઉદાહરણ તરીકે કોઈને વિમાન દ્વારા આગરાથી વારાણસી કે જયપુર જવા માટે જે તે શહેરનું વિમાન મેળવવા આગરાથી દિલ્હી જવું પડશે, જ્યારે ટ્રેન દ્વારા આગરાથી સીધી જ, ઓછા સમયમાં વારાણસી કે જયપુર જઈ શકાશે.

**ભારતમાં વિમાન મથકોની યાદી**

| ક્રમ | પ્રદેશ કે રાજ્ય | વિમાન મથકનું નામ | કયા શહેરમાં છે | કક્ષા |
|---|---|---|---|---|
| ૧. | આંદામાન અને નિકોબાર ટાપુઓ | વીર સાવરકર આં.રા. વિમાનઘર | પોર્ટબ્લેર | કસ્ટમ્સ |
| ૨. | આંધ્ર પ્રદેશ | વિશાખાપટ્ટનમ વિમાનઘર | વિશાખા પટ્ટનમ | કસ્ટમ્સ |
| ૩. | આસામ | લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આં.રા. વિમાનઘર | ગુવાહાટી | કસ્ટમ્સ |
| ૪. | બિહાર | જયપ્રકાશ નારાયણ આં.રા. વિમાનઘર | પટણા | કસ્ટમ્સ |
| ૫. | | ગયા વિમાનઘર | ગયા | કસ્ટમ્સ |
| ૬. | છત્તીસગઢ | સ્વામી વિવેકાનંદ વિમાનઘર | રાયપુર | ઘરેલું |
| ૭. | દમણ અને દીવ | દીવ વિમાનઘર | દીવ | ઘરેલું |
| ૮. | દિલ્હી | ઈન્દિરા ગાંધી આં.રા. વિમાનઘર | નવી દિલ્હી | આંતરરાષ્ટ્રીય |
| ૯. | ગોવા | ડેબોલીમ વિમાનઘર | પૂરું રાજ્ય | આંતરરાષ્ટ્રીય |
| ૧૦. | ગુજરાત | સરદાર વલ્લભાઈ પટેલ આં.રા. વિમાનમથક | અમદાવાદ | આંતરરાષ્ટ્રીય |
| ૧૧. | જમ્મુ-કાશ્મીર | શ્રીનગર વિમાનમથક | શ્રીનગર | કસ્ટમ્સ |
| ૧૨. | | જમ્મુ વિમાન મથક | જમ્મુ | ઘરેલું |
| ૧૩. | ઝારખંડ | બિરસા મુંડા વિમાનમથક | રાંચી | ઘરેલું |
| ૧૪. | કર્ણાટક | મેંગલોર વિમાનમથક | મેંગલોર | કસ્ટમ્સ |
| ૧૫. | | બંગલુરુ આં.રા. વિમાનમથક (કેમ્પે ગોડા આં.રા. વિમાનમથક) | બંગલુરુ | આંતરરાષ્ટ્રીય |
| ૧૬. | કેરળ | ત્રિવેન્દ્રમ આં.રા. વિમાનમથક | ત્રિવેન્દ્રમ | આંતરરાષ્ટ્રીય |
| ૧૭. | કોચીન | આ.રા. વિમાનઘર | કોચીન | આંતરરાષ્ટ્રીય |
| ૧૮. | કાલીકટ | આ.રા. વિમાનઘર | કાલીકટ | આંતરરાષ્ટ્રીય |
| ૧૯. | લક્ષદ્વીપ | અગત્તિ એરોડ્રામ | અગત્તિ | ઘરેલું |
| ૨૦. | મધ્ય પ્રદેશ | રાજા ભોજ વિમાનઘર | ભોપાલ | કસ્ટમ્સ |
| ૨૧. | | દેવી અહલ્યાબાઈ હોલકર વિમાનઘર | ઈન્દોર | ઘરેલું |
| ૨૨. | મહારાષ્ટ્ર | છત્રપતિ શિવાજી આં.રા. વિમાનમથક | મુંબઈ | આંતરરાષ્ટ્રીય |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | | પૂણે વિમાનઘર | પૂણે | કસ્ટમ્સ |
| ૨૪. | | ન્યૂ પૂણે આંતરરાષ્ટ્રીય વિમાનમથક | પૂણે | (ભવિષ્યમાં બનશે) |
| ૨૫. | | શિરડી વિમાનઘર | શિરડી | (ભવિષ્યમાં બનશે) |
| ૨૬. | | ડૉ. બાબાસાહેબ આંબેડકર આં.રા. વિમાનમથક | નાગપુર | કસ્ટમ્સ |
| ૨૭. | મણિપુર | તુલીહાસ વિમાનમથક | ઈમ્ફાલ | ઘરેલું |
| ૨૮. | મેઘાલય | શિલોંગ વિમાનમથક | શિલોંગ | ઘરેલું |
| ૨૯. | મિઝોરમ | લેંગપુઈ વિમાનમથક | ઐઝવાલ | ઘરેલું |
| ૩૦. | નાગાલેન્ડ | દિમાપુર વિમાનમથક | દિમાપુર | ઘરેલું |
| ૩૧. | ઓડિશા | પટનાયક વિમાનમથક | ભૂવનેશ્વર | ઘરેલું |
| ૩૨. | પોન્ડીચેરી | પોન્ડીચેરી વિમાનમથક | પોન્ડીચરી | ઘરેલું |
| ૩૩. | પંજાબ | શ્રી ગુરુ રામદાસજી આં.રા. વિમાનમથક | અમૃતસર | આંતરરાષ્ટ્રીય |
| ૩૪. | રાજસ્થાન | જયપુર આં.રા. વિમાનમથક | જયપુર | કસ્ટમ્સ |
| ૩૫. | સિક્કિમ | પેકયોંગ વિમાનઘર | ગેંગટોક | (ભવિષ્યમાં બનશે) |
| ૩૬. | તમિળનાડુ | ચેન્નાઈ આં.રા. વિમાનમથક | ચેન્નાઈ | આંતરરાષ્ટ્રીય |
| ૩૭. | | તિરુચિરાપલ્લી આં.રા. વિમાનમથક | તિરુચિરાપલ્લી | કસ્ટમ્સ |
| ૩૮. | તેલંગણા | રાજીવ ગાંધી આં.રા. વિમાનમથક | હૈદરાબાદ | આંતરરાષ્ટ્રીય |
| ૩૯. | ત્રિપુરા | અગરતલા વિમાનઘર | અગરતલા | ઘરેલું |
| ૪૦. | ઉત્તરાખંડ | જોલી ગ્રાન્ટ વિમાનમથક | દેહરાદુન | ઘરેલું |
| ૪૧. | ઉત્તર પ્રદેશ | તાજ આં.રા. વિમાનમથક | ગ્રેટર નોઇડા | ભવિષ્ય |
| ૪૨. | | વારાણસી વિમાનમથક | વારાણસી | કસ્ટમ્સ |
| ૪૩. | | અમૌસી વિમાનમથક | લખનૌ | કસ્ટમ્સ |
| ૪૪. | | આગ્રા હવાઈદળ સ્ટેશન | આગ્રા | ઘરેલું |
| ૪૫. | પશ્ચિમ બંગાળ | નેતાજી સુભાષચંદ્ર બોઝ આં.રા. વિમાનઘર | કોલકત્તા | આંતરરાષ્ટ્રીય |
| ૪૬. | | બાગડોગરા વિમાનઘર | સીલીગુડી | કસ્ટમ્સ |

ભારત જો આ પ્રવાસન ક્રાંતિનો લાભ નહીં લે તો તે માટે તે પોતે જ દોષિત ગણાશે. બહુ થોડાં પહેલરૂપ પગલાં ભરીને તે ઝડપથી ઊભરી રહેલા ક્ષેત્રના હકીકતમાં ફાયદા ઉઠાવી શકે તેમ છે. આંતરમાળખાકીય સગવડોનો અભાવ પ્રવાસનનાં તમામ ઘટકોમાં જોવા મળી રહ્યો છે. પછી તે વિમાનઘર હોય, રેલવે, જમીન માર્ગ પરિવહન, રહેઠાણ સુવિધા, તાલીમ પામેલું માનવબળ, ખરીદીની સરળ સુવિધા હોય કે આરામદાયક પ્રવાસ, મેડિકલ ટુરિઝમ, પ્રવાસન શિક્ષણ અને લાંબા ગાળાના વિકાસના ધારધોરણો હોય.

પ્રવાસનને પ્રાથમિકતા આપીને ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહનો દ્વારા, વિદેશી રોકાણકારોને એકબારી મંજૂરી માટે ખાસ નિયમો દ્વારા, જરૂરી અનામત જમીન ઊભી કરીને, ઉદ્યોગ-સાહસિકોને નાણાકીય સહાય, ખાસ કરીને ઓછા વ્યાજની લાંબા ગાળાની લોન મંજૂર કરીને, દેશમાં વિદેશી ચલણ લાવવામાં સરળતા દ્વારા, પ્રવાસન વિકાસ માટે નિષ્ણાતોને રોકીને, અધિકારીઓની દખલગીરી

ઘટાડીને અથવા તુમારશાહી દૂર કરીને પ્રવાસન ઉદ્યોગને આંતરમાળખાકીય સગવડો ઊભી કરવા મહત્તમ ફાયદો આપી શકાય છે. આંતરમાળખાકીય સગવડો ઊભી કરવાના કામને વેગ આપવા આ જ સાચો અભિગમ છે.

તે જ રીતે સંકલિત વિકાસ માટે અલગ અલગ પ્રદેશને ઓળખીને આંતર માળખાકીય વિકાસ માટે જરૂરી નાણાં સહાય પૂરી પાડીને પસંદગીનાં કેન્દ્રો તૈયાર કરવાનો પણ મોટા પડકાર છે. આમ એક ખાસ પ્રકારના અભિગમની પણ જરૂર છે.

ભારતની આંતરમાળખાને લગતી સમસ્યાઓ માત્ર સગવડો ઊભી કરવાની અક્ષમતાને લીધે જ ઊભી નથી થતી, પરંતુ જેવી રીતે રાષ્ટ્રીય ધોરી માર્ગ વિકાસ કાર્યક્રમોમાં, રેલવેમાં, વિમાનમથક વિકાસ માટેના મોંઘાદાટ આયોજનોમાં, જોવા મળે છે તેવી રીતે આ આંતરમાળખાકીય સુવિધાઓની પરિયોજનાઓમાં નિષ્કાળજીથી છેલ્લી ઘડીએ સમસ્યાને ઓળખીને તે બેકાબૂ બને તે પહેલાં થાગડ-થીગડ કરીને સમસ્યા દૂર કરવાની આપણી નિષ્ફળતાની છાપ પણ એટલી જ નિરાશજનક છે અને તે દૂર કરવી જ રહી.

પર્યટકોને પ્રવાસન માટે એક સારા વિકલ્પ તરીકે દેશને આગળ ધરવાના અભિયાન-'અતુલ્ય ભારત ઝુબેશ' માટે કરાતા પ્રયાસો પણ એક નાનકડા ખંડ જેવડા દેશ માટે અપૂરતા નહીં તો ઓછા તો છે જ. આપણી પ્રગતિ માટેનો એક માત્ર માર્ગ છે'. આંતરમાળખાકીય ઊણપો સુધારવાનો' અને જ્યાં સુધી આપણે સામે ચાલીને કોઈ ઉપાયો નહીં કરીએ ત્યાં સુધી આપણે ત્યાં આવતા પર્યટકોની સંખ્યા કેવળ ૫૦ કે ૬૦ લાખ પૂરતી સ્થિર જ રહેશે. એ એક આનંદની બાબત છે કે કેન્દ્રના પ્રવાસન મંત્રાલયે પ્રવાસન આંતરમાળખા માટે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડી છે, જેથી તમામ રાજ્યો વિશ્વ સ્તરનું પ્રવાસન આંતરમાળખું ઊભું કરી શકે. આ માર્ગદર્શક સૂચનાઓ એવું સૂચવે છે કે સાચી દિશામાં પગલાં ભરાઈ રહ્યાં છે.

**માર્ગદર્શક સૂચનાઓની રૂપરેખા :**

૧. રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્રે શક્ય હોય ત્યાં સુધી આદર્શ નીતિરીતિઓનું પાલન કરીને કન્ઝેર્વેશન અને લૅન્ડસ્કેપ આર્કિટેક્ટ સહિત આર્કિટેક્ટ નિયુક્ત કરવા અને તેનો ખર્ચ તેમણે પોતાના સ્રોતોમાંથી કરવાનો રહેશે.

૨. રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્રે પ્રવાસન સંબંધિત પ્રોજેક્ટ્સની મંજૂરી માટે એકબારી વ્યવસ્થા ગોઠવવી.

૩. મેગા ડેસ્ટીનેશન પ્રોજેક્ટસ/સર્કિટ અંતર્ગત યોજનાઓનું ઘડતર કરતી વખતે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ જે.એન.એન.યુ.આર.એમ. (જવાહલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી નવીનીકરણ મશીન) સાથે તાલમેળ સાધવાના પ્રયત્નો કરવા.

**શહેરી નાગરિક સુવિધાઓ**

૧. રાજ્યોએ પ્રવાસન સ્થળોમાં અને તેની આજુબાજુ તમામ ઉપયોગકર્તાઓ માટે અવરોધમુક્ત વાતાવરણ સર્જવા સહિત બારમાસી સર્કયુલેશન નેટવર્ક અને કનેક્ટિવિટીનું સર્જન કરવું.

૨. **પ્રોજેક્ટમાં નીચેની બાબતો પર યોગ્ય ધ્યાન આપવું જરૂરી છે :**

– ડિઝાઈન કોડ્ઝ, સૌંદર્ય માનવીય માપદંડો, માલસામગ્રીની પસંદગી, ફેબ્રિકેશન, ટકાઉપણું, હવામાનનો સામનો કરે તેવું અને જાળવણી.

– માર્ગદર્શક સૂચનોનાં બોર્ડ પૂરતા પ્રમાણમાં અને યોગ્ય જગ્યાએ ગોઠવવા.

– કચરા પેટીઓ/પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવી ચીજો માટે પાત્રો મૂકવાં.

– માહિતી દર્શક/માર્ગસૂચક બોર્ડ, કાર્યાલય.

– માહિતી અને પર્યટકને સહાય કેન્દ્ર/ સુવિધા કેન્દ્ર

– જાહેર શૌચાલય

– પાર્કિંગ એકમો, બે પૈડાંવાળાં વાહનો માટે પાર્કિંગ તથા વિકલાંગો માટે વાહન પાર્કિંગની અલગ વ્યવસ્થા.

૩. રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રોએ પર્યટકોને વિનામૂલ્યે અને વખતોવખત ઉચ્ચ ગુણવત્તાવાળા પર્યટક નકશા, પુસ્તિકાઓ, સીડી પોસ્ટરો, પ્રવાસન કેલેન્ડર, ફોલ્ડર અને સાથે લઈને ફરી શકાય તેવા નકશાના વિતરણને પ્રોત્સાહન આપવું. સાથોસાથ ભારતની ચેતનવંતી અને વિવિધતાસભર સંસ્કૃતિને ઉત્તેજન મળે તેવા ખૂબ મજબૂત ગ્રાફિક ડિસ્પ્લે મૂકવા.

૪. વિગતવાર પ્રોજેક્ટ અહેવાલમાં સ્પષ્ટ કરવું જ જોઈએ કે અમલકર્તા એજન્સી પાસે જમીન ઉપલબ્ધ છે. મંત્રાલય દ્વારા પ્રોજેક્ટ મંજૂર કરાયા પછી જમીન નહીં મળવાના કારણે તે એક વર્ષ પછી પણ શરૂ ન થાય તો પ્રોજેક્ટ પડતો મૂકવો જોઈએ અને તેના માટે આપેલાં નાણાં વસુલ કરવા જોઈએ અથવા એડજસ્ટ કરવા જોઈએ.

૫. પ્રવાસન સ્થળ કે સર્કિટ જવાના

રસ્તે દર ૫૦ કિલોમીટરના અંતરે રસ્તાની બાજુમાં જાહેર સુવિધાઓ નિશ્ચિત કરવી જોઈએ.

૬. પ્રવાસન સ્થળે સૂચનાઓની નિશાનીઓ શક્ય હોય ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબની મૂકવી જોઈએ. (નિશાનીઓ માટે વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશનની વેબસાઈટ જુઓ)

૭. પ્રવાસન નીતિના ભાગરૂપે હાલની પર્યટક સુવિધાઓ બહેતર બનાવવા રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોએ તેમના પોતાના સ્રોતોમાંથી ખર્ચ કરીને સુધારવા પ્રયત્નો કરવા જોઈએ.

૮. પ્રવાસન સ્થળે જાહેર સુવિધાઓ રાજ્ય સરકારે જરૂરી નીતિ નિયમોના અમલ પછી શક્ય હોય ત્યાં સુધી પ્રબંધન વ્યવસ્થા સંસ્થાકીય તંત્રને સોંપવી જોઈએ. આ માટે યોગ્ય એજન્સી પસંદ કરવી જોઈએ.

**તૈયાર વિરાસત અને નિશાનીઓ**

૧. રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશના વહિવટીતત્રે શક્ય હોય ત્યાં સુધી આવા પર્યટક સ્થળના સંશોધન, દસ્તાવેજીકરણ, મૂલ્ય ખાસિયત, નુકસાનીનો અંદાજ, સાચવણી, વ્યવસ્થાપન, પ્રવાસન આંતરમાળખું, જોખમનું મૂલ્યાંકન (સહન શક્તિ), સ્થળનું અર્થઘટન, સલામતી/પ્રાથમિક સારવાર અને સરક્ષા, સૌના માટે સુલભ ઉપયોગ, કચરાનું વ્યવસ્થાપન, સામુદાયિક સલાહ વિચાર અને જરૂરી સાધનોના ઉપયોગની નીતિ, વ્યવસાય વગેરે સહિતનું સર્વગ્રાહી સંરક્ષણ આયોજન તૈયાર કરવું જોઈએ.

૨. રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના વહિવટીતંત્રોએ આવાં પર્યટન સ્થળો માટે, ખાસ કરીને વર્લ્ડ હેરીટેઝ સાઈટ્સ માટે આંતરરાષ્ટ્રીય ધારાધોરણો અને માર્ગદર્શક રૂપરેખાઓ/યુનેસ્કો ચાર્ટરનું પાલન કરવું જોઈએ જ્યારે અન્ય સાઈટ્સ સ્મૃતિ સ્થાનોમાં સામાન્યપણે પાલન કરવું જોઈએ.

૩. નિશાનીઓ માટે યુ.એન. ડબલ્યૂ. ટી.ઓ.ની માર્ગદર્શિકા અને એન. એચ.એ.આઈ.ની માર્ગદર્શિકાનું પાલન કરવાની ભલામણ છે.

૪. રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના સંરક્ષણ અને પ્રવાસના આયોજનોમાં મજબૂત નાણાકીય તથા સારસંભાળ આયોજન પણ હોવું જોઈએ.

૫. પ્રોજેક્ટ કે પ્રવાસન સ્થળનાં કામો સમયસર પૂરાં થાય અને અમલ પછી દેખભાળ માટે રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોએ ઉચિત સંસ્થાકીય તંત્ર ગોઠવવું જોઈએ.

૬. કાર્યાન્વયન અને સારસંભાળ માટે જાહેર ખાનગી ભાગીદારી-પીપીપી વ્યવસ્થાને પ્રોત્સાહન આપવું જોઈએ.

**આબોહવા સામે ટકી રહે તેવું અને સ્થાનિક શૈલીનું સ્થાપત્ય**

૧. આબોહવા સામે ટકી રહે તેવું અને સ્થાનિક સ્થળને અનુરૂપ સ્થાપત્યની ડિઝાઈન બનાવવા પ્રયત્નો કરવા જોઈએ.

૨. ઉપલબ્ધ સ્થાનિક માલસામગ્રી અને તંત્રજ્ઞાનથી સ્થાનિક ડિઝાઈન સિદ્ધાંતો મુજબના બાંધકામનો વિશેષ આગ્રહ રાખવો જોઈએ.

૩. પર્યટન સ્થળના સ્થાન, પર્યાવરણ અને સાંદર્ભિક ગુણધર્મો વિષે તમામ પ્રવાસન કર્મચારી ગણનું ક્ષમતા વર્ધન કરવાના પ્રયાસો કરવા જોઈએ. આ માટેનાં નાણાં પ્રવાસન મંત્રાલયની સીબીએસપી યોજનામાંથી આપી શકાય.

ભારતનો પ્રવાસન ઉદ્યોગ હરળફાળ ભરવા માટે તૈયાર છે. તેમ છતાં, ભારતે સમજવું જોઈએ કે કોઈ દેશ તેની રાહ જોવાનો નથી. તમામ વિકાસશીલ દેશો વચ્ચે તેની ગળાકાપ સ્પર્ધા થઈ રહી છે કારણ કે તેમના અર્થતંત્ર માટે પ્રવાસન ઉદ્યોગ કરોડરજ્જૂ સમાન છે. ચીન, થાઈલેન્ડ, મલેશિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશો પ્રવાસન આંતરમાળખા પાછળ ભારે ખર્ચ કરી રહ્યા છે. જેથી વધુને વધુ પર્યટકોને આકર્ષી શકાય અને તેઓ તેમના પ્રયાસોમાં સરળ પણ થઈ રહ્યા છે. બીજી બાજુ ભારત તો હજી તેની પ્રાથમિક્તાઓ યોગ્ય રીતે ગોઠવી રહ્યું છે. ગમે તેમ પણ પ્રવાસન તે યોજનામાં બંધબેસતું નથી. વધુને વધુ લોકોને ગમતી યોજનાઓ બહાર પડી રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આંતરમાળખા કરેલા તેમના રોકાણનાં ફળ આજે દેખાઈ રહ્યાં છે.

અંતમાં મારે કહેવું જ જોઈએ કે તમામ આકર્ષણો જો સરળતાથી ઉપલબ્ધ ન હોય તો નિરર્થક છે. ભારતના ભાવિના આયોજકોએ વહેલું કે મોડું આ સમજવું જ પડશે. એકલા માર્ગો અને રેલવે પર્યટકોને આકર્ષવાના નથી. જો અન્ય આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરાશે તો તેનાથી ભારતના અર્થતંત્રને પણ મોટું બળ મળશે.

**લેખકશ્રી ઈન્સ્ટિટ્યૂટશન ઑફ ટુરિઝમ સ્ટડીઝ - લખનૌ યુનિવર્સિટી ખાતે ડાયરેક્ટર છે. પ્રવાસન અંગે તેઓએ ૧૦થી વધુ પુસ્તકો લખ્યાં છે તથા અનેક પ્રવાસ કરેલ છે. ચીનની યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅક્નોલૉજી ખાતે સંયુક્ત પ્રોફેસર રહી ચૂક્યાં છે.**

# ભારતમાં વિદેશી પ્રવાસીઓ : એક વિહંગાવલોકન

● ડૉ. ભાવેશ વિ. ભટ્ટ ●

છેલ્લા ૩ દાયકાથી સમગ્ર વિશ્વમાં અને વિશેષ કરીને ભારતમાં સેવાક્ષેત્રનું આકર્ષણ વધતું રહ્યું છે. આર્થિક પ્રવૃત્તિઓના વિવિધ સ્રોતોમાં સેવાક્ષેત્રને સહુથી વધુ પસંદ કરવામાં આવે છે. સેવાક્ષેત્ર અંતર્ગત જો કોઈ વિશેષ મહત્ત્વનું હોય તો તે પ્રવાસન ક્ષેત્ર છે. સામાન્ય રીતે પરંપરાગત માનસિકતા એવી રહી છે કે પ્રવાસ એટલે બાળકો, તરુણો માટેની આનંદની પ્રવૃત્તિ. પરદેશમાં 'પ્રવાસન'ને સર્જનાત્મક આનંદ તરીકે ગણવામાં આવે છે. સામાન્ય રીતે પ્રવાસના પસંદ કરેલા મોટા, મુખ્ય સ્થાનોને જ મહત્ત્વ અપાતું હોય છે, પરંતુ વિદેશમાં 'પ્રવાસ'ને શિક્ષણ, સંશોધન સ્વરૂપે પણ વિશેષ મહત્ત્વ અપાય છે. 'નિરીક્ષણ' વૃત્તિનો મહત્તમ્ અવકાશ પ્રવાસનમાં સમાયેલો છે એવી સમજ પશ્ચિમમાં વ્યાપક રીતે પ્રવર્તમાન છે. તેથી જ 'વિવિધતામાં એકતા'ની સંસ્કૃતિના પ્રતિક સમા ભારતમાં વિદેશી પ્રવાસીઓનું આકર્ષણ વધતું રહ્યું છે.

પ્રવાસન ક્ષેત્રની યથાર્તતાના ઐતિહાસિક માપદંડો અલબત્ત આજે પણ મુશ્કેલ છે, પરંતુ અધિકૃત રીતે ભારતીય સરકારી તંત્ર દ્વારા તેવા ઘણા સુધારા-વધારા કરીને દસ્તાવેજીકરણના ઉલ્લેખનીય પ્રયાસો થયા છે, જે પૈકીનું એક મહત્ત્વનું પગલું 'આંકડાકીય સ્રોત'નું છે.

ભારતમાં સત્તાવાર રીતે ઈમીગ્રેશન બ્યુરો કાર્યરત છે. આ ઈમીગ્રેશન બ્યુરો પાસે વિદેશમાંથી ભારત આવતા નાગરિકોની વિગતો, તેમની મુલાકાતોના હેતુઓ પ્રાપ્ય હોય છે. આ બ્યુરો પાસેથી પ્રાપ્ય અધિકૃત આંકડાકીય વિગતોને આધારે ભારતમાં ૧૯૮૧ થી ૨૦૧૨ના વર્ષ દરમિયાન કુલ કેટલા પ્રમાણમાં વિદેશી પ્રવાસીઓ આવ્યા તે અને તેનો વાર્ષિક વૃદ્ધિદરનો આંક જે પ્રાપ્ય છે તે નીચે દર્શાવવામાં આવેલ છે.



**૧૯૮૧ થી ૨૦૧૨ દરમિયાન ભારતમાં આવેલ વિદેશી પ્રવાસીઓ :**

| વર્ષ | વિદેશી પ્રવાસીઓની સંખ્યા | વાર્ષિક વૃદ્ધિદર |
|---|---|---|
| ૧૯૮૧ | ૧૨૭૯૨૧૦ | ૨.૦ |
| ૧૯૮૨ | ૧૨૮૮૧૬૨ | ૦.૭ |
| ૧૯૮૩ | ૧૩૦૪૯૭૬ | ૧.૩ |
| ૧૯૮૪ | ૧૧૯૩૭૫૨ | ૮.૫ |
| ૧૯૮૫ | ૧૨૫૯૩૮૪ | ૫.૫ |
| ૧૯૮૬ | ૧૪૫૧૦૭૬ | ૧૫.૨ |
| ૧૯૮૭ | ૧૪૮૪૨૯૦ | ૨.૩ |
| ૧૯૮૮ | ૧૫૯૦૬૬૧ | ૭.૨ |
| ૧૯૮૯ | ૧૭૩૬૦૯૩ | ૯.૧ |
| ૧૯૯૦ | ૧૭૦૭૧૫૮ | -૧.૭ |
| ૧૯૯૧ | ૧૬૭૭૫૦૮ | -૧.૭ |
| ૧૯૯૨ | ૧૮૬૭૬૫૧ | ૧૧.૩ |
| ૧૯૯૩ | ૧૭૬૪૮૩૦ | -૫.૫ |
| ૧૯૯૪ | ૧૮૮૬૪૩૩ | ૬.૯ |
| ૧૯૯૫ | ૨૧૨૩૬૮૩ | ૧૨.૬ |
| ૧૯૯૬ | ૨૨૮૭૮૬૦ | ૭.૭ |
| ૧૯૯૭ | ૨૩૭૪૦૯૪ | ૩.૮ |
| ૧૯૯૮ | ૨૩૫૮૬૨૯ | -૦.૭ |
| ૧૯૯૯ | ૨૪૮૧૯૨૮ | ૫.૨ |
| ૨૦૦૦ | ૨૬૪૯૩૭૮ | ૬.૭ |
| ૨૦૦૧ | ૨૫૩૭૩૮૨ | -૪.૨ |
| ૨૦૦૨ | ૨૩૮૪૩૬૪ | -૬.૦ |
| ૨૦૦૩ | ૨૭૨૬૨૧૪ | ૧૪.૩ |
| ૨૦૦૪ | ૩૪૫૭૪૭૭ | ૨૬.૮ |
| ૨૦૦૫ | ૩૯૧૮૬૧૦ | ૧૩.૩ |
| ૨૦૦૬ | ૪૪૪૭૧૬૭ | ૧૩.૫ |
| ૨૦૦૭ | ૫૦૮૧૮૦૪ | ૧૪.૩ |
| ૨૦૦૮ | ૫૨૮૨૬૦૩ | ૪.૦ |
| ૨૦૦૯ | ૫૧૬૭૬૯૯ | -૨.૨ |
| ૨૦૧૦ | ૫૭૭૫૬૯૨ | ૧૧.૮ |
| ૨૦૧૧ | ૬૩૦૯૨૨૨ | ૯.૨ |
| ૨૦૧૨ | ૬૫૭૭૭૪૫ | ૪.૩ |

કોષ્ટકને જો ધ્યાનપૂર્વક તપાસવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે ૧૯૮૧ થી ૨૦૧૨ના સમયગાળા દરમિયાન ૧૯૮૬, ૧૯૯૨, ૧૯૯૫, ૨૦૦૩ થી ૨૦૦૭ અને ૨૦૧૦માં વિદેશી પ્રવાસીઓને વૃદ્ધિદર ડબલ ડિજિટમાં નોંધાયેલો છે, તો વર્ષ ૧૯૮૪, ૧૯૯૦

૧૯૯૧, ૧૯૯૩, ૧૯૯૮, ૨૦૦૧, ૨૦૦૨ અને ૨૦૦૯માં નકારાત્મક વૃદ્ધિદર જોવા મળેલ છે.

એકવીસમી સદીના પ્રારંભથી વૈશ્વિકીકરણના નૂતન પ્રવાહોના પગલે ભારત જેવા ઊભરતા રાષ્ટ્ર માટેનું આકર્ષણ વધતું રહ્યું છે. વર્ષ ૨૦૧૦, ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં ભારતમાં આવેલા કુલ વિદેશી પ્રવાસીઓમાં સૌથી વધુ પ્રમાણમાં અમેરિકાથી આવેલાં પ્રવાસીઓ નોંધાયા હતા. વર્ષ ૨૦૧૧ની સરખામણીમાં વર્ષ ૨૦૧૨ના એક વર્ષના વૃદ્ધિદરને તપાસવામાં આવે તો તે વર્ષમાં વિદેશથી આવેલ પ્રવાસીઓના વૃદ્ધિદરનું ટકાવારી પ્રમાણ મહત્તમ તુર્કીનું હતું (૩૨.૪૧ ટકા). આ પ્રમાણ ઇરાકનું ૨૬.૦ ટકા, યુ.કે.નું ૨૩.૭ ટકા તથા પાકિસ્તાન અને રશિયન પ્રવાસીઓનું પ્રમાણ ૨૩.૦ ટકા નોંધાયેલ હતું, જ્યારે આ જ સમયગાળામાં એટલે કે વર્ષ ૨૦૧૧ કરતાં ૨૦૧૨માં વિદેશમાંથી ભારત આવેલ પ્રવાસીઓના પ્રમાણમાં ઘટાડો આરબ અમીરાત ૩૭.૨ ટકા, દક્ષિણ આફ્રિકા ૧૪.૨ ટકા, પોલેન્ડ ૧૨.૨ ટકા, ઇન્ડોનેશિયા ૯.૧ ટકા, માલદીવ ૬.૬ ટકા, સ્પેન ૬.૧ ટકા, મલેશિયા ૫.૯ ટકા, હંગેરી ૫.૮ ટકા અને ઇરાન ૫.૭ ટકા નોંધાયો હતો.

વર્ષ ૨૦૧૨ના એક જ વર્ષનું ચિત્ર તપાસવામાં આવે તો ભારતમાં આવેલા કુલ વિદેશી પ્રવાસીઓ પૈકી ૯૧.૭ ટકા વિમાન માર્ગે, ૭.૬ ટકા જમીન માર્ગે તથા માત્ર ૦.૭ ટકા જળમાર્ગે આવેલા હતા. ભારતમાં કુલ જેટલા વિદેશી પ્રવાસીઓ વિમાન માર્ગે ૨૦૧૨ના વર્ષમાં ભારતમાં પધાર્યા હતા તે પૈકીના ૩૫.૭ ટકા દિલ્હી વિમાન મથકે, ૧૯.૨ ટકા મુંબઈ વિમાન મથકે, ૧૦.૮ ટકા ચેન્નાઈ વિમાન મથકે, ૬.૩ ટકા બેંગાલુરુ વિમાન મથકે, ૩.૪ ટકા કોલકાતા વિમાન મથકે ઊતર્યા હતા, જ્યારે અન્ય વિમાની મથકોએ ઊતરાણ કરેલ હોય તેવા વિદેશી પ્રવાસીઓનું પ્રમાણ વર્ષ ૨૦૧૨માં ૨૪.૬ ટકા જેટલું હતું.

વર્ષ ૨૦૧૨માં સમગ્ર વિશ્વમાં કુલ વિદેશી પ્રવાસીઓનું પ્રમાણ ૧૦૩૫ મિલિયન લોકોનું હતું. વાર્ષિક વૃદ્ધિદર ૪.૦ ટકાનો હતો, જ્યારે તે જ વર્ષમાં (૨૦૧૨માં) ભારતમાં પધારેલ કુલ વિદેશી પ્રવાસીઓનું પ્રમાણ ૬.૫૮ મિલિયન લોકોનું હતું. એટલે કે વર્ષ ૨૦૧૨માં વિશ્વના કુલ વિદેશી પ્રવાસીઓ પૈકી ભારતમાં પધારેલ વિદેશી પ્રવાસીઓનું ટકાવારી પ્રમાણ ૦.૫૮ ટકા જેટલું હતું. વિશ્વમાં પ્રવાસન વૃદ્ધિદર ૪.૦ ટકાનો નોધાયો હતો જે ભારતમાં થોડો વધારે ૪.૩ ટકાનો નોંધાયો હતો.

વર્ષ ૨૦૧૨માં વિદેશી પ્રવાસીઓ પૈકી ભારતને પ્રાપ્ત થયેલ વિદેશી હૂંડિયામણ રૂ. ૯૪૪૮૭ કરોડનું હતું. એટલે કે વિદેશી હુંડિયામણની કમાણીને વાર્ષિક વૃદ્ધિદર ૨૧.૮ ટકા નોંધાયો હતો. અમેરિકન ડૉલરમાં ગણતરી કરવામાં આવે તો આ પ્રમાણ ૧૭.૭૪ બિલિયન ડૉલરનું (વાર્ષિક વૃદ્ધિ દર ૬.૧ ટકા) હતું.

વર્ષ ૨૦૧૨માં ભારતમાંથી વિદેશના પ્રવાસે ગયેલાઓનું પ્રમાણ ૧૪.૯૨ બિલિયન હતું જે વાર્ષિક વૃદ્ધિદર ૬.૭ ટકાનો નોંધાયો હતો એટલે કે વર્ષ ૨૦૧૨માં ભારતમાં આવેલ વિદેશી પ્રવાસીઓના ટકાવારી વૃદ્ધિદરની સરખામણીમાં ભારતમાંથી વિદેશ પ્રવાસે ગયેલાઓનો વૃદ્ધિદર ઊંચો હતો, જે દર્શાવે છે કે વિદેશી હુંડિયામણનો ખર્ચ વધુ થયેલો હતો.

વર્ષ ૨૦૧૨ના પ્રમાણે વિદેશી પ્રવાસીઓને સંપૂર્ણ સુવિધા આપી શકે તેવી અધિકૃત (માન્ય) હૉટેલોનું પ્રમાણ ૧,૬૭૬નું હતું અને તે હૉટેલોના રૂમોની કુલ સંખ્યા ૭૬૫૬૭ની નોંધાયેલ હતી. ભારતમાં જ એક રાજયમાંથી બીજા રાજ્યમાં પ્રવાસે ગયેલાનું કુલ પ્રમાણ વર્ષ ૨૦૧૨માં ૧૦૩૬.૩૫ મિલિયનનું હતું અને પ્રવાસીઓના તે વર્ષનો વાર્ષિક વૃદ્ધિદર ૧૯.૯ ટકાનો હતો.

વિદેશ પ્રવાસનના વૈશ્વિકીકરણનું સરવૈયું તપાસતા વર્ષ ૨૦૧૨માં વિદેશી પ્રવાસીઓના પ્રમાણના સંદર્ભમાં વિશ્વમાં ભારતનો ક્રમ ૪૧મો હતો અને કુલ આંતરરાષ્ટ્રીય હૂંડિયામણ કમાણીમાં ભારતનો હિસ્સો ૧.૬૫ ટકાનો હતો. એશિયાઈ પેસિફિક રાષ્ટ્ર સમૂહોમાં પણ ભારતનો વિદેશ પ્રવાસીઓના સંદર્ભમાં ૧૧મો ક્રમ નોંધાયો હતો.

**લેખક શ્રી રાજાભાઈ પટેલ કૉલેજ ઑફ કોમર્સ ઍન્ડ ઈકોનોમિક્સ, આદીપુર, કચ્છમાં ઇન્ચાર્જ પ્રિન્સીપાલ છે.**

**યોજના**
**આગામી આકર્ષણ**

**જૂન : ૨૦૧૫**
**વૈકલ્પિક દવાઓ**
**(Alternative Medicine)**

# દાંડી : એક ઐતિહાસિક પ્રવાસ

• ધનુશ્રી ઉદાગે •






પ્રવાસ વ્યક્તિના મનને આનંદ અને જ્ઞાન બંને પૂરાં પાડે છે. આપણી સૃષ્ટિ ઘણી સુંદર છે. ઘરની ચાર દીવાલોમાંથી આપણે બહાર જોઈએ તો ઘણું બધું જોવા અને જાણવા જેવું મળે છે. બાળકો, યુવાનો કે વડીલો, ગમે તે વયના હોય પ્રવાસ દ્વારા સૌનું મન પ્રફુલ્લિત બને છે. આ પ્રવાસ જો એવા સ્થળનો હોય જે સાહસ, સહકાર અને સ્વરાજનું જીવંત ઉદાહરણ હોય, જ્યાં આપણને તેની યશોગાથાનો ખ્યાલ મળે અને ત્યાં બનેલી ઘટનાઓની સ્મૃતિઓ તાજી થતી હોય તેવાં સ્થળો જોવા મળે તો આપણો પ્રવાસ સાર્થક થયો હોય એમ લાગે છે.

**દાંડી ગામ**

દક્ષિણ ગુજરાતમાં સ્થિત નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં દાંડી ગામ આવેલું છે. આ દાંડી ગામ સાક્ષી છે એ ઐતિહાસિક ઘટનાનું જેણે ભારતની આઝાદીની લડતમાં પ્રાણ ફૂંક્યા. અહીં જ મહાત્મા ગાંધીએ અંગ્રેજોનો અન્યાયી મીઠાનો કાયદો તોડ્યો અને અહીંથી જ ભારતીય પ્રજાના સુષુપ્ત રોષને વેગ આપવાની શરૂઆત કરી હતી. નવસારીથી દાંડી ૧૬ કિલોમીટરના અંતરે છે. સમુદ્રના વિશાળ કિનારે કાંઠા વિસ્તારમાં વસેલું આ દાંડી ગામ નયનરમ્ય પ્રાકૃતિક વાતાવરણ ધરાવે છે. મહાત્મા ગાંધીની દાંડી કૂચના સંસ્મરણો આ ગામમાં સચવાયેલા જોવા મળે છે.


દાંડીનો દરિયો એ આપણા દેશને મળેલ કુદરતી બક્ષીશ છે. અંગ્રેજોએ પોતાના શાસન કાળમાં કુદરતી રીતે પાકતા મીઠાના ઉપયોગ પર પણ કર નાખવાનું શરૂ કર્યું તેમજ મીઠું કોને કેટલા પ્રમાણમાં આપવું એ માટેનો કાયદો બનાવ્યો, જેને 'નમક કાનૂન' તરીકે ઓળખવામાં આવતો. આ કાનૂન માનનારાઓને મીઠાના એક કણને પણ અડવાની સખત મનાઈ હતી. ગાંધીજીને આ સમગ્ર વૃત્તાંતની જાણ થતા તેમણે આ અન્યાયી મીઠાના કાયદાને તોડવા માટે 'નમક સત્યાગ્રહ' શરૂ કર્યો.

**દાંડીયાત્રા**

દાંડીયાત્રા જેને ગાંધી બાપુ દાંડી કૂચ તરીકે ઓળખાવતા તેનો પ્રારંભ ગાંધીજીએ અમદાવાદ, સાબરમતી સત્યાગ્રહ આશ્રમના એમના નિવાસ સ્થાન 'હૃદયકુંજ'થી ૭૮ સૈનિકો સાથે ઈ.સ. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે કર્યો હતો. પગપાળા ૨૪૧ માઈલની અહિંસક અને સત્યના માર્ગે આ ધર્મયાત્રા કરી એપ્રિલની પાંચમીએ તેઓ દાંડી આવી પહોંચ્યા.

૬ એપ્રિલે દાંડીના સમુદ્રમાં સ્નાન કરી પ્રાતઃ કાળે વડના વૃક્ષ નીચે બેસીને એ સંતપુરુષે હિંદ પરના બ્રિટિશ શાસનનો અંત લાવવા માટે આખરી લડતની હાકલ કરી હતી. તેને પરિણામે સમગ્ર ભારતમાં પ્રચંડ સત્યાગ્રહ આંદોલનનો પ્રારંભ થયો. જે સ્થળે બેસી ગાંધીજીએ હિંદની જનતાને સત્યાગ્રહ માટે હાકલ કરી હતી તે જગ્યા આજે 'ગાંધી સ્મારક' તેમજ 'ગાંધીસ્મૃતિ મંદિર' તરીકે ઓળખાય છે.

આ જ જગ્યા પર વડના વૃક્ષની નીચે બેસીને ગાંધીજીએ દેશ માટે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે 'ગાંધી વચનો' તરીકે શિલાલેખો ઉપર કંડારાયેલા છે.



### ગાંધી વચનો

"ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો. હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું એ જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. સત્યની આ સાધના એ ભક્તિ છે ને ભક્તિ એ શીશતણું સારું છે અથવા તો હરિનો મારગ હોય તેમાં કાયરતાને સ્થાન નથી. તેમાં હાર જેવું છે જ નહિ, એ મરીને જીવવાનો મંત્ર છે. અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવા ઓતપ્રોત છે જેમ સિક્કાની બે બાજુઓ અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઊલટી કઈ અને સુલટી કઈ? છતાં અહિંસાને સાધન ગણીએ અને સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે. તેથી અહિંસા પરમ ધર્મ થયો. સત્ય પરમેશ્વર થયું. સાધનની ફિકર કર્યા કરીશું તો સાધ્યનાં દર્શન કોઈક દિવસ તો કરીશું જ !"

ગાંધીજીના આ શબ્દો આજે પણ ગાંધીસ્મૃતિ મંદિરના શિલાલેખો દ્વારા આપણે વાંચી શકીએ છીએ.

ગાંધીજીએ શા માટે માત્ર દાંડીને જ સત્યાગ્રહ માટે પસંદ કર્યું ? આ પ્રશ્નનો જવાબ આપતા ગાંધીજીએ કહ્યું હતું કે, "આ દાંડીની પસંદગી મનુષ્યની નથી પણ ઈશ્વરની જ છે. જયાં અનાજ ન મળે, જયાં પાણીના અભાવનો ભય હોય, જયાં હજારો માણસો અગવડતાથી આવી શકે, જયાં પહોંચવા માટે સ્ટેશનથી દસ માઇલ ચાલવું પડતું હોય, પગપાળે આવનારને કાદવ-કીચડથી ભરેલી ખાડી ઓળંગવી પડતી હોય એવી ખૂણે પડેલી જગ્યાએ સત્યાગ્રહનો મોરચો કેમ મંડાતો હશે ? પણ સાચી વાત તો એ છે કે આ લડત જ સહન કરવાની છે, ગરીબ વર્ગના દષ્ટિબિંદુથી આ કાયદો 'નમક-કાયદો' મને સૌથી અન્યાયી લાગ્યો છે. 'સ્વરાજ વિના હું આશ્રમનું દર્શન કરવાનો નથી, કાગડા, કૂતરાને મોતે મરીશ, પણ પાછો ફરવાનો નથી.' હિંદુસ્તાનમાં ત્રીસ કરોડ લોકો દુઃખથી ઘેરાઈ ગયા છે. આ રાજતંત્રરૂપી પાશમાં બંધાયા છે અને જે તંત્રનો રાક્ષસી પંજો રંકથી રાય સુધી પહોંચી વળ્યો છે. તે રાજતંત્ર અને તે રાજનો સંહાર કરવા માટે આ ધર્મયાત્રાનું નિર્માણ થયું છે. એટલું આપણે યાદ રાખવાનું છે કે, કેવળ અંગ્રેજોની હિંદુસ્તાનમાંથી વિદાય એટલે સ્વરાજય ન ગણાય. સ્વરાજય એટલે હિંદુસ્તાનનો કારભાર પ્રજા તરફથી અને પ્રજાને અર્થે ચલાવવાની શક્તિ. એ શક્તિ માત્ર અંગ્રેજોના જવાથી કે તેમના નાશથી ન આવે, એ શક્તિ કરોડો મૂક ખેડૂતોના દુઃખ જાણવાથી, તેમની સેવા કરવાથી તેમજ તેમના પ્રતિ સંપાદન કરવાથી આવે."

### સૈફી વિલા

સૈફી વિલા દાંડીના દરિયા કિનારે તેમજ દાંડી ગામની પાછળના ભાગમાં આવેલી ઈમારત છે. અહીં ગાંધીજી પાંચમી એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી ૧૦ દિવસ રોકાયા હતા. પાંચમી એપ્રિલની સાંજે બાપુ સત્યાગ્રહીઓ સાથે અહીં આવ્યા. ૬ એપ્રિલની પ્રાતઃ કાળે ગાંધીજીએ દરિયામાં સ્નાન કરી પ્રાર્થના મંદિરમાં પ્રાર્થના કરીને આ જ ઈમારતની સામે કુદરતી રીતે પાકતા મીઠાને મુઠીમાં ઉપાડી આ નમક કાનૂનને તોડ્યો હતો.

સૈફી વિલાની વાત પણ રસપ્રદ છે. અમદાવાદથી દાંડી તરફ યાત્રા કરતી વખતે ગાંધીજી ભરૂચમાં રાત્રિરોકાણ માટે રોકાયા હતા. ત્યારે સૈફી સાહેબ (સૈફી વિલાના માલિક)ની ધર્મકથા ચાલતી હતી. તેમને ખબર પડી કે બાપુ દાંડી નમક સત્યાગ્રહ માટે જાય છે ત્યારે તેમણે બાપુ પાસે જઈને કહ્યું કે, "બાપુ, આપ દાંડી જાવ છો તો મારા મકાન 'સૈફી વિલા'માં રહેજો. આ ફક્ત મારો નહીં પણ આખા ગામનો મત છે." બાપુએ કહ્યું, "રહેવામાં વાંધો નથી પણ આગળ જતા તમને કોઈ તકલીફ તો નહીં પડે ને ?" ત્યારે સૈફી સાહેબે કહ્યું કે, "બાપુ, વધુમાં વધુ આ બ્રિટિશરો મારું મકાન લઈ લેશેને ? જે થવાનું હોય તે થશે પણ તમે મારા મકાનમાં જ રહેજો."

સૈફી વિલા ડૉ. સૈયદ તાહીર સૈફુદ્દીન સાહેબનું મકાન હતું. તેઓ દાઉદી વ્હોરા સંપ્રદાયના ૫૧મા ધર્મગુરુ હતા. ડૉ. સૈયદ તાહીર સૈફુદ્દીન સાહેબે આ બંગલાને ગાંધીજીની સ્મૃતિઓની યાદમાં દેશને આપવાનો નિર્ણય કર્યો. તેમણે ૧૯૬૧માં આ બંગલાને રાષ્ટ્રીય સ્મારક તરીકે દેશના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુને આપ્યો હતો. ત્યારથી આજ દિન સુધી આ સૈફી વિલા દાંડીયાત્રાની સ્મૃતિઓનું જતન કરી રહ્યું છે. અહીં દર વર્ષે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ,

શિક્ષકો, અભ્યાસીઓ તેમજ પ્રવાસીઓ મુલાકાતે આવે છે.

**માઈ સાહેબની દરગાહ**

દાંડી ગામમાં જ દાઉદી વ્હોરા સંપ્રદાયની દરગાહ છે. આ દરગાહ દાઉદી વ્હોરા સંપ્રદાયના લોકો માટે તીર્થ ક્ષેત્ર મનાય છે. અહીં મોહરમ તાઝિયાની ૨૩મી તારીખે ઉર્સ રાખવામાં આવે છે. આ દિવસે દેશ-વિદેશમાં વસતા વ્હોરા સંપ્રદાયના લોકો આ દરગાહમાં ઈબાદત કરવા પહોંચે છે.

**કરાડી ગામ**

આ ગામમાં ગાંધીજી મીઠાનો કાયદો સફળતાપૂર્વક તોડીને દાંડીથી ૧૪મી એપ્રિલ, ૧૯૩૦ના રોજ આવ્યા હતા. અહીં ૨૨ દિવસ સુધી એક પર્ણકુટિરમાં રહીને તેમણે અહિંસક ક્રાંતિની લડત ચલાવી હતી. આ કરાડી ગામમાં ગાંધીજીની પર્ણકુટિરની પ્રતિકૃતિ સમાન એવી જ પર્ણ કુટિર બનાવાયેલી છે, જેના દર્શન કરવા માટે દેશ-વિદેશના પ્રવાસીઓ અહીં આવે છે. કરાડી ગામ દાંડીથી લગભગ ચાર કિલોમીટરના અંતરે આવેલું છે. દાંડી પ્રવાસ વખતે અને દાંડી યાત્રાનો અભ્યાસ કરતી વખતે આ કરાડી ગામ એક ઐતિહાસિક સ્થળ છે, જે આપણને દાંડી યાત્રા, તેની પવિત્રતા અને તેના ઉદ્દેશ્યને સ્પષ્ટ રીતે સમજાવે છે. સત્ય, સાદગી, અહિંસા, સહકાર અને સ્વરાજનું આદર્શ ઉદાહરણ આપણે ગાંધીજીની આ પર્ણકુટિરના દર્શનથી પ્રત્યક્ષ રીતે જોઈ શકીએ છીએ. અહીંથી જ બાપુએ સ્વરાજપ્રાપ્તિના ભાગરૂપે ધારાસણાનાં મીઠાના અગરો લૂંટવાની જાણ કરતો પત્ર વાઈસરોયને લખ્યો હતો. તેના વ્યાપક પરિણામના ભયથી બ્રિટિશ સરકારે ૪ મે, ૧૯૩૦ની મધ્ય રાત્રિમાં જ ગાંધીજીની ધરપકડ કરી તેમને પુનાની યરવડા જેલમાં બંદીવાન કર્યા. તેના પ્રત્યાઘાત રૂપે સમગ્ર દેશમાં અહિંસક સત્યાગ્રહનાં આંદોલનો પ્રચંડ દાવાનળની જેમ સળગી ઊઠ્યાં અને આ કરાડી ગામ સ્વાધીનતાનાં અભિયાનનું સર્વોત્તમ સોપાન બની ગયું. આ સ્થળ ઉપર ગાંધીજી, સત્યાગ્રહીઓ, કસ્તૂરબા ઉપરાંત પંડિત નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, વિનોબા ભાવે, કાકા સાહેબ કાલેલકર, મોરારજી દેસાઈ, રવિશંકર મહારાજ, સ્વામી દયાનંદ, ગોકુળભાઈ ભટ્ટ, વેંકટ રામન વગેરે અનેક મહાનુભાવો પધાર્યા છે. આજે પણ દેશ-પરદેશના અનેક મહાનુભાવો આ પવિત્ર સ્થળની અવારનવાર મુલાકાત લે છે.

**મટવાડ ગામ**

કહેવાય છે કે જ્યાં આઝાદીની લડતના વહેણ વહેતાં હોય ત્યાં આવનાર પીઢી પણ તેના સંસ્કારોનું જતન કરે જ છે. એવી જ એક ઘટના આ મટવાડ ગામની પણ છે. દાંડીથી માત્ર ત્રણ કિલોમીટરનાં અંતરે મટવાડ ગામ આવેલું છે.

ભારતના સ્વાતંત્ર્યની 'હિંદ છોડો'ની આખરી લડત ઈ.સ. ૧૯૪૨ના ઑગસ્ટની ૨૨ તારીખે શનિવારે સાંજે પાંચ વાગ્યે પરદેશી શાસનનો સામનો કરતા ગોળી ઝીલીને પોતાના લોહીથી માતૃભૂમિને પવિત્ર કરનાર અને સ્વાતંત્ર્ય યજ્ઞમાં પોતાના પ્રાણનું બલિદાન આપનાર અહીંના કાંઠા વિસ્તારના ત્રણ શહિદોની પુણ્ય સ્મૃતિની યાદમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે. અહીં એ ઐતિહાસિક વડનું વૃક્ષ પણ છે, જેની પાછળ સંતાઈને ૨૨મી ઑગસ્ટ, ૧૯૪૨ના દિવસે બ્રિટિશ સરકારની પોલીસે કાંઠા વિભાગની સ્વાતંત્ર્યપ્રેમી જનતા પર ૩૨ રાઉન્ડ ગોળીબાર કર્યો હતા, જેમાં અનેક ઘવાયા હતા અને ત્રણ વીરો શહીદ થયા હતા.

**દાંડીનો દરિયો**

ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો કુદરતી રીતે જ પ્રાપ્ત થયેલો છે. આ કિનારાઓમાં દાંડીનો દરિયો એક ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. પાણીમાં ખારાશથી ઓતપ્રોત, તેની લહેરોના આવતા-જતા પ્રવાહો ખૂબ જ સુંદર દૃશ્ય સર્જે છે. તેની ભરતી અને ઓટ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બને છે. દર વર્ષે લાખોની સંખ્યામાં દેશ-વિદેશના પ્રવાસીઓ દાંડીના દરિયામાં સ્નાન કરવાનો આનંદ માણે છે. વર્તમાનમાં દાંડી વિસ્તારને પ્રવાસીઓની અનુકૂળતાને અનુરૂપ સુશોભિત કરવામાં આવ્યું છે.

**સંદર્ભ :**


**પુસ્તક :**

૧. દાંડી કૂચ - ધીરૂભાઈ હીરાભાઈ પટેલ, નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ-૩૮૦ ૦૧૪ પ્રથમ આવૃત્તિ-૨૦૦૪

૨. જીવનનાં કેટલાંક સ્મરણો - કેદારનાથજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૧૪

**રૂબરૂ મુલાકાત :**

૧. રમણભાઈ ચીમનભાઈ સોલંકી - દાંડીકર, કેયર ટેકર ઑફ સૈફી વિલા - આર્કિયોલોજિકલ ડિપાર્ટમેન્ટ ઑફ બરોડા

૨. મોહનભાઈ દાંડીકર
દાંડી ગામના ગાંધીવાદી નાગરિક

૩. ધીરૂભાઈ હીરાભાઈ પટેલ
દાંડી ગામના ગાંધીવાદી અને સમાજસેવક



**લેખિકા : એચ. આર. શાહ મહિલા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, નવસારીમાં વિઝિટિંગ લેક્ચરર છે**

# પ્રવાસન ક્ષેત્રે ગુજરાત

● મુસ્તુફા જે. મનસુરી ●



કચ્છનું રણ

જેટલો જૂનો માનવીનો ઈતિહાસ છે, તેટલો જ જૂનો પ્રવાસનો ખ્યાલ છે. માનવી પોતાની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા પ્રવાસ (ભટક્યા) કરતો હતો. કાળક્રમે તે પગે ચાલીને, જાનવરો પર સવાર થઈ પ્રવાસ-યાત્રા કરતો રહ્યો છે. શોધખોળોને પરિણામે દરિયાઈ માર્ગ, જમીન માર્ગ તેમજ હવાઈ માર્ગે પ્રવાસ કરતો થયો છે. જેમાં પોતાની અવનવી જરૂરિયાતો સંતોષવા ધંધાકીય હેતુથી, સારવારના હેતુથી, મનોરંજન માટે તેમજ આનંદ મેળવવા, નવી શોધ કરવાના હેતુથી, અભ્યાસ માટે શૈક્ષણિક હેતુથી પ્રવાસ કરતો હતો. પ્રવાસનું પ્રમાણ વધતાં પ્રવાસી દ્વારા જુદી જુદી સેવાઓ તેમજ સુવિધાઓની માંગ થવા લાગતાં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ થવા લાગ્યો. જે આજે સમગ્ર વિશ્વના, ભારતના તેમજ ગુજરાતના વિકાસ માટેનું ચાલકબળ બની રહ્યો છે.

પ્રવાસના ઈતિહાસ તરફ નજર કરીએ તો ભૂતકાળમાં અવનવી શોધો માટે, બીજો પ્રદેશ જીતી લેવાના ઈરાદાથી, લૂંટફાટ કરવા, જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, ચીની યાત્રી ફાહાન (ચંદ્રગુપ્તના શાસનકાળ દરમિયાન ઈ.સ. ૩૯૯), ચીની યાત્રી હેનસંગ (સમ્રાટ હર્ષવર્ધનના શાસનકાળ દરમિયાન ઈ.સ. ૬૨૯), અલ બરૂની મહંમદ ગઝનવી સાથે (ઈ.સ. ૧૦૩૦), વાસ્કો-દ-ગામા કાલિકટ બંદર શોધાયું (ઈ.સ. ૧૪૯૮), જેમાં આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ જ્ઞાનપ્રાપ્તિ માટે ઈંગ્લૅન્ડનો શૈક્ષણિક પ્રવાસ કરી બેરિસ્ટર બન્યા, (૧૦મી ઑગસ્ટ, ૧૮૮૮થી ૧૨મી જૂન, ૧૮૯૧). તે પછી બેરિસ્ટર તરીકેની કારકિર્દી વિકસાવવા દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયા (એપ્રિલ, ૧૮૯૩). જ્યારે તેઓ સ્વદેશ પરત આવ્યા તે દિવસ ૯મી જાન્યુઆરી, ૧૯૧૫ના દિવસને ૮૮ વર્ષ બાદ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજથી ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાયીજીએ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવવાનું શરૂ કરી આપણા રાષ્ટ્રપિતાની જિંદગીના મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક વૈચારિક વારસાને હાલની નવી પેઢી સમક્ષ ઉજાગર કર્યા. જે દિવસને સમગ્ર ભારતભરમાં પોતાના રાજ્યના વતની હોય અને ધંધાર્થે વિદેશમાં વસવાટ કરતા હોય તેવા નાગરિકોને પ્રવાસી ભારતીય દિવસના રોજ વિશેષરૂપે આવકારી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરે છે. જે તમામ ભારતીયોને એક તાંતણે બાંધવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જે અન્વયે તાજેતરમાં ૧૩મો પ્રવાસી ભારતીય દિવસ ગુજરાતમાં ઉજવાયો. જે ગુજરાતના પ્રવાસ ક્ષેત્રના વિકાસની યાત્રા દર્શાવે છે.

● **પ્રવાસન ક્ષેત્રે ગુજરાત**

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, કારણ કે ગુજરાત પાસે હડપ્પન સંસ્કૃતિથી શરૂ કરી મોગલ સામ્રાજ્ય સુધીનો ૪૫૦૦ વર્ષથી પણ વધુ સમયનો ભવ્ય ઐતિહાસિક વારસો છે. જે જોનાર પ્રવાસીને ઐતિહાસિક સંસ્કૃતિનો સ્પર્શ કરાવે છે.

ગુજરાત વિભૂતિઓની ભૂમિ રહી છે, જ્યાં રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીબાપુ અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા જેવા સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન સૂત્રધારોની જન્મભૂમિ આવેલી છે તેવા ગુજરાતનો પ્રવાસ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

ધાર્મિક સ્થાનોમાં ભગવાન શ્રી શિવજીના બાર જ્યોતિર્લિંગમાંનું એક સોમનાથ જ્યોતિર્લિંગ અને દ્વારકા નગરી

જેની રચના ભગવાન શ્રીકૃષ્ણએ કરી હતી. તેમજ યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝનો દરજ્જો પામેલ પાવાગઢ મંદિર જે જગ પ્રસિદ્ધ સંગીતકાર બૈજુ બાવરાનું જન્મસ્થળ છે. અક્ષરધામ-ગાંધીનગર તદ્ઉપરાંત તાજેતરમાં વર્લ્ડ હેરિટેઝ સ્થળોમાં સમાવેશ પામેલ રાણકી વાવ - પાટણ, શક્તિપીઠ અંબાજી, સરખેજ રોજા, કલાત્મક કોતરણીવાળી સીદી સૈયદની જાળી, ૯૯૯૦ પગથિયાં ધરાવતો ગિરનાર પર્વત, પારસીઓના ત્રણ પવિત્ર યાત્રાધામો ઉદવાડા, નવસારી, સુરત જેવા સ્થળો ગુજરાતના પ્રવાસે આવવા માટે દેશ-વિદેશના પ્રવાસીઓને મજબૂર કરે છે.

પશ્ચિમ ભારતનું માંચેસ્ટર અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટેનું હબ એવું ગુજરાત ૩૨૪૫ બનાવટોનું લાયસન્સ ધરાવે છે. તેમજ ૬૦થી વધુ ઉદ્યોગગૃહો જે મૂડીરોકાણકારો માટે ફળદાયી નીવડ્યા છે.

વિશાળ દરિયાકિનારો, પર્વતો, નદીઓ, વનરાજી ઉપરાંત વિશ્વમાં ક્યાંય નથી એવું કચ્છનું સફેદ રણ છે.

જંગલના રાજા સિંહ ગીરના જંગલોમાં જોવા મળે છે. જે પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણ છે.

ગુજરાતે પ્રવાસનને વિવિધતાસભર જેમ કે મેડિકલ પ્રવાસન, હેરિટેઝ પ્રવાસન, વેપારી પ્રવાસન, આરોગ્ય પ્રવાસન, આધ્યાત્મિક પ્રવાસન, મનોરંજન અને પર્યાવરણ પ્રવાસન, પ્રસંગ પ્રવાસન બનાવી અમદાવાદ, અમદાવાદ ગ્રામ્ય, સુરત, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, જામનગર, કચ્છ જેવા વિવિધ શહેરોના મુખ્ય સ્થળોએ રહેલા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરી છે.

ગુજરાતે આર્થિક અને સામાજિક વિકાસના એન્જિન તરીકે પ્રવાસન ક્ષેત્રને વિકસાવવાની શરૂઆત કરી, નવા નવા પ્રોજેક્ટો રજૂ કરી વિકાસની નવી કેડી કંડારી સમગ્ર દેશમાં સૌ પ્રથમ પ્રવાસન ક્ષેત્રને વિવિધ Tourism Hubમાં તબદીલ કરેલ છે.



ધોળાવીરા

વિવિધ પ્રવાસનના બહોળા વિકાસ કાર્યમાં ઉત્તમ રાજ્યનો 'નેશનલ ટુરિઝમ ૨૦૧૨-૧૩' એવોર્ડ ગુજરાતના પ્રવાસન વિભાગને કેન્દ્ર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો છે.

'Experience is the best teacher'ની કહેવત મુજબ લોકોમાં જાતે જગતને જોવું અને જાણવુંનો ખ્યાલ વિકસ્યો છે. જેનું મહત્ત્વ ગુજરાતની મુલાકાતે આવેલ પ્રવાસીઓ અંગેની આંકડાકીય માહિતી તરફ દૃષ્ટિપાત કરતાં વધુ સ્પષ્ટ થશે.

જ્યારે વિદેશી પ્રવાસીઓમાંથી ભારતના પ્રવાસે આવતા પ્રવાસીઓની પસંદમાં ગુજરાતનો ક્રમ સરેરાશ ૧૪મા ક્રમાંકે નોંધાયો છે. જે ક્ષેત્રે ગુજરાતે વધુ પ્રયત્નો કરવા જરૂરી બન્યા છે.

| વર્ષ | ગુજરાતી પ્રવાસી | ભારતીય પ્રવાસી અન્ય રાજ્યોમાંથી આવેલ | બિનનિવાસી ભારતીય અને વિદેશી પ્રવાસી |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૫૭૭૯૯૫ | ૨૦૮૨૧૪ | ૬૯૫૯૪ |
| ૨૦૦૪ | ૫૯૧૨૫૯ | ૧૭૯૭૦૫૮ | ૫૯૯૪૨ |
| ૨૦૦૫ | ૭૩૦૭૩૯૩ | ૨૦૮૨૧૧૩ | ૧૨૪૭૩૯ |
| ૨૦૦૬ | ૯૩૪૫૮૩૭ | ૨૪૭૮૯૦૩ | ૨૦૬૩૯૯ |
| ૨૦૦૭ | ૧૦૬૮૧૫૮૬ | ૨૬૭૯૩૧૨ | ૨૨૦૫૭૬ |
| ૨૦૦૮ | ૧૨૧૯૪૭૧૦ | ૩૧૪૩૦૬૧ | ૨૭૮૧૯૮ |
| ૨૦૦૯ | ૭૪૪૪૩૧૧ | ૨૦૧૩૦૫૯ | ૧૬૦૮૧૭ |
| ૨૦૧૦ | ૧૪૫૯૩૪૧૬ | ૪૨૬૭૮૮૦ | ૩૮૨૦૧૨ |
| ૨૦૧૧ | ૧૬૪૫૨૬૩૧ | ૪૬૧૮૮૪૭ | ૪૨૩૯૨૫ |

**નોંધ :** વાર્ષિક આંકડાકીય માહિતી જાન્યુઆરીથી ડિસેમ્બર મહિના પ્રમાણે છે.

**પ્રાપ્તિસ્થાન : ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**

**લેખક આર.સી. કૉલેજ ઑફ કોમર્સ, દિલ્હીચકલા, અમદાવાદમાં અર્થશાસ્ત્ર વિષયમાં આસિ. પ્રોફેસર છે.**

# ગુજરાતના પ્રવાસન સ્થળો

• પ્રો. ડી. એમ. રોહિત •




'અતિથિ દેવો ભવઃ'ની સંસ્કૃતિ ધરાવતો 'ભરતખંડ' વિશ્વમાં અજોડ છે. મહેમાન કે અતિથિને દેવ તરીકે માનીને તેનું સ્વાગત કરવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે પ્રવાસન એટલે શું ? તેનું અર્થતંત્રમાં શું મહત્ત્વ રહેલું છે ? પ્રવાસે જવું તો ક્યાં જવું ? કેટલા સમય માટે અને ક્યારે જવું ? વગેરે જેવા અનેક પ્રશ્નો પ્રવાસનું આયોજન કરતી વ્યક્તિઓ કે પ્રવાસ સંચાલકો માટે મહત્ત્વના બની જાય છે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીએ તો કહી શકાય કે વિશ્વપ્રસિદ્ધ પ્રવાસીઓ ભારતભ્રમણ માટે આવ્યા હતા. સમુદ્રી પ્રવાસ દરમ્યાન જ કોલંબસને ૧૪૯૨માં અમેરિકા ખંડની જાણ થાય છે, જ્યારે ૧૪૯૮માં વાસ્કો-દ-ગામા ભારતના કાલીકટ બંદરે આવી પહોંચે છે. દરિયાઈ માર્ગે પૃથ્વીની સૌ પ્રથમ પ્રદક્ષિણા કરનાર સ્પેનીસ સાહસિક મેંગેલન પણ ૧૫૨૨માં વિશ્વપ્રવાસે જ નીકળ્યો હતો.

**પ્રવાસ એટલે શું ?**

સામાન્ય જીવનશૈલીમાંથી ઉદ્ભવતો કંટાળો દૂર કરવા માટે પોતાના રહેવાના અથવા તો કામ કરવાના સ્થળેથી ચોવીસ કલાકથી ઓછા નહીં અને એક વર્ષથી વધારે નહીં તેટલા સમય માટે દૂર દૂર જઈને સ્વગૃહે પાછા ફરવાના સ્પષ્ટ આશયવાળા એકથી વધારે વ્યક્તિઓના સમૂહ દ્વારા આરામપૂર્વક કરવામાં આવતા આવાગમનને પ્રવાસ કહેવામાં આવે છે.''

અદ્યતન પ્રવાસના પિતા તરીકે થોમસ કૂકને ઓળખવામાં આવે છે. તેઓએ ૫ જુલાઈ, ૧૮૪૧ના રોજ પ્રથમ વ્યવસાયિક ટૂરનું આયોજન કર્યું હતું. ભારતમાં ૧૯૬૬માં Indian Tourism Development Corporationની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ ૧૯૮૪માં રાષ્ટ્રીય વિકાસ પરિષદની ભલામણને ધ્યાનમાં રાખીને પ્રવાસનને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ૧૯૮૯ સુધી પ્રવાસન વિભાગ વાણિજ્ય મંત્રાલયનો એક ભાગ હતું પરંતુ ૧૯૯૦માં પ્રવાસન મંત્રાલયની રચના કરવામાં આવી હતી.

**પ્રવાસન સ્થળો**

કોઈ પણ વ્યક્તિ કે વ્યક્તિઓએ પ્રવાસમાં જવું તો ક્યાં જવું જોઈએ તે વિષય કે સમસ્યા મહત્ત્વની હોય છે. બાળકો, યુવાનો તેમજ પ્રૌઢ અવસ્થા ધરાવતા લોકો માટે સ્થળની પસંદગી અલગ-અલગ હોય છે. સમગ્ર ભારતમાં અનેક સ્થળો પર્યટન સ્થળ તરીકે વિકાસ કરી ચૂક્યાં છે. ગુજરાતમાં આવેલાં વિવિધ પર્યટન સ્થળોની માહિતી આ પ્રમાણે છે :

ઘણાં એવાં નયનરમ્ય સ્થળો છે જ્યાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ શક્ય બન્યો છે. ઐતિહાસિક સ્થળો-સ્મારકો, વિશ્વવિરાસતમાં સ્થાન પામેલાં સ્થળો તેમજ સમુદ્રના કિનારે પણ પ્રવાસન ઉદ્યોગનો વિકાસ શક્ય બને છે.

**પ્રવાસન સ્થળો**

↓

| **ગિરિમથકો** | **અભયારણ્યો** | **તીર્થધામ** | **અન્ય સ્થળ** |
|---|---|---|---|
| ગિરનાર | ગિર | દ્વારકા | સરદાર સરોવર |
| અંબાજી | પીરોટીન ટાપુ | સોમનાથ | શુકલતીર્થ |
| પાવાગઢ | ઘુડખર | પાલિતાણા | ગળતેશ્વર |
| સાપુતારા | રતનમહાલ | ડાકોર | કબીરવડ |
| ઈડર | હિંગોલગઢ | સાળંગપુર | ઉત્કંઠેશ્વર |
| બરડો વગેરે.. | નળસરોવર વગેરે.. | શામળાજી | ધરોઈ |

**પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે પ્રચાર**

કંપનીઓ દ્વારા કોઈ પણ ઉત્પાદનના વેચાણ માટે જાહેરાતનો સહારો લેવામાં આવે છે. તેવી જ રીતે પોતાના રાજ્ય કે દેશમાં રહેલાં વિભિન્ન પ્રવાસન સ્થળની માહિતી વિશ્વ સમક્ષ મૂકવી જરૂરી બની જાય છે. ઘણી વખત એવું બને છે કે આપણા વિસ્તારની માહિતી આપણી પાસે ન હોવાથી તે સ્થળની આપણે મુલાકાત લઈ શકતા નથી, પરંતુ સરકાર દ્વારા પ્રવાસન સ્થળોની માહિતી, તેનું ઐતિહાસિક કે સાંસ્કૃતિક મૂલ્ય વગેરે બાબતો જનહિતમાં જારી કરવામાં આવે છે, જે એક કળા છે, માર્કેટિંગ છે.

ગુજરાત સરકાર 'ખુશ્બુ ગુજરાત કી' જાહેરાત દ્વારા ગુજરાતના પ્રવાસન સ્થળોએ પર્યટકોને પધારવા માટે ભાવભીનું આમંત્રણ આપે છે.

**પ્રવાસન ઉદ્યોગની અસરો**

**(અ) આર્થિક અસરો**

૧. **રોજગારી :** પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થવાને કારણે રોજગારીની તકોમાં વધારો થાય છે. દુકાનો, હૉટેલો વગેરેને કારણે રોજગારી વધવા પામે છે. પ્રવાસન સ્થળની નજીક વસવાટ કરતા સ્થાનિક લોકોને રોજગારીનો સૌથી વધુ લાભ મળે છે.

૨. **વેપાર-વાણિજય :** પ્રવાસન સ્થળના વિકાસની સાથે સાથે પ્રત્યેક વસ્તુનો વેપાર શક્ય બને છે. રમકડાં, કાપડ, હસ્તકલા આધારિત વસ્તુઓ, બેકરી જેવા ધંધાને પ્રોત્સાહન મળે છે.


સોમનાથ મંદિર

૩. **હૉટેલ-ગેસ્ટહાઉસ-ધર્મશાળા :** પ્રવાસન ઉદ્યોગના વિકાસની સાથે પ્રવાસીઓને રહેવા-જમવાની ઉત્તમ સગવડ પૂરી પાડવી પડે છે. વ્યક્તિ પોતાની આવક અનુસાર ખર્ચ કરતો હોવાથી કક્ષા પ્રમાણે ખર્ચ કરવાની હિંમત કરે છે, જેથી ફાઈવસ્ટાર હૉટલો જેવી વ્યવસ્થાની પણ જરૂરિયાત ઊભી થાય છે.

**(બ) સામાજિક અસરો**

૧. **આરોગ્યના પ્રશ્નો :** પ્રવાસનના સ્થળે પર્યટકોની સંખ્યા વધુ રહેવાને કારણે આરોગ્યના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અશુદ્ધિ ધરાવતો આહાર અને પાણી સમસ્યા ઊભી કરે છે. ઉપરાંત પર્યટકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને દવાખાનાં કે હૉસ્પિટલોની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

૨. **કેફી દ્રવ્યની હેરાફેરી :** પ્રવાસને એક મોજમજા તરીકે ગણતા પર્યટકો કેફી દ્રવ્યના ભોગ બની જાય છે. પરિણામે પર્યટન સ્થળે મનાઈ હોવા છતાં પણ કેફી દ્રવ્યની હેરાફેરી શક્ય બની જાય છે.

૩. **બાળમજૂરી :** પર્યટન સ્થળના પ્રવાસીઓ માટે ઝડપથી વ્યવસ્થા કરવા માટે ઓછા ખર્ચમાં બાળમજૂરો મળી જતા હોય છે. જેઓ સૌથી ઓછી કિંમતમાં પર્યટકની સૌથી વધુ સેવા કરે છે. પ્રવાસન સ્થળોમાં બાળ યૌન શોષણના કિસ્સા પણ વધતા જાય છે.

૪. **પ્રદૂષણ :** પર્યટનના સ્થળે આનંદથી મહેમાનગતિ કર્યા બાદ લોકો સ્વગૃહે પાછા ફરતા હોય છે ત્યારે નકામી ચીજવસ્તુઓ ત્યાં જ છોડી દેતા હોય છે. પાણીના પાઉચ-બોટલ, પ્લાસ્ટિકના નાના પેક, વધારાનો નાસ્તો કે ખાવા-પીવાની અન્ય ચીજો ગમે ત્યાં ફેકતા હોય છે, જેથી પર્યટન સ્થળે પ્રદૂષણનું પ્રમાણ વધી જવા પામે છે.

**ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા** **(સંખ્યા લાખમાં)**

| ક્રમ | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાતી | ૧૧૧.૨૮ | ૧૨૨.૮૫ | ૧૩૦.૭૭ | ૧૫૦.૫૨ | ૧૭૧.૭૬ |
| ૨. | અન્ય રાજ્ય | ૨૭.૬૬ | ૩૨.૨૭ | ૩૬.૨૪ | ૪૩.૫૫ | ૪૭.૨૮ |
| ૩. | NRI | ૨.૨૯ | ૨.૯૫ | ૩.૧૦ | ૩.૯૫ | ૪.૬૦ |
| ૪. | કુલ | ૧૪૧.૨૩ | ૧૫૮.૦૭ | ૧૭૦.૧૧ | ૧૯૮.૧૨ | ૨૨૩.૬૪ |

Source : Statistical Abstract of Gujarat State-2012

**લેખક કિશનદાસ કિકાણી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ધંધુકામાં, અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રાધ્યાપક છે.**

# ભારતમાં રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની ભૂમિકા

• મનોજકુમાર સિન્હા •

**પરિચય**

ન્યાયની પ્રાપ્યતા એ સૌથી મોટો પાયાનો માનવ-અધિકાર છે અને તેના વગર ઘણા બધા માનવ-અધિકારો માત્ર કાગળ ઉપર જ રહી જાય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ-ઈન્ટરનેશનલ કોવેનન્ટ ઓન સિવિલ ઍન્ડ પોલિટિકલ રાઈટ્સના આર્ટિકલ ૧૪(૩)(ડી)માં જણાવાયું છે કે,

...તેની હાજરીમાં ખટલો ચલાવવાનો અધિકાર અને તેની પોતાની પસંદની કાનૂની સહાયતા અથવા વ્યક્તિની પોતાની જાતની સુરક્ષા, આ અધિકાર અંગે જો તેને કાનૂની સહાયતાની જાણ ન હોય તો જાણ કરવી અને તેને કાનૂની સહાયતા પૂરી પાડવી અને ન્યાયના હિતમાં જરૂરી હોય તો તે પ્રમાણે - જો તેની પાસે - કાનૂની સહાયતા માટે પૈસા ન હોય તો આવા કેસમાં તેને કોઈ પણ પૈસાની ચૂકવણી વગર કાનૂની સહાયતા પૂરી પાડવી...

આર્ટિકલ ૧૪(૩)માં કાનૂની સહાય માટેની આ જોગવાઈ એ કોઈ પણ ગુનાહિત આરોપો નક્કી કરવામાં સંપૂર્ણ સમાનતા સાથે દરેક વ્યક્તિને કેટલાક લઘુતમ અધિકારો મેળવવાનો હક્ક છે. આથી વિનામૂલ્યે કાનૂની પરામર્શનો અધિકાર-સમાનતાના પાયા ઉપર આધારિત છે. જો કે આ અધિકાર એ માત્ર ગુનાહિત ન્યાયપદ્ધતિના સંદર્ભમાં જ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

ભારતીય બંધારણ મફત કાનૂની સહાયનો અધિકાર એ મૂળભૂત પાયાના અધિકાર તરીકે ઉપલબ્ધ કરાવતું નથી, પરંતુ 'રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો' હેઠળ આર્ટિકલ ૩૯-એ નિર્ધન વ્યક્તિને સાંકળતા તમામ કેસોમાં મફત કાનૂની સહાય પૂરી પાડવાની જોગવાઈ કરે છે. બંધારણની કલમ ૩૯(એ)માં જણાવાયું છે કે ....સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે ન્યાયને ઉત્તેજન આપતી કાનૂની પદ્ધતિની કામગીરી સમાન તકોના આધાર પર હોય અને ખાસ કરીને આર્થિક અથવા અન્ય અસમર્થતાને કારણે કોઈ નાગરિકને ન્યાય મેળવવાની તકથી વંચિત કરવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વિધેયક અથવા યોજનાઓ અથવા અન્ય કોઈ પણ પ્રકારે તેમને મફત કાનૂની સહાય પૂરી પાડવામાં આવે...

સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે, ગરીબ અને લાયક વ્યક્તિને કાનૂની સહાય એ બંધારણના આર્ટિકલ ૨૧માં જણાવ્યા અનુસાર વ્યક્તિગત સ્વતંત્રતાનો ભાગ છે. એમ. એચ. હોસ્કોટ વિરુદ્ધ મહારાષ્ટ્ર સરકારના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે, કોઈ પણ નાગરિક માટે મફત કાનૂની સહાય એ આર્ટિકલ ૨૧માં આપેલી છે, જેમાં વાજબી, ન્યાયી અને યોગ્ય પ્રક્રિયા આવશ્યક ઘટકો તરીકે સામેલ છે.

આ કેસમાં ન્યાયમૂર્તિ ક્રિષ્ના ઐયરે નોંધેલું છે કે —

જો જેલવાસમાં મોકલાયેલો કેદી કાનૂની સહાયના અભાવે અપીલમાં જવાના તેના બંધારણીય અને કાનૂની અધિકારોનું પાલન કરવામાં સંપૂર્ણ અસમર્થ હોય તો તેવા કેસમાં બંધારણની કલમ ૨૧ અને ૩૯-એ સાથેના આર્ટિકલ ૧૪માં જણાવાયું છે કે, આ પ્રકારની જેલવાસમાં રહેલી વ્યક્તિને વકીલ પૂરો પાડવાનો કોર્ટને અધિકાર છે.

'ખત્રી વિરુદ્ધ બિહાર સરકાર'ના એક અન્ય કેસમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, મફત કાનૂની સેવાનો અધિકાર એ વાજબી, યોગ્ય અને ન્યાયી પ્રક્રિયા માટે આર્ટિકલ ૨૧ હેઠળ કોઈ પણ ગુનાનો સામનો કરી રહેલા આરોપી વ્યક્તિના અધિકારનો એક ભાગ છે. રાજ્ય સરકાર નાણાકીય અથવા વહીવટી સસમર્થતા દર્શાવીને ગરીબ આરોપીઓને તેમના મફત કાનૂની સેવાની જવાબદારીથી છટકી શકે નહીં. નિર્ધનતાને કારણે પોતાની કાનૂની સહાય મેળવવા માટે અસમર્થ એવા આરોપી વ્યક્તિને મફત કાનૂની સેવા પૂરી પાડવી એ સરકારની બંધારણીય ફરજ છે અને આ માટે સરકારે જે કંઈ પણ કરવું પડે તે કરવું જોઈએ.

શીલા બારસે વિરુદ્ધ કેન્દ્ર સરકારના કેસમાં સર્વોચ્ચ અદાલતે કલમ ૧૪, ૨૧ અને ૩૯-એ હેઠળ મફત કાનૂની સહાય પૂરી પાડવાની સરકારની ફરજ હોવાનું ઠરાવ્યું હતું. આ કેસમાં અદાલતે કેટલાક વકીલોના વલણ અંગે પોતાની નાખુશી દર્શાવી હતી અને ન્યાયમૂર્તિ ભગવતીએ તકલીફ હેઠળ રહેલા લોકો તરફ વકીલોની ફરજ ઉપર સ્પષ્ટ ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે,

...વકીલોએ ગરીબ, નિરક્ષર અને ઉપેક્ષિત લોકો કે જેઓ ગુનાઓના આરોપોનો સામનો કરી રહ્યા હોય અથવા જેલવાસનો સામનો કરી રહ્યા હોય અને જેમને ક્યાં જવું, કોની પાસે જવું કે ક્યાંથી મદદ મેળવવી તે જાણતા ન હોય

તેવી વ્યક્તિઓને માનવતાના આધારે હકારાત્મક અભિગમથી અચૂકપણે મદદ કરવી જોઈએ. જો વકીલો ખૂબ જ તકલીફ હેઠળ રહેલા લોકોની મદદે આવવાને બદલે તેમનું શોષણ કરશે કે તેમનામાંથી કમાણી કરશે તો કાનૂની વ્યવસાયની આબરૂને ધક્કો લાગશે અને દેશના લોકો વકીલોમાંથી વિશ્વાસ ગુમાવી દેશે, જેને પરિણામે લોકશાહી અને કાયદાના શાસનને નુકસાન પહોંચશે.

સુખદાસ વિરુદ્ધ અરુણાચલ પ્રદેશના કેસમાં સર્વોચ્ચ અદાલત એક ડગલું આગળ વધીને સરકારને તેની બંધારણીય ફરજની યાદ અપાવે છે. સર્વોચ્ચ અદાલતે મફત કાનૂની સેવા પૂરી પાડવી અને તેને તાર્કિક અંત સુધી પહોંચાડવી એ સરકારની બંધારણીય ફરજ હોવાનું જણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે. મફત કાનૂની સેવાનો ગરીબ માણસનો અધિકાર જો તેના દ્વારા માંગણી કરવામાં ન આવે તો પણ તેને મળવો જોઈએ. આરોપીને મફત કાનૂની સહાય પૂરી પાડવામાં નિષ્ફળતા એ આરોપીએ કાનૂની સેવાની મદદ માગી નહીં હોવા છતાં તે ખટલાને અયોગ્ય બનાવી દે છે.

આર્થિક ગુનાઓ કે વેશ્યાવૃત્તિને લગતા ગુનાઓ કે પછી બાળકોના શોષણના ગુનાઓમાં આરોપી વ્યક્તિને કાનૂની સેવા પૂરી પાડવી જોઈએ નહીં તેવી દલીલને પણ અદાલતે ઠુકરાવી દીધી છે. અદાલતે કહ્યું છે કે, જ્યાં સુધી કોઈ વ્યક્તિ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી દરેક વ્યક્તિ નિર્દોષ છે તેવી ધારણા દરેક પ્રકારના આરોપીઓને લાગુ પડે છે અને આ પ્રકારના ગંભીર ગુનાના આરોપીઓને પણ મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર છે.

આમ એ હવે ખૂબ જ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે કાનૂની સહાયનો અધિકાર અને ઝડપી ન્યાય એ ભારતના બંધારણની કલમ ૨૧ દ્વારા સુનિશ્ચિત કરાયેલા માનવ-અધિકારનો જ એક ભાગ છે.

**કાનૂની સેવા સત્તામંડળ કાનૂન :**

કલમ ૩૯-એ હેઠળ કાનૂની સેવાઓ સત્તામંડળ કાયદો ૧૯૮૭ ઘડવામાં આવ્યો છે. આ કાયદો અંતે ૯મી નવેમ્બર, ૧૯૯૫થી અમલમાં આવ્યો છે. ૫મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ નેશનલ લીગલ સર્વિસીઝ ઓથોરિટી (NALSA) એક વૈધાનિક સંસ્થા તરીકે અસ્તિત્વમાં આવી છે. આ સંસ્થા કાયદાની જોગવાઈઓ હેઠળ કાનૂની સેવાઓને ઉપલબ્ધ બનાવવા માટે નીતિઓ અને સિદ્ધાંતો રચવા માટે બનાવવામાં આવી છે, જેના દ્વારા કાનૂની સેવાઓ માટે ખૂબ જ અસરકારક આર્થિક યોજનાઓ ઘડી કાઢવામાં આવે છે. આ કાયદામાં રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે કાનૂની સેવા સત્તામંડળોની રચના કરે છે. આ કાયદાના વિભાગ ૩(૨)(એ)માં જણાવાયું છે કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ આ સંસ્થાના પેટ્રોન ઈન ચીફ એટલે કે મુખ્ય આશ્રયદાતા રહેશે, જ્યારે સર્વોચ્ચ અદાલતના સેવારત કે નિવૃત્ત ન્યાયમૂર્તિને NALSA - નાલ્સાના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમવામાં આવશે. દરેક રાજ્યમાં રાજ્ય કાનૂની સેવાઓ સત્તામંડળની રચના કરવામાં આવશે, જેનું કાર્ય નાલ્સાની નીતિઓ અને નિર્દેશોનું પાલન કરવું, લોકોને મફત કાનૂની સેવાઓ પૂરી પાડવી તેમજ રાજ્યમાં લોક અદાલતનું આયોજન કરવાનું છે. રાજ્ય કાનૂની સેવાઓ સત્તામંડળના વડા તરીકે રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ રહેશે, જે તેના પેટ્રોન ઈન ચીફ એટલે કે મુખ્ય આશ્રયદાતા રહેશે.

રાજ્યની વડી અદાલતના સેવારત કે નિવૃત્ત ન્યાયમૂર્તિની તેના કાર્યકારી અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવશે. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દરેક જિલ્લામાં રચવામાં આવશે, જેનું કાર્ય કાનૂની સેવા કાર્યક્રમો અને યોજનાઓને જિલ્લા કક્ષાએ અમલી બનાવવાનું છે. જિલ્લાના જિલ્લા ન્યાયાધીશ તેના હોદ્દાની રૂએ અધ્યક્ષ રહેશે. તાલુકા કાનૂની સેવાઓ સમિતિઓ દરેક તાલુકા કે મંડળમાં સ્થાપવામાં આવશે જેનો હેતુ તાલુકામાં કાનૂની સેવાઓ પૂરી પાડવી અને લોક અદાલતોનું આયોજન કરવાનો છે. દરેક તાલુકા કાનૂની સેવા સમિતિના વડા તરીકે તે વિસ્તારમાં કાર્યરત સિનિયર સિવિલ જજ રહેશે જે હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ રહેશે.

આ કાયદાનો મુખ્ય હેતુ સમાજના નબળા વર્ગના લોકોને વિનામૂલ્યે સક્ષમ કાનૂની સહાય પૂરી પાડવાનો છે અને એ સુનિશ્ચિત કરવાનો છે કે આવા લોકો આર્થિક કે અન્ય કોઈ કારણોસર કાનૂની સેવાઓથી વંચિત ન રહે. આ કાયદાના વિભાગ ૨(૧)(સી) હેઠળ કાનૂની સેવાઓની વ્યાખ્યા કરવામાં આવી છે જે પ્રમાણે કાનૂની સેવાઓ એટલે - કોઈ પણ કેસમાં અથવા અન્ય કોર્ટ સમક્ષ અન્ય કાનૂની પ્રક્રિયા અથવા અન્ય સત્તામંડળ કે ટ્રિબ્યુનલ માટે કોઈ પણ સેવાઓ પૂરી પાડવી અથવા અન્ય કોઈ કાનૂની બાબત ઉપર સલાહ આપવાનો સમાવેશ થાય છે. NALSA - નાલ્સા એ સમાજના નબળા અને ગરીબ વર્ગના લોકોને મફત કાનૂની સહાયતા આપવા માટે જવાબદાર છે. લોક અદાલતોનું આયોજન કરીને લોકો વચ્ચેના વિવાદોનું સમાધાન કરવું તેમજ કાનૂની સહાય શિબિરનું આયોજન કરવાનું કાર્ય પણ તેને કરવાનું હોય છે.

સામાજિક કાર્યકરોને કાનૂની કૌશલ્ય માટે તાલીમ આપીને સમાજના નબળા વર્ગના લોકોના હિતોના રક્ષણ માટે સામાજિક કાનૂની પગલાં ભરવા જેવાં કાર્યો કેન્દ્રીય સત્તામંડળે આ કાયદા હેઠળ કરવાના હોય છે. તેણે વિશ્વવિદ્યાલયો, કાયદા માટેની કૉલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં ક્લિનિકલ કાનૂની શિક્ષણના

કાર્યક્રમો અને કાનૂની સહાય ક્લિનિક સ્થાપવાની હોય છે. કાનૂની સહાય કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા કેન્દ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાના સત્તામંડળોએ અન્ય સરકારી, બિનસરકારી સંસ્થાઓ તેમજ યુનિવર્સિટી અને કૉલેજો સાથે સંકલનમાં રહીને કાર્ય કરવાનું હોય છે. કાનૂની સેવા સત્તામંડળ કાયદો ૧૯૮૭ના વિભાગ ૧૨માં જણાવાયું છે કે, કેવા કેવા પ્રકારના લોકોને કાનૂની સેવાઓ પૂરી પાડવામાં આવે અને કાનૂની સેવા સત્તામંડળો અરજદારની પાત્રતાના ધોરણોની ચકાસણી બાદ અને સરકારી ખર્ચે વકીલ પૂરો પાડવાનું પ્રથમ દૃષ્ટિએ યોગ્ય જણાય તો તે કેસમાં તમામ કોર્ટ ફી ચૂકવવી અને તે કેસના સંબંધમાં અન્ય આકસ્મિક ખર્ચ પણ ચૂકવવાનો સમાવેશ થાય છે. જે વ્યક્તિને કાનૂની સહાય પૂરી પાડવામાં આવે છે તેને એક વખત કાનૂની સેવા સત્તામંડળ દ્વારા સમર્થન અપાયા બાદ તેણે કાનૂની કાર્યવાહી માટે કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી.

મફત અને સક્ષમ કાનૂની સેવા પૂરી પાડવાના ભાગરૂપે NALSA - નાલ્સાએ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (મફત અને સક્ષમ કાનૂની સેવા) નિયમન-૨૦૧૦ની રચના કરી છે. આ નિયમનના મુખ્ય મુદ્દાઓમાં જ્યાં વ્યક્તિની સ્વતંત્રતા કે જીવન સામે ખતરો હોય તેવા ખાસ કિસ્સાઓમાં નિયમિત ફી ચૂકવીને વરિષ્ઠ, સક્ષમ વકીલોની સેવાઓ પ્રાપ્ત કરવાનો સમાવેશ થાય છે.

એમાં કોઈ શંકા નથી કે કાનૂની સેવા સત્તામંડળ કાયદો ૧૯૮૭ની રચનાથી કાનૂની સહાય પૂરી પાડવાનું માળખું હવે સંપૂર્ણ અને યોગ્ય બની ચૂક્યું છે. NALSA - નાલ્સા તેની સ્થાપના થઈ ત્યારથી જ કાનૂની સેવા સત્તામંડળ કાયદો ૧૯૮૭ના હેતુઓના અમલીકરણ માટે ગંભીરતાથી પ્રયાસો કરી રહ્યું છે. અદાલત આધારિત કાનૂની સહાય પૂરી પાડવા ઉપરાંત NALSA - નાલ્સા દેશભરમાં વૈકલ્પિક વિવાદ ઉકેલ માટેના અભિયાનના ભાગરૂપે લોક અદાલતોના આયોજનમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. NALSA - નાલ્સા સામેનો સૌથી મોટો પડકાર નિરક્ષરતાને કારણે પોતાના અધિકારથી અજાણ એવા દેશની વસતિના મોટા હિસ્સા સુધી કેવી રીતે પહોંચવું તેનો છે. જનજાગૃતિ કાર્યક્રમોના ભાગરૂપે NALSAએ દેશભરમાં અનેક જગ્યાએ મોટી સંખ્યામાં રાષ્ટ્રીય, પ્રાદેશિક પરિષદો, કાર્યશિબિરો અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરેલું છે. આમ, હવે NALSA - નાલ્સા સમક્ષ સૌથી મોટો પડકાર જરૂરિયાતવાળા લોકોને મફત કાનૂની સેવા તેના ઘરના આંગણા સુધી પહોંચાડવાનો છે અને પડોશી, લૉ સ્કૂલ અને બિનસરકારી સંગઠનોને સામેલ કરીને આમ કરવું શક્ય છે.

**સમાપન**

આ કાયદામાં લોક અદાલતના ખ્યાલને વિવાદ ઉકેલ પદ્ધતિના વધુ સારા વિકલ્પરૂપે કાનૂની માન્યતા અને કાયમી સ્વરૂપ આપવામાં આવ્યું છે જેમાં યોગ્ય ન્યાય - કુદરતી ન્યાયના સિદ્ધાંતોને આધારે, સમાનતા અને સારા અંતરઆત્મા મુજબ મળી રહે છે. માનવ-અધિકારો માટેના વિવિધ માનવ-અધિકાર સંગઠન સંસ્થાઓ દ્વારા બનાવાયેલા તમામ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક માનવ-અધિકારના સાધનોથી એ ફલિત થાય છે કે ગરીબ અને વંચિત લોકોને સરકારી ખર્ચે કાનૂની સહાય પૂરી પાડીને તેમને ન્યાય ઉપલબ્ધ કરાવવો એ સૌથી મહત્ત્વપૂર્ણ માનવ-અધિકાર છે. જો સરકાર ગરીબ અને નિર્ધન લોકોને મફત કાનૂની સહાય પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો આ અધિકારો માત્ર આભાસી બની રહેશે. સામાન્ય ભાષામાં કહીએ તો માનવ-અધિકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરકારે કાનૂની સહાય માટે પૂરતું ભંડોળ ફાળવવું ખૂબ જ જરૂરી છે. રસપ્રદ વાત એ છે કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ ૨૦૧૨માં ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમમાં કાનૂની સહાયની પ્રાપ્યતા ઉપર સંયુક્ત રાષ્ટ્રના સિદ્ધાંતો અને માર્ગદર્શિકાનો સ્વીકાર કરેલો છે.

તેના સિદ્ધાંતો અને માર્ગદર્શિકા એ બાબતો ઉપર આધારિત છે જેમાં યોગ્ય રીતે કાર્ય કરતી કાનૂની સહાય પદ્ધતિની સ્થાપના માટે શ્રેણીબદ્ધ ઉપાયો કરવાનો સમાવેશ થાય છે. કાનૂની સહાય સાથે સંબંધિત આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વીકાર કરાયો હોય તેવું આ સૌપ્રથમ સાધન છે. ન્યાયની અસરકારક પ્રાપ્યતા સુનિશ્ચિત કરવા કાનૂની સહાયનો અધિકાર એ ખૂબ જ પાયાની વસ્તુ છે. આર્ટિકલ ૨૧માં ભારતીય બંધારણે માનવ-અધિકારોની વ્યાપક વ્યાખ્યા કરી છે, જેમાં લગભગ તમામ બાબતોનો સમાવેશ થઈ જાય છે. ભારતીય ન્યાયતંત્ર દ્વારા કાયદાને ગરીબ અને કચડાયેલા વર્ગના લોકોની સેવા માટે લાવવાનો પ્રયાસ કર્યો છે.

**મનોજકુમાર સિન્હા, ડાયરેક્ટર. નેશનલ લો ઈન્સ્ટિટ્યૂટ - નવી દિલ્હી. લેખકના માનવ-અધિકારો, માનવતાવાદી અને શરણાર્થી કાયદાઓ, બંધારણીય કાયદાઓ ઉપરના લેખો અને પ્રકાશનો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદા જર્નલોમાં પ્રસિદ્ધ થયેલા છે. તેઓ વિવિધ જર્નલોમાં સંપાદક બોર્ડમાં સભ્ય તરીકે સેવાઓ આપી રહ્યા છે. પ્રોફેસર સિન્હા કોલકતા ખાતેની વેસ્ટ બેંગાલ લૉ યુનિવર્સિટી ઑફ જ્યુડીસીયલ સાયન્સીઝમાં કાયદાના પ્રાધ્યાપક તરીકે કાયમી હોદ્દો ધરાવે છે.**

# ધંધા-વ્યવસાયના નફા અને લાભની આવક : ઇન્કમટેક્ષ રિટર્ન-૦૬ના સંદર્ભમાં...

• ડૉ. એન. એમ. મુનશી •

મુક્ત બજાર, મુક્ત અર્થતંત્ર અને મુક્ત વ્યાપારને, આર્થિક અને રાજકીય વિચારસરણી, મહત્ત્વના પરિબળ તરીકે મુલવે છે. ઔદ્યોગિક સાહસિકો આ વિચારધારાઓને, આર્થિક પરિવર્તનના કેન્દ્રીય બળ તરીકે મુલવે છે અને તે દેશના અર્થતંત્રની ગતિશીલતા અને સામાજિક સંસ્કૃતિને પ્રભાવિત કરે છે. આર્થિક વિકાસની સાથે સાથે, ઔદ્યોગિક અને વ્યાપાર જગતમાં, દેશના અર્થતંત્રને અસર કરી શકે તેવા ઠંડા અને ગરમ નાણાકીય પ્રવાહોનું સર્જન થતું રહે છે. આ નાણાકીય પ્રવાહોની સાથે સાથે સમાન્તર પ્રચ્છન્ન, અર્થતંત્રના વર્ચસ્વને મજબૂત કરતા જાય છે. તેના કારણે અર્થતંત્રમાં સ્થિરતા અને વિકાસ પ્રાપ્ત કરવા માટે સતત સંઘર્ષ કરતા રહેતા ઔદ્યોગિક એકમો અને માલેતુજાર ઔદ્યોગિક ગૃહો વચ્ચેનાં અંતર વધતાં જાય છે. સરકારની આર્થિક, નાણાકીય અને ઔદ્યોગિક નીતિઓ તથા વ્યૂહાત્મક આયોજનો, આ અંતર વચ્ચે સમતુલા જાળવવાનો પ્રયાસ કરે છે. તેમાં આવકવેરા તથા કંપની ધારાની જોગવાઈઓનું કાયદાકીય સ્વરૂપ, સરકારના વ્યૂહાત્મક આયોજનોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે તથા કંપની ધારાની જોગવાઈ, કંપનીઓના વાર્ષિક અહેવાલો અને હિસાબો, કંપની ધારાની જોગવાઈઓ ઉપરાંત IOIA એ રજૂ કરેલા હિસાબી ધોરણો, ઑડિટની પ્રતિક્રિયાઓ તથા ICWAના પડતર વિજ્ઞાનના માર્ગદર્શન મુજબ, કંપનીના નિષ્ણાત હિસાબનીસે તૈયાર કર્યા હોય છે. પરિણામે આ વાર્ષિક હિસાબોને સંપૂર્ણ વિશ્વાસપાત્ર હિસાબોનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. કંપનીઓએ ભરવા પડતા આવરવેરાની જોગવાઈઓ, આવકવેરા ધારા 1961માં સમાવી લેવામાં આવી છે તે અનુસાર કંપનીઓએ ITR-06 રજૂ કરવાના હોય છે. તેમાં પાકા સરવૈયા અને નફા-નુકસાન ખાતા સહિત છત્રીસ શિડ્યુલમાં હિસાબો અને તેના સંદર્ભની ઝીણામાં ઝીણી માહિતીઓ રજૂ કરવાની હોય છે, જે આવકવેરા વિભાગ માટે અમૂલ્ય દસ્તાવેજ અને પુરાવો બની જાય છે, જેના આધારે કંપનીની આવકોના મૂલ્યાંકનો અને આવકવેરાની ગણતરીઓની ચકાસણી કરવામાં આવે છે.

**કંપનીની કરપાત્ર આવક**

ITR-06માં કંપનીએ વિવિધ સ્રોતમાંથી જે આવકો પ્રાપ્ત કરી હોય તે સ્ત્રોતની તમામ વિગતો દર્શાવતા શિડ્યુલ્સ રજૂ કરવામાં આવ્યા છે.

Part-Aમાં પાકા સરવૈયાની વિગતો તથા નફા-નુકસાન ખાતાની વિગતો અને અન્ય માહિતીઓના પત્રકમાં, આવકવેરા ધારાની જોગવાઈઓ (૨૮ થી ૪૪)ના અમલીકરણની ચકાસણીની વિગતો દર્શાવવામાં આવે છે, જેના આધારે શિડ્યુલ BPમાં નફા-નુકસાન ખાતાના PBTનું પૂર્વ મૂલ્યાંકન કરી, Income Chargeable under the head of Profit or Gain from business or professionની ગણતરી કરવામાં આવે છે અને આવકનો સમાવેશ Part-Bમાં દર્શાવેલ 'Total Income'ના પત્રકમાં કરવામાં આવે છે. આ કુલ આવકમાંથી ચેપ્ટર VIA મુજબ મળી શકતી કપાતની રકમ બાદ કર્યા પછી ચોખ્ખી કરપાત્ર આવક નક્કી થાય છે. અને તેનો તુલનાત્મક અભ્યાસ આવકવેરા ધારાની જોગવાઈ 115 JB અને 115 JAA મુજબ તૈયાર કરવામાં આવેલ શિડ્યુલ MATની કરપાત્ર આવક સાથે કરી, બંનેમાંથી સૌથી વધુ હોય તે વેરો ભરવો પડતો હોય છે.

'Fill-up the blanks' સ્વરૂપનું ITR-06નું પત્રક અને તેના આધારે તૈયાર કરવામાં આવેલા કૉમ્પ્યૂટર પ્રોગ્રામિંગના કારણે કંપનીઓ માટે આ પત્રક તૈયાર કરવાની કાર્યવાહી ઘણી સરળ બની ગઈ છે.

આવકવેરા વિભાગ અને CBDTના સંનિષ્ઠ પ્રયાસો છતાં સમાજમાં તેમની કાર્યપદ્ધતિઓ અને કાર્યવાહીઓ સામે પ્રત્યાઘાતી અસરો પડતી હોય છે અને તેના કારણે ઔદ્યોગિક તેમજ વ્યાપારી સંગઠનોમાં અણગમો ઉદ્ભવ્યો છે. આ ગંભીર પ્રકારની પરિસ્થિતિના સંભવિત ઉકેલ માટે તથા આવકવેરા ધારાની જોગવાઈઓની ચકાસણી કરી, કરપાત્ર આવકની ગણતરીઓ અને તેના

મૂલ્યાંકનોની પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન લાવવાની સંભાવનાઓ વધુ પ્રજ્વલિત બનાવી શકાય તેમ છે. તે માટે અભ્યાસ લેખમાં કંપનીના PBTનો કુલ આવકમાં સમાવેશ અને કુલ આવક ઉપર વેરાની ગણતરી તથા જોગવાઈ 115 JBની ગણતરીઓને પડકારવામાં આવી છે અને સરકાર આવકવેરા ધારાની જોગવાઈઓ, કાર્યવાહીઓ અને પદ્ધતિઓમાં ખરેખર સરળતા લાવવા માગતી હોય તો, તે માટેના સૂચનો પણ આ અભ્યાસ લેખમાં કરવામાં આવ્યા છે.

આ અભ્યાસ લેખ, એ બાબતને ઉજાગર કરવાનો પ્રયાસ કરે છે કે, ''How the provisions of Income Tax Act, Dilute'', the tax revenue of the Government ? આ ઉપરાંત જોગવાઈઓની નબળી કડીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી, જોગવાઈઓને તર્કબદ્ધ માળખામાં કઈ રીતે રજૂ કરી શકાય તેના આધારણો કરવાનો પ્રયાસ કર્યો છે. પરિણામે' ''Maximizing Tax Revenue at the minimum tax rates applicable to the real taxable income of th Company''-ના અભિગમને સરળતાથી સમજાવી શકાય. અભ્યાસ લેખનો સૂત્રધાર મંત્ર નીચે મુજબ છે :

"Pay your income tax on your 'Net Revenue', before you decide, how to utilize your Net Revenue for your own interst"...

અગાઉ જણાવ્યું તે મુજબ કંપનીના PBTનું મૂલ્યાંકન કરી તેને કુલ આવકમાં સમાવી લેવામાં આવે છે, PBTની ગણતરીઓ આવક અને ખર્ચના સમીકરણને પ્રાધાન્ય આપે છે. નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવતા પરોક્ષ ખર્ચ અને જમા કરવામાં આવતી પરોક્ષ આવકોના મૂલ્યાંકનો અને ગણતરીઓના સંદર્ભમાં આવકવેરા અધિકારીઓ અને કરદાતાના અર્થઘટનો, હંમેશા સંવેદનશીલ બની જતા હોય છે. પરિણામે PBTની કુલ આવકમાં સમાવવાનો અભિગમ સાર્થક અને પર્યાપ્ત ગણી શકાય નહીં. આ ઉપરાંત જોગવાઈ 115 JB અનુસાર MATની કરપાત્ર આવકની ગણતરીઓ માટે નફાની જ ગણતરી કરે છે. તર્ક દ્વારા આ ખ્યાલને સમજાવી શકાય છે પરંતુ PBT ખરેખર 'કરપાત્ર આવક' તરીકે સાર્થક ગણી શકાય ખરો ? બૌદ્ધિક કૌશલ્યના ચમકારા દ્વારા નફો, ઊપજાવી કાઢવામાં આવેલો શબ્દ છે, જે ગેરમાર્ગ દોરે છે. આ મુદ્દાને નીચે મુજબ જોઈએ :

(૧) નફા-નુકસાન ખાતામાં દર્શાવેલો, PBT હકીકતમાં પરોક્ષ ધંધાકીય આવકો અને પરોક્ષ ખર્ચના સમીકરણોમાંથી પ્રાપ્ત થયેલી બચત છે, કારણ કે તેમાં પરોક્ષ ખર્ચનું પરિબળ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જે બચતના સ્વૈચ્છિક ધોરણો નક્કી કરવા માટે મદદરૂપ નીવડી શકે છે. પરિણામે બચત (PBT)ને કરપાત્ર આવક ગણી શકાય નહીં. પરિણામે કુલ આવકમાં તેનો સમાવેશ કરી તેના ઉપર વેરો આકારવાની જોગવાઈ તર્કબદ્ધ ગણી શકાય નહીં.

(૨) આવકવેરા ધારાની જોગવાઈ ૨૮માં **ધંધા-વ્યવસાયનો નફો લાભ**ના માથાળા માટે, કરપાત્ર આવકની સમાવેશી આવકો દર્શાવી છે. તેમાં Profit and Gainનો સમાવેશ કરવામાં આવ્યો છે અને જોગવાઈ ૨૯માં Profit and Gainની ગણતરીઓ માટે, જોગવાઈઓ ૩૦ થી ૪૩ ડી.નું અમલીકરણ કરવાનું જણાવાયું છે.

આ જોગવાઈઓના અભ્યાસ પછી પણ ધંધા-વ્યવસાયની ખરેખર કરપાત્ર આવકની કોઈ વ્યાખ્યા તારવી શકાતી નથી. પરિણામે ૨૮ થી ૪૩ ડી. સુધીની જોગવાઈઓના સંદર્ભમાં 'આવક' અને કરપાત્ર આવકનો જે અભિગમ કે ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે તેની પુનઃવિચારણા કરવી જરૂરી બની જાય છે. પરિણામે ધંધા-વ્યવસાયની 'ખરેખર કરપાત્ર ચોખ્ખી આવક'ની વ્યાખ્યા અને તેની સમજણ કેળવવી જરૂરી છે. જેથી કરીને કોઈ પણ પક્ષકારને આવકના સંદર્ભમાં દુવિધાઓ ઊભી થાય નહીં.

### (૧) આવકના સિદ્ધાંતો

સરકારની વેરાઓ સહિત વાર્ષિક આવકને રેવન્યુ તરીકે ઓળખવામાં આવે છે. હેતુલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા આવકનું સર્જન થતું હોય છે. ઔદ્યોગિક ગૃહો અને વ્યાપાર ક્ષેત્ર સાથે સંકળાયેલા એકમો, સઘન અને સતત ચાલતી પ્રક્રિયા અને કાર્યવાહીના પરિણામે ઉત્પાદન અને વ્યાપારની પ્રવૃત્તિઓ દ્વારા કાચા માલને, ઉત્પાદનની પડતર દ્વારા વેચાણપાત્ર પ્રોડક્ટમાં પરિવર્તિત કરે છે, જે તેના અંતિમ તબક્કામાં Revenue પ્રાપ્તિ (વેચાણ)ના સ્રોતમાં આવકનું સર્જન કરે છે. આ આવકને કરપાત્ર બનાવવા માટે Sales Revenue અને Cost of Salesના સમીકરણો દ્વારા ગણી કાઢવામાં આવે છે. એટલે કે

પરિવર્તિત આવકમાંથી તે પ્રવૃત્તિઓ પાછળ થતાં પ્રત્યક્ષ ખર્ચને બાદ કરવામાં આવે તો ચોખ્ખી આવકનું સર્જન થતું હોય છે. આ Net Revenue કાચા નફા તરીકે દર્શાવી, બૌદ્ધિક કૌશલ્યના ચમકારા દર્શાવવાની જરૂર નથી, કારણ કે કાચો નફો ઊપજાવી કાઢવામાં આવેલો કાલ્પનિક શબ્દ છે, જે ગેરમાર્ગે દોરે છે. પરિણામે કરપાત્ર આવક એટલે Net Revenue તેના સાચા અર્થમાં આવકવેરાની ગણતરી માટેનો મૂળભૂત સ્રોત છે. આવકવેરો એટલે આવક ઉપર આકારવામાં આવતો વેરો Net Revenue, કંપનીની વાસ્તવિક આવક છે તે આવકવેરાને પાત્ર બને છે. તેના સિદ્ધાંતો નીચે મુજબ રજૂ કર્યા છે :

– કંપનીની Revenue અને Net Revenueની ગણતરી માટે Costs and Revenue Account બનાવવું પડશે. કંપની ધારાની જોગવાઈઓ, ICAIના હિસાબી ધોરણો અને ઑડિટિંગના માર્ગદર્શક સિદ્ધાંતો તથા ICWAના પડતરના હિસાબોના વૈજ્ઞાનિક સિદ્ધાંતોના જાણકાર નિષ્ણાત હિસાબનીસ માટે આ ખાતાની રચના અને વિગતો નવી બાબત બનતી નથી.

– PBT એટલે અત્યંત કુશળતાપૂર્વક 'બચત' ને 'કરપાત્ર આવક'માં રજૂ કરવાનો બિનતાર્કિક અભિગમ, જ્યારે Net Revenue એટલે ખૂબ જ કાર્યદક્ષતાપૂર્વક, પ્રત્યક્ષ પડતરને, વાસ્તવિક આવકમાં રજૂ કરવાનો ન્યાયોચિત અભિગમ, પ્રત્યક્ષ પડતર, કાર્યદક્ષતાની સર્વોચ્ચ ક્ષમતાએ આવકનું સર્જન કરે છે.

– **Net Revenueની ભૂમિગત લાક્ષણિકતા :**

Net Revenue અને વેચાણનો ગુણોત્તર, કંપનીની કમાણીની ક્ષમતાને ઉજાગર કરે છે. આ ગુણોત્તર વધુમાં વધુ ઊંચો રાખવાનો અભિગમ કંપની અપનાવતી હોય છે. જેથી કરીને ધંધાના અન્ય પરોક્ષ ખર્ચ, સ્થાયી ખર્ચ સામે રક્ષણ મેળવી શકાય અને વધુમાં વધુ બચત પ્રાપ્ત કરી શકાય. જો આવકવેરાની આકારણી Net Revenue ઉપર કરવામાં આવે તો પરોક્ષ ખર્ચના ગણિતની માયાજાળનો સામનો કરવો પડશે નહીં. પરિણામે આવકવેરાની આવકમાં સાતત્ય મેળવી શકાશે, કારણ કે કંપની સ્વયમ્ Net Revenue અને વેચાણ ગુણોત્તરને ૧૦ ટકાથી ઓછી સપાટીએ લઈ જવાનો વિચાર પણ કરશે નહીં. જો આ ગુણોત્તર ૧૦ ટકા હોય તો પણ ૫ થી ૧૫ ટકાના લઘુતમ આવકવેરાના દરે આવકવેરાની વર્તમાન આવક કરતાં વધુ મહત્તમ આવક પ્રાપ્ત કરી શકાય છે.

ઉપરોક્ત વિશ્લેષણો ઉપરથી, તેની આમૂલ વિચારધારા તારવી કાઢવામાં આવી છે. તે નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી છે :

(૧) આવકવેરાને પાત્ર આવક એટલે Net Revenue.

(૨) કરવેરા પહેલાનો નફો એટલે ચોખ્ખી બચત (PBT).

(૩) મહત્તમ ચોખ્ખો નફો savings મહત્તમ આવક વેરાના દરે, લઘુતમ વેરાની આવકનું સર્જન કરે છે, કારણ કે પરોક્ષ ખર્ચની નીતિઓ, કરપાત્ર આવક, (Net Revenue)માં ઘટાડાના વલણો દર્શાવે છે.

(૪) મહત્તમ Net Revenue આવકવેરાના લઘુતમ દરે પણ, વેરાની આવકનું મહત્તમ કમાણીમાં સર્જન કરે છે, કારણ કે કંપનીઓ હિસાબનીસ Net Revenueના ગુણોત્તર ૧૦ ટકા કરતાં નીચી સપાટીએ લઈ જવાનો વિચાર પણ કરી શકશે નહીં, કારણ કે ત્યાર બાદ પરોક્ષ ખર્ચની વસૂલાત અને કંપનીની પ્રતિષ્ઠાનો મુદ્દો સંકળાયેલો છે.

(૫) કંપનીનો હિસાબનીસ નફા-નુકસાન ખાતુ કંપની ધારાની જોગવાઈઓ મુજબ બે વિભાગમાં તૈયાર કરશે :

(a) Cost and Revenue Account to Determine Net Revenue.

(b) Profit and Loss Account of determine savings (Net Profit) (PBT)

વિવિધ અભ્યાસો દ્વારા નીચે મુજબ તારણો મળે છે :

આવકવેરા ધારાની જોગવાઈઓ અને આવકવેરાના દરના સંદર્ભમાં સૌ પ્રથમ અને પહેલી વાર આ અભિગમો અને મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. પરિણામે આવકવેરા ધારાની રૂઢિગત, પ્રણાલિગત અને પરંપરાને અનુસરતા આપણા સૌનું તથા નાણામંત્રી અને સંબંધિત અધિકારીઓ, વિભાગોનું નીતિવિષયક બાબતમાં ધ્યાન દોરી શકાય. પ્રબળ ઈચ્છાશક્તિ અને બૌદ્ધિક

કૌશલ્ય માર્ગ શોધી કાઢવા માટે હંમેશાં પ્રેરણા આપતા હોય છે, પરંતુ તે માટે લક્ષ્યાંકો અને અપેક્ષાઓના આધારો હોવા જરૂરી છે, જે નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા છે.

જો કંપનીઓ, પરોક્ષ ખર્ચ, સંચાલનની સક્ષમ નીતિઓનું ઘડતર કરી પરોક્ષ ખર્ચમાં ફક્ત ૨૫ ટકા બચત પ્રાપ્ત કરી શકે તો તેના PBT (બચત) વધારો થતાં, Net Revenue ઉપર ચૂકવેલા વધારાના વેરાની વસૂલાત પણ થઈ શકે અને કરવેરા પછીના ચોખ્ખા નફામાં (બચત)માં ૩.૪૬ ગણો વધારો થઈ શકે છતાં તેના ઉપર કોઈ પણ વેરો ચૂકવવો પડશે નહીં.

નફા-નુકસાન ખાતે જમા કરવામાં આવેલી કોઈ પણ ધંધાકીય આવક, કંપની માટે Windfall બચત સ્વરૂપે મળશે. પરિણામે કંપની દ્વારા છટકબારી શોધવાના પરિબળને ધરમૂળમાંથી ઉખેડી નાખે. જો કંપની કાળાં નાણાંને ધંધાની પરોક્ષ આવક તરીકે જમા કરે તો તે કંપનીના અને અર્થતંત્રના લાભમાં જ રહેશે છતાં સરકારને વેરાની આવકનું નુકસાન થશે નહીં, કારણ કે દોઢથી બે ગણો વેરો Net Revenue ઉપર ચૂકવી દીધો હોય છે. આ પ્રકારની પરોક્ષ ધંધાકીય આવકો, Net Revenue કરતાં વધુ હોઈ શકે જ નહીં. તેથી કરવેરાની ચોરીનો સંતાપ કરવાની જરૂર નથી. હકીકતમાં કાળાં નાણાંનો દુરઉપયોગ બંધ થઈ જશે અને કંપનીના લાભમાં સદ્ઉપયોગ થશે. આ અભિગમ મનોવૈજ્ઞાનિક વિચારધારાને સ્પર્શે છે એટલે કે તેમાં અભિપ્રેરણા છુપાયેલી છે.

કપાતનો લાભ આપવા માટે કુલ આવકનો અભિગમ રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે દરેક મથાળા હેઠળની આવક, તેના શિડ્યુલ્સ દર્શાવવામાં આવે જ છે, તો દરેક મથાળાની આવક ઉપરનો વેરો તે શિડ્યુલમાં જ આકારવાની જોગવાઈ કરવી પડશે. આ માટે વિશિષ્ટ વેરાના દર, બજેટમાં નક્કી કરી શકાય છે. દા.ત., ધંધા-વ્યવસાયની કરપાત્ર આવકની ગણતરીઓ આ અભ્યાસ લેખમાં તેના શિડ્યુલ મુજબ રજૂ કરવામાં આવે છે.

આવકવેરા ધારાની જોગવાઈ 115 JB તથા 115 JAA-MAT રદ કરી દેવામાં આવશે, કારણ કે Net Revenue ઉપરનો વેરો, કંપનીની કુલ આવક ઉપર આકારવામાં આવતા વેરા કરતાં વધુ હશે. એટલે કે આ જોગવાઈની જરૂર રહેશે નહીં.

આવકવેરા ધારાની જોગવાઈઓ પ્રત્યે અને આવકવેરા ખાતાની તથા CBDTની કેન્દ્રિત એક હથ્થું સત્તા સામે પ્રજાના અણગમાને અવગણી શકાય નહીં. આ માટે સરકારે 'Board of Members'ની રચના કરવી જોઈએ, જેના સભ્યો કરવેરા મંત્રાલય, CBDT અને આવકવેરા વિભાગમાંથી નોમિનેટ કરવા જોઈએ. અને બહુમતિ ધરાવી શકે તેટલા સભ્યો ICAI, ICWA, Professionals, અને Judiciary માંથી નોમિનેટ કરાવવા જોઈએ. આ બોર્ડ આવકવેરા ધારાની જોગવાઈઓની, કાર્ય પદ્ધતિઓ અને માળખાઓની તમામ 'પ્રપોઝલ્સ'નો અભ્યાસ કરશે, તેના મૂલ્યાંકનો કરશે. નાણામંત્રીના સંચાલન હેઠળ આવતા હોય તે કોઈ પણ વિભાગ, આ બોર્ડની સંમતિ વિના અને સલાહ વિના કોઈ પણ જોગવાઈ, કાર્યવાહી માળખા કે કાર્યપદ્ધતિને રદ કરી શકશે નહી, સુધારી શકશે નહીં કે મોકૂફ રાખી શકશે નહીં.

કંપની ધારા-૧૯૫૬ની જોગવાઈઓમાં પહેલી એપ્રિલ, ૨૦૧૪થી અમલમાં આવે તે ધોરણે કલમ ૧૩૫ ઉમેરવામાં આવી છે. તે મુજબ કંપનીએ તેના અગાઉના ત્રણ નાણાકીય વર્ષના ચોખ્ખા નફાના સરેરાશ નફાની ૨ ટકા જેટલી રકમ કાયદામાં દર્શાવવામાં આવેલા ક્ષેત્રો માટે, સામાજિક જવાબદારી પાછળ વાપરવી પડશે.

આ જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે નીચે મુજબ સૂચન કરવામાં આવે છે :

Net Revenueના ફક્ત એક ટકા જેટલી રકમ દરેક નાણાકીય વર્ષે CSR Reserve Account ખાતે જમા કરવામાં આવશે અને કરમુક્ત નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવશે.

CSR-R ખાતે, સામાજિક જવાબદારીના ખર્ચ પેટે ઉધારવામાં આવેલી રકમનું સંપૂર્ણ ઑડિટ કંપનીના ઑડિટર દ્વારા કરવામાં આવશે અને રકમ કંપની ધારાની જોગવાઈ ૧૩૫ મુજબ ઉપયોગમાં લેવામાં આવી છે તેના પ્રમાણપત્ર આપશે.

**લેખક કોમર્સ વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરમાં નિવૃત્ત પ્રોફેસર છે.**

# જય જય 'બ્રાન્ડ' ગુજરાત
## (ગુજરાત સ્થાપના દિનને અનુલક્ષીને)

● કૃષ્ણકાંત ઉનડકટ ●

ગુજરાતની ઓળખ કેવી રીતે આપવી ? દેશનાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશો પૈકીનું એક એવું રાજ્ય જેની અનેક ઓળખ છે. ગુજરાતમાં બધું જ છે. જંગલ છે, રણ છે, દરિયો છે, પહાડ છે, ખનિજ સંપત્તિ છે, સિંહ છે, શાંતિ છે, વિકાસ છે અને ગુજરાતી છે. ગુજરાત હવે એક 'બ્રાન્ડ' છે. આ સ્ટેટની બ્રાન્ડ વેલ્યૂ આંકડાથી અંકાય એમ નથી અને મીટરથી મપાય એવી નથી. ગુજરાતનો ઈતિહાસ ભવ્ય છે. ગુજરાતનો વર્તમાન ઉમદા છે અને ગુજરાતનું ભવિષ્ય ઊજળું છે. ગુજરાતનાં શહેરો ચમકે છે. ગામડાઓ ગૌરવ અનુભવે છે.

દેશની ધુરા એક ગુજરાતીના હાથમાં છે. ધનવાનોની ટોપ ટેનની યાદીમાં ગુજરાતીઓની બહુમતી છે. ગુજરાતીઓનાં લોહીમાં સાહસ છે. ગુજરાતીઓનાં નસીબમાં સમૃદ્ધિ છે. ગુજરાતીઓ આખી દુનિયામાં વસેલા છે, એટલે જ આખી દુનિયામાં 'સદાકાળ ગુજરાત' ધબકે છે. આ એવો પ્રદેશ છે જેણે એક નહીં પણ બે-બે રાષ્ટ્રપિતા આપ્યા છે. મહાત્મા ગાંધી આખી દુનિયા માટે શાંતિનો પર્યાય છે. સરદાર વલ્લભભાઈ પટેલે આ દેશને જોડ્યો છે. અરે, આ તો એવી ભૂમિ છે જેને ભગવાન શ્રીકૃષ્ણે પણ દેહોત્સર્ગ માટે પસંદ કરી હતી.

ગુજરાતનાં વખાણ કરીને બીજાં રાજ્યોને ઊતરતાં દેખાડવાનો ઇરાદો નથી. એ વાજબી પણ નથી. દરેકની પોતાની એક ઓળખ છે. ગુજરાતમાં એક અજબ પ્રકારની ખુમારી છે. સોમનાથ મહમદ ગઝનીએ લૂંટ્યું હતું. સુરત પણ લૂંટાયું છે. ધૂળમાંથી બેઠા થવાની ફિતરત ગુજરાતની છે. ભરૂચ વિશે કહેવાયું હતું કે ભાંગ્યું તોયે ભરૂચ છે. ૧૯૭૯માં મોરબીમાં મચ્છુ ડેમ તૂટ્યો પછી તબાહી મચી હતી. આજે મોરબીની ઘડિયાળો ઘરેઘરમાં જોવા મળે છે. ૨૦૦૧ના કચ્છના ભૂકંપે હજારો લોકોનો ભોગ લીધો હતો. આ કચ્છ આજે ફરીથી હતું તેના કરતાં વધુ સારી રીતે નિખરી આવ્યું છે.

ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચન એટલે તો કહે છે કે, "કુછ દિન તો ગુજારીએ ગુજરાત મેં..." ગુજરાત એશિયાટિક લાયનનું ઘર છે. સિંહોની સંખ્યા વધી રહી છે. ગુજરાત ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને સાચવીને બેઠું છે. ગુજરાત પ્રત્યે દુનિયાના આકર્ષણનાં ઘણાં કારણો છે. મૂડીના રોકાણકારો માટે ગુજરાત એ ઈન્કમનું સ્થળ છે. ગુજરાતમાં હવે એક નવતર પ્રકારનું ટુરિઝમ વિકસવાનું છે. એ છે ઈન્ડસ્ટ્રિયલ ટુરિઝમ. આ ટુરિઝમ કહે છે કે, આવો, અમે તમને ગુજરાતના વિકાસનાં દર્શન કરાવીએ. અમદાવાદને અડીને આવેલું સાણંદ ઓટો હબ બની ગયું છે. ગુજરાતમાં પીપાવાવ, કંડલા અને મુંદ્રા પોર્ટ દર વર્ષે નવી નવી મંજિલો સર કરે છે. સુરતનો હીરાઉદ્યોગ આખા જગતને હીરા પૉલિશ કરીને આપે છે. સુરતની એમ્બ્રોઇડરી દરેકને આકર્ષે છે. વડોદરા અને અંકલેશ્વરના કેમિકલ ઉદ્યોગો રાત-દિવસ ધમધમે છે. વડોદરાથી હાલોલ અને ગોધરા સુધીની પટ્ટી પર ઈન્ડસ્ટ્રીઝ ધમધમે છે. જામનગરમાં રિલાયન્સની રિફાઇનરી છે, પોરબંદરમાં સિમેન્ટ ઉદ્યોગ ખીલ્યો છે. મીઠાપુરમાં ટાટાની કેમિકલ ફેક્ટરી છે, તો આણંદની અમૂલ ડેરીનું બટર જગવિખ્યાત બન્યું છે. ગુજરાતનો કોઈ પણ પટ્ટો લઈ લો, વિકાસ તમને ઊડીને આંખે વળગશે.

ગુજરાતીઓનું નામ પડે એટલે દુનિયા ભલે ઢોકળાં, ફાફડા અને ખાખરાની વાત છેડે, પણ ગુજરાતમાં સ્વાદની ઢગલાબંધ વેરાઇટીઝ છે. ગુજરાતની હાફૂસ અને કેસર કેરી લોકોને દાઢે વળગી છે. દક્ષિણ ગુજરાતના ચીકુ અને કચ્છની ખારેક પણ કંઈ ઓછાં ઊતરે એમ નથી. ગુજરાત શાકાહારી છે. દેશના કોઈ પણ રાજ્યની સરખામણીમાં ગુજરાતમાં શાકાહારીની સંખ્યા વધુ છે.

ગુજરાતમાં પ્રોહિબિશન છે. ગુજરાતની શાંતિ માટે આ પણ એક મહત્ત્વનું પરિબળ છે. ગુજરાતની મહિલાઓ સુરક્ષિત છે. દેશનાં બીજાં રાજ્યોના લોકો ગુજરાત આવે અને રાતના સમયે છોકરીઓ અને મહિલાઓને એકલી ફરતી જુવે છે ત્યારે તેમને આશ્ચર્ય થાય છે. તેમના મોઢામાંથી શબ્દો સરી પડે છે કે, આવું ગુજરાતમાં જ શક્ય છે. ગુજરાતીઓ હાઈટેક છે. ગુજરાતીઓ ફેશનેબલ છે. મુંબઈમાં કોઈ નવી ફેશન આવે પછી તેને ગુજરાત પહોંચતા એટલી જ વાર લાગે છે જેટલી એક વિમાનને મુંબઈથી અમદાવાદ પહોંચતા વાર લાગે છે.

બોલિવૂડની નજર પણ હવે ગુજરાત ઉપર ઠરી છે. ગુજરાતમાં કોઈ ને કોઈ સ્થળે બોલિવૂડ મૂવિનું શૂટિંગ ચાલુ હોય છે. હમણાં જ અમદાવાદ એરપોર્ટ પર કંગના અને ઈમરાનની મૂવિ 'કટ્ટી બટ્ટી'નું શૂટિંગ થયું. સલમાન અને સોનમની ફિલ્મ 'પ્રેમ રતન ધન પાયો'નું શૂટિંગ ગોંડલમાં થયું. એ પહેલાં જ અમિતાભ અને દીપિકા 'પીકુ' ફિલ્મના શૂટિંગ માટે ગુજરાત આવી ગયાં. આ લિસ્ટ લાંબું છે. કચ્છ પણ ફિલ્મમેકર્સ માટે આકર્ષણનું કેન્દ્ર છે. કહેવાનો મતલબ એ છે કે એવું એકેય ક્ષેત્ર નથી જે ગુજરાતમાં ધબકતું ન હોય !

તારીખ ૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત બૃહદ મુંબઈથી છૂટું પડ્યું. ગુજરાત ૧ લાખ ૯૬ હજાર અને ૨૦૪ ચોરસ કિલોમીટરમાં પથરાયેલું છે. ગુજરાતના દરેક વિસ્તારની એક આગવી ઓળખ છે. ૧૬૦૦ કિલોમીટરનો વિશાળ દરિયાકાંઠો એક અલગ સંસ્કૃતિને સાચવીને બેઠો છે. સાડા છ કરોડ જેટલા ગુજરાતીઓ સર્વધર્મ અને સમભાવમાં માને છે. પારસીઓ સંજાણ બંદરે ઊતર્યા હતા. રાજાએ દૂધનો કટોરો મોકલ્યો. શાણા પારસીઓએ દૂધમાં ખાંડ મેળવી કટોરો પાછો મોકલ્યો. એ સમયથી પારસીઓ ગુજરાતનો જ એક હિસ્સો બની ગયા. ગુજરાતીઓ બધાને અપનાવે છે. કચ્છનું ગાંધીધામ એ વાતનો પુરાવો છે કે અમે બધાને આવકાર આપીએ છીએ અને પોતાના બનાવી લઈએ છીએ. સુરતમાં બીજા રાજ્યના લોકો મોટી સંખ્યામાં વસ્યા છે.

અમદાવાદ અને સુરત સતત વિકસતાં શહેરો છે. ધ નેશનલ કાઉન્સિલ ઑફ એપ્લાઇડ ઈકોનોમિક રિસર્ચના એક અહેવાલ મુજબ સુરત ઈન્ડિયાના રિચેસ્ટ સિટી પૈકીનું એક છે. અમદાવાદની અરવિંદ મિલ વિશ્વની ત્રીજા નંબરની સૌથી વધુ ડેનિમ ઉત્પાદન કરનારી કંપની છે. વડોદરા કલા અને સંસ્કૃતિનું ધામ છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને એમાં પણ તેની ફાઈન આર્ટ્સ ફેકલ્ટી વિશ્વના અભ્યાસુઓને આકર્ષે છે. રાજકોટ રંગીલું શહેર છે. જૂનાગઢનું નામ પડે એટલે ગિરનાર અને નરસિંહ મહેતા યાદ આવી જાય. ગુજરાતનાં નાનાં-મોટાં શહેરો હોય કે ૧૮ હજાર ગામડાઓ પૈકીનું કોઈ એક ગામડું હોય, દરેક સાથે વિશિષ્ઠ ખૂબીઓ જોડાયેલી છે.

ગુજરાતની નવરાત્રિ અને મકરસંક્રાંતિ તો માત્ર રાજ્ય જ નહીં, દેશના સીમાડાઓ વટીને લોકોનાં દિલોને સ્પર્શી ગઈ છે. દરેક ધર્મના તહેવારો ગુજરાતમાં ભવ્ય રીતે ઉજવાય છે અને દરેક વ્યક્તિ તેમાં જોડાય છે. બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ક્રાઈમરેટ ઓછો છે. વાત કોઈ પણ હોય આંકડામાં પડવું નથી, કારણ કે આંકડા બદલાતા રહે છે. ગુજરાતના વિકાસનો ગ્રાફ જોઈ લો, એ સતત ઊંચો ને ઊંચો જાય છે. ગુજરાત એ એવું રાજ્ય છે જેના માટે માત્ર ગુજરાતીઓને જ નહીં, દરેક દેશવાસીઓને ગૌરવ થાય! એટલે જ કહેવાતું રહે છે દીશે અરુણું પ્રભાત, જય જય ગરવી ગુજરાત.

**લેખક ગુજરાતના વરિષ્ઠ પત્રકાર છે. તેઓ અખબારો અને મેગેઝિનોમાં લેખનનો બહોળો અનુભવ ધરાવે છે.**

**યોજના**
**આગામી આકર્ષણ**

**જૂન : ૨૦૧૫**
**વૈકલ્પિક દવાઓ**
**(Alternative Medicine)**

**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# એન.ડી.એ. સરકારને એક વર્ષ

● દિગંત ક. દવે ●

**આર્થિક વિકાસના મોરચે આશાસ્પદ-વિશ્વાસ પ્રેરક વાતાવરણ**
**પ્રશસ્ય પહેલ અને પ્રચંડ પુરુષાર્થને પરિણામે વધેલી પ્રતિષ્ઠા**
- **આર્થિક વિકાસ દરમાં વધારો**
- **સીધા વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન**
- **વૈશ્વિક સ્તરે આવકાર**
- **જનધન યોજના હેઠળ બેંકોમાં ૧૩.૫ કરોડ નવાં ખાતાં**
- **નાનાં એકમો માટે મુદ્રા બેંક**

ઝડપી આર્થિક વિકાસ, રોજગારીની નવી તકો અને મેક્સિમમ ગવર્નન્સ ઍન્ડ મિનિમમ ગવર્ન્મેટ (મહત્તમ શાસન અને અલ્પતમ સરકારી દખલગીરી)ના ત્રણ આકર્ષક નારા કે વચન સાથે કેન્દ્રમાં ચૂંટાયેલી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની સરકારને સત્તાનાં સૂત્રો સંભાળે જોતજોતામાં એક વર્ષ થશે ! ભારતીય જનતા પાર્ટીના વડપણ હેઠળની એનડીએની સરકાર કે પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર પાસે દેશની પ્રજાની અપેક્ષા ઘણી વધી છે. સરકારની પ્રથમ વર્ષની કામગીરીની પ્રાથમિક છાપ કે પહેલી નજરની સમીક્ષા એટલું તો સ્પષ્ટ દર્શાવે છે કે, આ સરકાર શ્રેણીબંધ નવતર પહેલ, પ્રચંડ પુરુષાર્થ, અનેરા આત્મવિશ્વાસ, મક્કમતા અને ગતિશીલતાને વરેલી છે.

વિકાસનો સ્પષ્ટ અને સુરેખ નકશો, રોડ મેપ ધરાવતી સરકારે છેલ્લા એક વર્ષમાં ભરેલાં વિવિધ પગલાંને પરિણામે આર્થિક વિકાસના મોરચે આશાસ્પદ, વિશ્વાસપ્રેરક વાતાવરણ રચાયું છે. ભારતમાં મૂડીરોકાણ માટે ઘરઆંગણાના ઉદ્યોગપતિઓ તથા વિદેશી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે, ભારત ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે મૂડીરોકાણને આવકારવા વધુ સુસજ્જ બન્યું હોવાની વૈશ્વિક છાપ અને હવા ઊભી થઈ છે, જેમાં નરેન્દ્ર મોદીની સરળ વિદેશ યાત્રાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સીધા વિદેશી મૂડીરોકાણનું પ્રમાણ વધ્યું છે, જંગી ખર્ચના પ્રોજેક્ટો ઝડપથી મંજૂર કરાયા છે, સબસિડીના વિતરણની વ્યવસ્થા બદલવામાં આવી છે. આ બધાનું પ્રતિબિંબ આર્થિક વિકાસ કે કુલ ઘરેલું ઉત્પાદન- જીડીપી વૃદ્ધિના દરમાં નજરે પડે છે.

**વિકાસ દરમાં વૃદ્ધિ**

એનડીએ સરકારના શાસનના પ્રથમ દસ માસ (મે, ૨૦૧૪ થી માર્ચ, ૨૦૧૫) દરમ્યાન આર્થિક વિકાસનો દર ૭.૪ ટકા રહ્યો હતો, જે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધીને ૭.૬ થી ૮.૨ ટકા થવાની ગણતરી છે. ૨૦૧૬-૧૭માં વિકાસ દર ૮.૫ ટકા થવાનો અંદાજ છે. આર્થિક વિકાસના દરની ગણતરી માટે નવી સરકારે નવી પદ્ધતિ અપનાવી છે અને એના સંદર્ભમાં જોતાં આપણો વિકાસ દર હવે ચીનથી વધી ગયો છે. સી.આઈ.આઈ.નું માનવું છે કે, આર્થિક ક્ષેત્રે હાલની ગતિશીલતા ચાલુ રહી તો આપણી ગણતરી કરતાં વહેલા, ભારત બે આંકડાનો વિકાસ દર સિદ્ધ કરશે.

નવી સરકારે મહત્ત્વનાં ક્ષેત્રોમાં સીધા વિદેશી મૂડીરોકાણની ટકાવારીમાં વધારો કરવાનો હિંમતભર્યો નિર્ણય લીધો છે. રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ ટકાવારી વધારીને ૧૦૦ ટકા કરાઈ છે જ્યારે સંરક્ષણ અને વીમા ક્ષેત્રે આ ટકાવારી ૨૬ થી વધારી ૪૯ ટકા કરવામાં આવી છે. 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન દ્વારા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને મહત્ત્વ આપવામાં આવ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે મૂડીરોકાણને પ્રોત્સાહનનાં પગલાંથી મૂડીરોકાણ વધતાં આર્થિક વિકાસના દર તેમજ રોજગારીની તકોમાં વધારો થશે. સરકારે મૂડીરોકાણ માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરવામાં કોઈ કચાશ નથી રાખી, જેનાં પરિણામો આગામી વર્ષોમાં જણાશે. આ બધાં પગલાંને ધ્યાનમાં લઈ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ક્રેડિટ રેટિંગ એજન્સીએ ભારતમાં ધિરાણ માટેની યોગ્યતાનું ધોરણ જે અગાઉ 'સ્થિર' ગણાયું હતું એને ઊંચે લઈ જઈ 'હકારાત્મક' ગણાવ્યું છે.

**વૈશ્વિક પ્રતિષ્ઠા અને વિશ્વાસ**

આર્થિક અને વહીવટી ક્ષેત્રે છેલ્લાં

એક વર્ષમાં ભરાયેલાં મહત્ત્વનાં હિંમતભર્યાં પગલાંને પરિણામે વૈશ્વિક નાણાકીય સંસ્થાઓનો ભારતમાંનો વિશ્વાસ વધ્યો છે અને દેશની પ્રતિષ્ઠા વધી છે.

વિશ્વબેંકે ઔદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણ માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરવાનાં શ્રેણીબંધ પગલાંને આવકારતાં એવી ધારણા બાંધી છે કે, ચાલુ વર્ષનો આર્થિક વિકાસ દર ૭.૫ ટકા અને ૨૦૧૬-૧૭નો ૭.૯ ટકા રહેશે. વિકાસ દર વધતાં ભારતમાં વૈશ્વિક મૂડીરોકાણનો સરેરાશ દર ૨૦૧૫ થી ૨૦૧૭માં વધીને વાર્ષિક ૧૨ ટકા થશે એવી એની ગણતરી છે. વિકાસ દરમાં વૃદ્ધિ અને આર્થિક સુધારાને પરિણામે દેશમાં ગરીબીનું પ્રમાણ ક્રમશઃ ઘટે એમ વિશ્વબેંકે જણાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ-આઈએમએફ દ્વારા ભારપૂર્વક જણાવ્યું છે કે, ભારત આર્થિક વિકાસ દરમાં વૃદ્ધિ સંબંધમાં ચાલુ વર્ષે ચીનથી આગળ નીકળી જશે. ભારતનો વિકાસ દર ૭.૫ ટકા જ્યારે ચીનનો ૬.૮ ટકા અંદાજાયો છે. આઈએમએફ દ્વારા એવો વિશ્વાસ વ્યક્ત થયો છે કે ભારત નવી નેતાગીરી હેઠળ આગામી દિવસોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, કામદાર ક્ષેત્ર અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે જે પગલાં ભરશે એનાથી એવું જણાય છે. એની ઉત્પાદકતા તથા વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધશે. ગણતરીનાં વર્ષમાં-બે કે ત્રણ વર્ષમાં ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકાસતું અર્થતંત્ર બનીને રહેશે. ખનિજ તેલ-ઓઈલના વૈશ્વિક ભાવોમાં ઘટાડો ભારતને માટે ઘણો લાભકારક બન્યો છે અને ભવિષ્યમાં પણ બનશે. વ્યાપાર - ઉદ્યોગ ક્ષેત્રે સરકારના નિયમો - નિયમનોની મંજૂરીઓ વગેરેના વિલંબકારી અવરોધો દૂર કરવા પ્રધાનમંત્રીની સૂચના અનુસાર અમિતાભ કાંતની સમિતિએ ખાસ અહેવાલ તૈયાર કર્યો છે. એના ચુસ્ત અમલ દ્વારા, સરળતાથી વ્યાપાર કરવાના વિશ્વબેંકના વૈશ્વિક ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન જે હાલમાં ૧૪૨મું છે એ ૫૦મું કરવાનું લક્ષ્યાંક નજર સમક્ષ રખાયું છે.

**સર્વસમાવેશક અભિગમ**

સર્વસમાવેશક આર્થિક વિકાસ એટલે કે આર્થિક વિકાસના ફળ સમાજના સૌથી ગરીબ અને નબળા વર્ગના લોકો સહિત સહુને મળે એવા વિશાળ ઉદ્દેશના ભાગરૂપે હાથ ધરાયેલી પ્રધાનમંત્રી જનધન યોજનાને જે સફળતા મળી છે એ વિશ્વમાં અજોડ છે. દેશના પ્રત્યેક કુટુંબનું બેંકમાં ખાતું ખોલવાના લક્ષ્ય સાથે ઓગસ્ટ, ૨૦૧૪માં શરૂ થયેલી આ ક્રાંતિકારી યોજના હેઠળ ફેબ્રુઆરી, ૨૦૧૫ના અંત સુધીમાં ૧૩.૫ કરોડ જેટલાં નવાં ખાતાં ખોલાયાં છે, જેમાં લગભગ ૧૧ કરોડ ખાતા રાષ્ટ્રીયકૃત બેંકોમાં જ્યારે ૨.૫ કરોડ ખાતા પ્રાદેશિક ગ્રામીણ બેંકોમાં ખોલાયાં છે. ૬૦ ટકા ખાતા ગ્રામીણ વિસ્તારોમાં ખોલવામાં આવ્યાં છે, જે આ યોજનાની સફળતા સૂચવે છે. જનધન યોજના હેઠળ ખાતું ખોલાવવા માટે કોઈ ઓછામાં ઓછા બેલેન્સની જોગવાઈ નથી રખાઈ, પણ નવાં ખાતામાં કુલ રૂ. ૧૨૭૦૦ કરોડ જેટલી જંગી રકમ અને એ પણ ગરીબ અને મધ્ય વર્ગના લોકોએ જમા કરાવી છે. આ યોજના હેઠળ તમામ ખાતેદારોને રૂ. એક લાખના અકસ્માતનાં વીમાનો અને રૂ. ૩૦,૦૦૦ના જીવનવીમાનો લાભ અપાયો છે. છ માસ સુધી ખાતું સારી રીતે ચલાવનાર ખાતેદારોને રૂ. ૫,૦૦૦ના ઓવર ડ્રાફટની સગવડ પણ મળશે.

જનધન યોજનાને પરિણામે ગામડાંના લોકો નાની-મોટી રકમની લોન બેંકમાંથી મેળવી શકશે અને વ્યાજખોરો દ્વારા અસહ્ય વ્યાજના રૂપમાં એમનાં શોષણનો અંત આવશે. આ યોજનાને પરિણામે રસોઈના ગૅસ સિલિન્ડર ઉપરની સબસિડી લાભાર્થીના બેંક ખાતાંમાં જમા કરાવવાનું સરળ બન્યું છે. ગણતરીના મહિનામાં લગભગ ૧૯ કરોડ વ્યવહારો દ્વારા લાભાર્થીઓને રૂ. ૭૫૦ કરોડની રકમ ચૂકવાઈ છે. સબસિડીની સીધી વહેંચણીથી સરકારને એના વિતરણ ખર્ચમાં રૂ. ૧૨ થી ૧૪ હજાર કરોડની જંગી બચત થશે.

બૅંકિંગ ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વનું અન્ય પગલું છે, મુદ્રા બેંકની સ્થાપના. માઈક્રો-યુનિટસ ડેવલપમેન્ટ ઍન્ડ રીફિનાન્સ એજન્સી એટલે કે મુદ્રા બેંકની સ્થાપનાનો ઉદ્દેશ નાના દુકાનદારો, વેપારીઓ, ટ્રક ઑપરેટરો, વિવિધ ઉદ્યોગ-ધંધાની દુકાનોના માલિકો વગેરેને મુદ્રા બેંક રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૫ લાખ સુધીની લોન પૂરી પડશે. દેશમાં નાણાંની જરૂરિયાત ધરાવતાં અત્યત નાના-સૂક્ષ્મ એકમોની સંખ્યા લગભગ ૫૮ અબજ જેટલી છે. આ નાના એકમો બેંકની લૉન મેળવી નથી શકતા એટલે શાહુકારોના શોષણનો ભોગ બને છે. હવે એમની યાતના-શોષણનો ક્રમશઃ અંત આવશે. મુદ્રા બેંકની સ્થાપના રૂ. ૨૦,૦૦૦ કરોડના મૂળ ભંડોળ અને રૂ. ૩,૦૦૦ કરોડના ધિરાણ ગેરંટી ફંડ સાથે થઈ છે. લાખો- કરોડો ધંધાદારીઓને સસ્તું ધિરાણ મળતાં

ગ્રામીણ ક્ષેત્રે એમના વ્યાપાર-ધંધામાં ઘણો મોટો વધારો થવાની અને એથી આવક તથા રોજગારીમાં વધારાની અપેક્ષા છે.

**સ્વચ્છ ભારત અભિયાન**

દેશની પ્રજાને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનાવવાના ઉદ્દેશથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા મિશન સ્વચ્છ ભારત યોજના તથા ગંગા શુધ્ધિકરણનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. દેશભરમાં જાહેર તથા ખાનગી સ્થળોએ સ્વચ્છતા સફાઈનું ધોરણ સુધારી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ૨૦૧૯માં એમની ૧૫૦મી જયંતિના અવસરે સ્વચ્છ ભારતનું નિર્માણ કરી સાચી શ્રદ્ધાંજલિ આપવાનો પ્રધાનમંત્રીએ અનુરોધ કર્યો છે. મિશન સ્વચ્છ ભારત યોજના હેઠળ, ૨૦૧૯ સુધીમા સમગ્ર દેશમાં ઘેર ઘેર શૌચાલયની સગવડ ઊભી કરવા તથા તમામ શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ ટોઇલેટની વ્યવસ્થા કરવાનું લક્ષ્ય નજર સમક્ષ રખાયું છે.

એક ગણતરી મુજબ આઝાદીનાં ૬૮ વર્ષ પછી હજી આજે પણ દેશમાં ૫૦ ટકા વસ્તી-લગભગ ૬૦ કરોડ લોકો ખુલ્લી જગામાં કુદરતી હાજતે જાય છે અને રોગચાળો અને ગંદકી વધારે છે. બાંગ્લાદેશ જેવા ગરીબ દેશમાં પણ માત્ર ૭ ટકા વસ્તી શૌચાલયની સગવડથી વંચિત છે, જ્યારે ચીનમાં એનું પ્રમાણ માત્ર ૪ ટકા છે. ૧૧.૩ કરોડ ઘરોમાં શૌચાલય નથી અને સવા લાખ જેટલી શાળાઓમાં છોકરીઓ માટે ટોઇલેટ નથી. પ્રતિ ટોઇલેટના રૂ. ૨૦,૦૦૦ના સરેરાશ ખર્ચની ગણતરીએ આગામી પાંચ વર્ષમાં શૌચાલય ટોઇલેટની સગવડ ઊભી કરવા રૂ. ૨.૫ લાખ કરોડનો જંગી ખર્ચ કરવો પડશે. સરકારે આ માટેનો મક્કમ નિર્ધાર કરી પ્રશસ્ય પહેલ કરી છે અને એમાં જાહેર ક્ષેત્રના સાહસો, ખાનગી કંપનીઓ, બેંકો તથા દેશમાં પ્રવૃત્ત બહુ રાષ્ટ્રીય કંપનીઓએ સહયોગની ખાતરી આપી છે. આ જંગી ખર્ચ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તક ઊભી કરશે તેમજ આવકમાં વધારો કરશે.

દેશમાં દર વર્ષે ૧.૨૦ કરોડ જેટલા યુવક-યુવતીઓ અભ્યાસ પૂરો કરી કે પછી અધૂરા અભ્યાસે નોકરી-કામની શોધમાં જોડાય છે. નબળું-અપૂરતું શિક્ષણ અને કૌશલ્યના અભાવને કારણે એમને રોજગારી મળતી નથી. આ વિશાળ માનવશક્તિને ધંધા-નોકરી-વ્યવસાયને યોગ્ય કૌશલ્યથી સુસજ્જ કરવા કેન્દ્રમાં સૌ પ્રથમવાર કૌશલ્ય વિકાસ મંત્રાલય ઊભું કરાયું છે. છેલ્લા બજેટમાં કૌશલ્ય વિકાસ માટે રૂ. ૫,૦૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**સંસદમાં નોંધપાત્ર કામગીરી**


એનડીએની ગતિશીલ સરકારના શાસનકાળમાં દેશની સંસદમાં એના બન્ને ગૃહો લોકસભા તેમજ રાજ્યસભામાં છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર કામગીરી થઈ છે. આમાં શાસક પક્ષની બહુમતીએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. સંસંદના ચાર અર્થપૂર્ણ સત્રમાં બન્ને ગૃહો દ્વારા કુલ ૩૬ વિધેયકો પસાર કરવામાં આવ્યા છે. લોકસભાએ એના નિર્ધારિત સમયની સામે ૧૨૩.૪૫ ટકા, જ્યારે રાજ્ય સભાએ ૧૦૬.૭૯ ટકા કામગીરી બજાવી છે. આ ગાળામાં ઘણા મહત્ત્વના વિધેયકોને બહાલી આપવામાં આવી છે, જેમાં કામદારોને લગતા કાયદાઓ તથા સીધા વિદેશી મૂડીરોકાણની ટકાવારીમાં વધારો, કોલસાની ખાણો તથા સ્પેક્ટ્રમ હરાજીનો સમાવેશ થાય છે.

સંસદના હાલના ચાલુ એવા બજેટ સત્રમાં જ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ-જીએસટીનો કાયદો ઘડવા માટે બંધારણમાં સુધારાનું વિધેયક રજૂ થવાની સંભાવના છે જો આ બંધારણીય સુધારો પસાર થશે તો કરવેરાના ક્ષેત્રે મોટી ક્રાંતિ સર્જાશે. ૧લી એપ્રિલ, ૨૦૧૬ થી જો જીએસટી અમલી બનશે તો કરવેરાના માળખાંનો આધાર વિશાળ બનશે, નિકાસ માટેની સ્પર્ધાત્મકતા વધશે, કરવેરાની વર્તમાન વ્યવસ્થામાંની ત્રૂટીઓ દૂર થશે અને આંતરરાજ્ય વ્યાપાર વધુ સરળ બનશે. દેશની રાષ્ટ્રીય આવકમાં બે ટકાના નોંધપાત્ર વધારાની પણ અપેક્ષા છે. જીએસટીનું કોકડું વર્ષોથી ગૂંચવાયું હતું અને એના અમલ માટે તમામ રાજ્યો સાથે ખેલદિલી અને આપ-લેની ભાવનાથી ચર્ચા-મંત્રણા કરી તમામ અવરોધો દૂર કરાયા એ પણ એનડીએ સરકારની એક મોટી સિદ્ધિ છે.

**લેખક નિવૃત્ત મીડિયા અધિકારી છે.**


**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# વિદેશી બાબતોના ક્ષેત્રે સફળ સોપાન



- ઇ-માઇગ્રેટનો પાયલોટ પ્રોજેક્ટ. આ હેઠળ ઓનલાઇન સરળ, કાર્યક્રમ, સુવિધાજનક, ઓછી ખર્ચાળ અને વિશ્વસનીય ઇમીગ્રેશન સેવાઓ પૂરી પાડવાનો નિર્ધાર. આ પારદર્શી પ્રોજેક્ટ ટૂંકમાં જ કાર્યરત થશે.
- ઇમીગ્રેશન અધિનિયમ ૧૯૮૩ અંતર્ગત અમલી ૧૧ ફોર્મમાંથી ફોર્મ નં. ૨-એ (રજિસ્ટ્રેશન નવીનીકરણ) અને ફોર્મ ૪-એ (માસિક અહેવાલ)ને કાઢી નંખાયા છે તથા ફોર્મ ૧ અને ફોર્મ ૫નું કદ ઘટાડવામાં આવ્યું છે.
- ૧૩મો પ્રવાસી ભારતીય દિવસ ૭ થી ૯ જાન્યુઆરી-૨૦૧૫ દરમિયાન ગુજરાતમાં યોજાઈ ગયો. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા તેની ૧૦૦મી જયંતિ નિમિત્તે આ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરાઈ હતી.
- ભારતીય વિદેશી બાબતોનાં મંત્રાલયે ત્રણ સામાજિક સુરક્ષા કરાર કાર્યરત કર્યા છે. સ્વીડન અને ફિનલેન્ડ સાથેનો કરાર ૧ ઓગસ્ટ, ૨૦૧૪થી અમલી બન્યો છે. તેમ જ ઝેક રિપબ્લિક સાથેનો કરાર ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪થી અમલી બન્યો છે.
- 'ભારતીય કાર્યક્રમને જાણો' માટેનાં અરજીપત્રકને સરળ બનાવાયું છે અને તેનું કદ ઘટાડવામાં આવ્યું છે.

સ્રોત : માહિતી પ્રસારણ મંત્રાલયની હેન્ડબુક 'એ ન્યુ લીપ ફોરવર્ડ'

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ એપ્રિલ, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ મે, ૨૦૧૫

## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| પુસ્તકનું નામ | કિંમત |
|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ |
| ભારતીય જનતાના ઇતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવત લેખકો | ૮૫-૦૦ |
| દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| દ્દષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| કવિઓ નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| | રૂ. ૭૦૫-૦૦ |
| | કુલ રૂ. ૨૫૯૮-૦૦ |

## યોજના કાર્યાલય

લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅન્ક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail : yojanagujarati@gmail.com

O.I.G.S.

**YOJANA (GUJARATI), May 2015**

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110 003**

Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.**, 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**